Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઈમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

સોમવાર, તા.૨૦ મે, ૨૦૨૪
20/5/2024 * VOL : 44 * N0. 246 સંવત- ૨૦૮૦, વૈશાખ સુદ-૧૨

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad
Editor : Nikunj R. Patel RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) Phone : 079-26402880 Advt. : 079-26402881

આજનો સુવિચાર

હક નો હલવો બધાને ખાવો છે, પણ ફરજની ફાકી કોઈને નથી ફાકવી

## આંદામાન-નિકોબારમાં ચોમાસાની પધરામણી

# કેરળમાં તા. ૩૧ મે એ ચોમાસાનું આગમન

## મધ્ય પ્રદેશમાં ૧૬થી ૨૧ જૂન અને ગુજરાતમાં ૧૯થી ૩૦ જૂન વચ્ચે ચોમાસાની એન્ટ્રી થશે

**(એજન્સી)નવી દિલ્હી,** ભયંકર ગરમીથી ત્રાસેલા લોકો વરસાદની રાહ જોઈ રહ્યા છે ત્યારે ગુજરાત સહિત સમગ્ર દેશમાં ચોમાસુ ક્યારે આવશે તેની તારીખો આવી ગઈ છે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે ૩૧મેએ કેરળમાં ચોમાસાનું આગમન થઈ જશે. હાલમાં નિકોબાર ટાપુઓ પર ચોમાસુ આવી ગયું છે. ગુજરાતમાં ૧૯થી ૩૦ જૂન વચ્ચે ચોમાસાની એન્ટ્રી થશે. આ દરમિયાન મધ્ય પ્રદેશમાં ૧૬થી ૨૧ જૂન દરમિયાન અને રાજસ્થાનમાં ૨૫ જૂને ચોમાસાનો પ્રારંભ થાય તેવી શક્યતા છે.

ભારતીય હવામાન વિભાગે ચોમાસાની ગતિવિધિની માહિતી આપી છે. તે અનુસાર હાલમાં ચોમાસુ અંદામાન-નિકોબાર સુધી પહોંચી ગયું છે. તે ૩૧મી મે સુધીમાં ચોમાસુ કેરળ પહોંચશે. ગયા વર્ષે પણ અંદામાન અને નિકોબાર ટાપુઓમાં ચોમાસું ૧૯ મેના રોજ પહોંચ્યું હતું, પરંતુ કેરળમાં ૯ દિવસ મોડું ૮ જૂને પહોંચ્યું હતું. કેરળમાં સામાન્ય રીતે પહેલી જૂને ચોમાસાનું આગમન થતું હોય છે. પરંતુ આ વખતે તે વહેલું આવી શકે. આ આગાહીમાં ત્રૂટીની શક્યતા પ્લસ માઈનસ ૪ દિવસ છે. એટલે કે હવામાન ખાતાએ જાહેર કરેલી તારીખથી ચાર દિવસ આગળ અથવા પાછળ ચોમાસુ આવી શકે છે. પરિણામે ચોમાસુ ૨૮મી મેથી ૩જી જૂન વચ્ચે ગમે ત્યારે પધરામણી કરી શકે છે.

હવામાન ખાતાનો ડેટા દર્શાવે છે કે કેરળમાં ચોમાસાના એન્ટ્રીની તારીખો છેલ્લાં ૧૫૦ વર્ષોમાં ઘણી વખત અલગ રહી છે. ૧૯૧૮માં ચોમાસું ૧૧ મેના રોજ સૌ પ્રથમ કેરળ પહોંચ્યું હતું, જ્યારે ૧૯૭૨માં કેરળમાં તારીખ બદલાઈ ગઈ અને ૧૮ જૂને ચોમાસુ બેઠું હતું. છેલ્લા ચાર વર્ષનો દેખાવ જોવામાં આવે તો ૨૦૨૦માં ચોમાસુ ૧ જૂને, ૨૦૨૧માં ૩ જૂને, ૨૦૨૨માં ૨૯ મે અને ૨૦૨૩માં ૮ જૂને કેરળ પહોંચ્યું હતું. આ વખતે ભારતમાં ચોમાસામાં લા નીનાની અસર જોવા મળશે અને તેથી સારું વરસાદ રહે તેવી શક્યતા છે. ભારતમાં અલ નીનો અને લા નીના એમ બે પ્રકારની પેટર્ન છે. આગામી ત્રણથી પાંચ અઠવાડિયામાં લા નીનાની અસર પેદા થશે. અલ નીનોમાં ઓછો વરસાદ પડે છે. ૨૦૨૦થી ૨૦૨૨ દરમિયાન લા નીના અસર હતી તેથી ૯૯ ટકાથી લઈને ૧૦૬ ટકા સુધી વરસાદ થયો હતો. ભારતીય હવામાન ખાતાએ ગયા મહિને જણાવ્યું હતું કે આ વર્ષે ભારતમાં સરેરાશ ૯૭ સેમી સુધી વરસાદ પડી શકે છે. તેથી આ વખતે ભારતમાં ખેતીનો પાક બહુ સારો ઉતરે તેવી શક્યતા છે.

ગુજરાત સહિત આખા દેશમાં આ વર્ષે ગરમી રેકોર્ડ બનાવી રહી છે. આવી સ્થિતિમાં ચોમાસાનો પ્રારંભ થાય તો ગરમીમાં રાહત મળી શકે છે. અત્યારે તો ગુજરાતમાં ભયંકર ગરમી છે અને સાત શહેરોમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે.

આ વર્ષે ચોમાસું સામાન્ય તારીખ પહેલાં પણ કેરળમાં આવી શકે છે. જો કે કેરળમાં ચોમાસાના આગમનની સામાન્ય તારીખ ૧ જૂન છે. જાહેર કરેલી તારીખમાં ૪ દિવસ વધુ કે ઓછા રહેવાની શક્યતા છે. એટલે કે ચોમાસું ૨૮મી મેથી ૩જી જૂન વચ્ચે ગમે ત્યારે આવી શકે છે.

આઈએમડીના ડેટા અનુસાર કેરળમાં ચોમાસાના આગમનની તારીખો છેલ્લા ૧૫૦ વર્ષોમાં તદ્દન અલગ રહી છે. ૧૯૧૮ માં, ચોમાસું ૧૧ મેના રોજ પ્રથમ કેરળ પહોંચ્યું હતું, જ્યારે ૧૯૭૨ માં, તે ૧૮ જૂનના રોજ સૌથી મોડા કેરળ પહોંચ્યું હતું. છેલ્લા ચાર વર્ષની વાત કરીએ તો ૨૦૨૦માં ચોમાસું ૧ જૂન, ૨૦૨૧માં ૩ જૂન, ૨૦૨૨માં ૨૯ મે અને ૨૦૨૩માં ૮ જૂને કેરળ પહોંચ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### રાહુલ-અખિલેશની સભામાં હંગામો

**(એજન્સી)પ્રયાગરાજ,** લોકસભાની ચૂંટણીને લઈને રાજકીય દિગ્ગજો દ્વારા પ્રચાર તેજ કરવામાં આવ્યો છે. ત્યારે ઈન્ડિ ગઠબંધનની જાહેર સભા આજે પ્રયાગરાજમાં યોજાઈ હતી. જેમાં ભાગદોડ થતા અનેક લોકો ઘાયલ થયા હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ અખિલેશ આવતા જ કાર્યકર્તાઓ બેકાબૂ બની ગયા હતા. બેરિકેડ તોડીને સ્ટેજ પર ચઢવાનો પ્રયાસ કરવા લાગ્યા. આ દરમિયાન ભાગદોડ થઈ હતી. નાસભાગને કારણે મીડિયાકર્મીઓના કેમેરા અને સ્ટેન્ડ તૂટી ગયા હતા. અરાજકતાને કારણે અરાજકતાનો માહોલ સર્જાયો હતો. ફુલપુરના પંડિલામાં આ જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ કોઈ ભાષણ આપ્યા વિના જ નીકળી ગયા હતા.

### ત્રિપુરામાં નિશ્ચિંતપુર બોર્ડર પોસ્ટ પાસેથી ૩૬ લાખનું સોનું ઝડપાયું

**(એજન્સી) ત્રિપુરા :** દિવસ જાય તેમ સોનું મોંઘુ થઈ રહ્યું છે. સોનાના ભાવ આસમાને પહોંચ્યા છે. આપણે અવારનવાર જોઈએ છીએ કે ક્યાંક બેગમાં તો ક્યાંક કપડામાં છૂપાઈને સોનું લાવતા એરપોર્ટ પર ઝડપાય છે. તેવામાં બીએસએફ દ્વારા ત્રિપુરાના નિશ્ચિંતપુર વિસ્તારમાં સોનાની દાણચોરી કરનાર એક શખ્સની ધરપકડ કરી છે. રવિવારે બીએસએફ અધિકારીએ જણાવ્યું હતું કે ઈનપુટના આધારે, બીએસએફ જવાનોએ શનિવારે નિશ્ચિંતપુર બોર્ડર પોસ્ટ વિસ્તારમાં ઘણી જગ્યાએ જાળ બિછાવી હતી અને સરહદની નજીક બે શંકાસ્પદ લોકોની હિલચાલ જોવા મળી હતી. જે બાદ એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અન્ય એક વિસ્તારમાં સ્થિત ગાઢ જંગલ તરફ ભાગીને ભાગી ગયો હતો. બીએસએફના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું, દાણચોરો બાંગ્લાદેશથી ભારત તરફ આગળ વધી રહ્યા હતા. આ લોકો વાડમાંથી સરહદ પાર કરીને નજીકના જંગલ વિસ્તારમાં પ્રવેશ્યા હતા.

### હવે CISF સંસદની સંભાળશે સુરક્ષા, ૩૩૧૭ જવાનો પર સંપૂર્ણ જવાબદારી

**(એજન્સી)નવી દિલ્હી,** CISF હવે ભારતીય લોકશાહીના મંદિર, સંસદનું રક્ષણ કરશે. જો સત્તાવાર સૂત્રોનું માનીએ તો, ૧૪૦૦ CRPF જવાનોની પરત ફર્યા બાદ, ૩૩૦૦ કરતાં વધુ CISF જવાનો સોમવારથી સંસદ સંકુલમાં સંપૂર્ણ આતંકવાદ વિરોધી અને તોડફોડ વિરોધી સુરક્ષા ફરજો સંભાળશે. નોંધનીય છે કે CRPFના પાર્લામેન્ટ ડ્યુટી ગ્રુપએ શુક્રવારે સંકુલમાંથી તેના કમાન્ડો, વહીવટી અને ઓપરેશનલ સાધનો, જેમ કે હથિયારો અને આદેશો હટાવી દીધા છે. ભારત સરકારે જૂની અને નવી સંસદની ઈમારતો અને સંલગ્ન માળખાઓની સુરક્ષા માટે કુલ ૩,૩૧૭ CISF જવાનોને તૈનાત કર્યા છે. ૧૩ ડિસેમ્બરના રોજ સુરક્ષામાં ખામી બાદ સરકારે CRPFને ચાર્જ લેવાનો નિર્દેશ આપ્યો હતો.

## કેજરીવાલના નિવાસ સ્થાનમાં દિલ્હી પોલીસની તપાસ

### સ્વાતિ માલીવાલ કેસમાં ૫ દિવસના રિમાન્ડ પર બિભવ કુમાર

**(એજન્સી)નવી દિલ્હી,** AAPના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ પર હુમલાના મામલાની તપાસ માટે દિલ્હી પોલીસ સીએમ હાઉસ પહોંચી છે. પોલીસ મારપીટ સમયના CCTV ફુટેજ અને હ્રફઈ કલેક્ટ કર્યા છે. હુમલાના આરોપી અને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અંગત સહાયક બિભવ કુમારને ૫ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે. શનિવારે સાંજે ૪.૩૦ વાગ્યે સીએમ હાઉસમાંથી જ બિભવની ધરપકડ કરવામાં આવી હતી. મોડી રાત્રે તેને તીસ હજારી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

દિલ્હી પોલીસે બિભવની ૭ દિવસની કસ્ટડી માગી હતી. દિલ્હી પોલીસ વતી એડવોકેટ અતુલ શ્રીવાસ્તવે બિભવની કસ્ટડી અંગે દલીલ કરી હતી. બિભવને ૨૩ મેના રોજ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. બિભવની ધરપકડ બાદ માલીવાલે શનિવારે રાત્રે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. તેણે લખ્યું કે બિભવે તેને લાફો, લાત અને મુક્કા માર્યા હતા.

ક્રાઈમ સીન રિ-ક્રિએશન માટે દિલ્હી પોલીસ બિભવને આજે સીએમ હાઉસ લઈ જઈ શકે છે. ૧૭ મેના રોજ પોલીસ સ્વાતિ માલીવાલને સીન રિ-ક્રિએશન માટે લઈ ગઈ હતી. માલીવાલે આરોપ લગાવ્યો છે કે બિભવે ૧૩ મેના રોજ સીએમ હાઉસમાં તેની સાથે મારપીટ કરી અને દુર્વ્યવહાર કર્યો. તેનાં કપડાં પણ ફાટી ગયાં હતાં. સ્વાતિએ ૧૬મી મેના રોજ સાંજે ૬.૧૫ વાગ્યે FIR નોંધાવી હતી.

પોલીસે બિભવ પર કોર્ટમાં ૪ આરોપો લગાવ્યા હતા. પોલીસે રિમાન્ડની માંગણીમાં કહ્યું હતું કે, ફરિયાદી રાજ્યસભાના સાંસદ છે. તેમને ખરાબ રીતે મારવામાં આવ્યા હતા. સંવેદનશીલ અંગો પર હુમલો કરવામાં આવ્યો હતો. અમે ફૂટેજ માટે હ્રફઈ માંગ્યું, અમને પેન ડ્રાઈવ આપવામાં આવી, જે ખાલી હતી.

પોલીસને એક આઈફોન આપવામાં આવ્યો હતો. બિભવ તેનો પાસવર્ડ શેર કરી રહ્યો નથી. આ ફોન ફોર્મેટ કરવામાં આવ્યો છે. સાક્ષીઓ પર આરોપીનો પ્રભાવ છે. તેમને બરતરફ કરવામાં આવ્યા, પછી તેઓ મુખ્યમંત્રી આવાસ કેવી રીતે પહોંચ્યા. અમારે તપાસ કરવાની છે કે તે અસામાજિક તત્ત્વો સાથે જોડાયેલો છે કે નહીં.

બિભવ કુમારના વકીલ રાજીવ મોહને કહ્યું. ઘટના ૧૩ મેના રોજ બની હતી, તો પછી સ્વાતિએ FIR દાખલ કરવા માટે ૩ દિવસ સુધી કેમ રાહ જોઈ. સ્વાતિએ કોઈ પૂર્વ એપોઈન્ટમેન્ટ લીધી ન હતી કે સીએમ હાઉસ જવાની પરવાનગી લીધી ન હતી. રાજીવ મોહને કહ્યું કે મુખ્યમંત્રી જાહેર વ્યક્તિ છે, પરંતુ દરેક સમયે નહીં. દિલ્હી પોલીસ તથ્યો સાથે છેડછાડ કરી રહી છે. સ્વાતિએ પીસીઆર કોલ પર ફરિયાદ કરી. જો તેને માર મારવામાં આવ્યો હતો તો ૧૩મી મેના રોજ એફઆઈઆર કેમ દાખલ કરવામાં ન આવી? તેમને શું રોકી રહ્યું હતું?



સ્વાતિ માલીવાલ કેસમાં દિલ્હી પોલીસે તપાસનો ધમધમાટ તેજ બનાવ્યો છે પોલીસે રવિવારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાને પહોંચી તપાસ કરી હતી.

## J&Kમાં ફરી ત્રાસવાદી હુમલો ભૂતપૂર્વ સરપંચની હત્યા કરાઈ

**(એજન્સી)જમ્મુ,** જમ્મુ કાશ્મીરમાં સ્થિતિ સામાન્ય થઈ ગઈ તેવો દાવો કરવામાં આવે છે, પરંતુ કેટલીક જગ્યાએ હજુ પણ ત્રાસવાદી હુમલાની ઘટના બની રહી છે. આવા એકથી વધુ હુમલામાં ભાજપ સાથે સંકળાયેલા એક ભૂતપૂર્વ સરપંચની હત્યા કરવામાં આવી છે અને એક ટુરિસ્ટ દંપતી ઈજાગ્રસ્ત થયું છે. શોપિયાનમાં અજાઝ શેખ નામના ભૂતપૂર્વ સરપંચને ત્રાસવાદીઓએ ઠાર માર્યા છે. જ્યારે અનંતનાગમાં રાજસ્થાનથી આવેલા એક ટુરિસ્ટ કપલ પર ફાયરિંગ થયું છે. આ ઘટનામાં દંપતીને ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે. ૨૦મે એ જમ્મુ અને કાશ્મીરમાં બારામુલ્લા લોકસભા બેઠક માટે વોટિંગ થવાનું છે ત્યારે આ ત્રાસવાદી ઘટનાઓ બની છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે ટ્વિટર પર લખ્યું છે કે ટુરિસ્ટ પર કોઈના દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતું જેમાં એક મહિલાને ઈજા થઈ હતી. ફરહા નામની મહિલા જયપુરની વતની છે અને તેની સાથે તેનો પતિ તબરેસ પણ હતો. તેમના પર અનંતનાગમાં આ હુમલો થયો છે. તેમને સારવાર માટે એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ આખો એરિયા કોર્ડન કરી લેવામાં આવ્યો છે અને વધુ વિગતો મેળવવામાં આવી રહી છે.

પહેલો હુમલો થયા પછી અડધા કલાકમાં જ બીજો હુમલો થયો હતો જેમાં ભૂતપૂર્વ સરપંચ ઐજાઝ શેખની હત્યા કરવામાં આવી છે. ઐજાઝ શેખ ભાજપ સાથે જોડાયેલા હતા અને શોપિયાનના હિરપોરામાં તેમના પર ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો. ભાજપે પોતાના નિવેદનમાં જણાવ્યું કે ઐજાઝ શેખ તેમની પાર્ટીના બહુ બહાદુર આગેવાન હતા અને ભાજપ તેના પરિવારની પડખે ઉભો રહેશે.

જમ્મુ અને કાશ્મીરમાં અનંતનાગ રાજૌરી બેઠક માટે પ્રચાર ચાલી રહ્યું છે ત્યારે આ બે હુમલા થયા છે. કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ મહેબુબા મુફ્તી, ફારુખ અબ્દુલ્લા અને ઓમર અબ્દુલ્લાએ આ હુમલાની ટીકા કરી છે. મહેબુબા મુફ્તી અનંતનાગથી ચૂંટણી લડી રહ્યા છે જ્યારે નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લા બારામુલ્લાથી ચૂંટણી લડી રહ્યા છે.

મહેબુબા મુફ્તીએ ટ્વિટર પર કહ્યું કે આ હુમલો જે સમયે થયો તે ચિંતા પેદા કરે છે. તેનું ટાઈમિંગ બહુ ચિંતાજનક છે ખાસ કરીને જ્યારે ભારત સરકાર દ્વારા અહીં બધું સામાન્ય હોવાનો દાવો કરવામાં આવે છે ત્યારે આ ચિંતા પેદા કરે છે. આ કેન્દ્રશાસિત પ્રદેશમાં પાંચ લોકસભા બેઠકો છે.

### ભાજપના પ્રદેશ પ્રવક્તા કુણાલ શાડાંગીનું રાજીનામું

**(એજન્સી)નવી દિલ્હી,** લોકસભા ૨૦૨૪ની ચૂંટણી માટે સોમવારે (૨૦મેએ) પાંચમા તબક્કાનું મતદાન થવાનું છે. ત્યારે ઝારખંડમાં બીજા તબક્કા માટે મતદાન થાય તે પહેલા જ આજે ભારતીય જનતા પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. ભાજપના પ્રદેશ પ્રવક્તા કુણાલ શાડાંગીએ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે.

ભાજપના પ્રદેશ પ્રવક્તાએ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ બાબુલાલ મરાંડીને પોતાનું રાજીનામું સોંપી દીધુ છે. ભાજપમાંથી રાજીનામું આપ્યા બાદ કુણાલ શાડાંગીએ નેતાઓ પર તેમની અવગણના કરવાનો આરોપ લગાવ્યો છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચાર માટે ઝારખંડ પહોંચ્યા હતા. પીએમ મોદીએ જમશેદપુર સંસદીય ક્ષેત્રના ઘાટશિલામાં મૌભંદર મેદાનમાં જાહેર સભા કરી હતી.

## ૪ રાજ્યોમાં હીટવેવનું રેડ એલર્ટ

**(એજન્સી)નવી દિલ્હી,** દેશના ઘણા રાજ્યો હાલમાં તીવ્ર ગરમીની ઝપેટમાં છે ભારતીય હવામાન વિભાગએ દિલ્હી, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં હીટવેવનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. ઉત્તર પ્રદેશ અને બિહારમાં આજે હીટવેવનું ઓરેન્જ એલર્ટ છે. આ ઉપરાંત આજે ઉત્તરાખંડ, ગુજરાત, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં ગરમીનું મોજું આવવાની શક્યતા છે.

IMD અનુસાર, આ રાજ્યોમાં ૫ દિવસ સુધી તીવ્ર ગરમી રહેશે. તે જ સમયે, હીટવેવની અસર દિલ્હી, હરિયાણા, પંજાબ, રાજસ્થાનમાં ૨૩ મે સુધી રહેશે. IMD એ કહ્યું કે આગામી બે-ત્રણ દિવસમાં ઉત્તર પ્રદેશ, બિહાર અને રાજસ્થાનમાં દિવસ અને રાત ગરમી રહેશે. રાત્રે ગરમ તાપમાન સ્વાસ્થ્ય માટે જોખમી માનવામાં આવે છે, કારણ કે શરીરને ઠંડુ થવાનો મોકો મળતો નથી. શનિવારે દિલ્હી અને રાજસ્થાનમાં તાપમાન ૪૬ ડિગ્રીએ પહોંચી ગયું હતું. દિલ્હીના મુંગેશપુરમાં મહત્તમ તાપમાન ૪૬.૮ ડિગ્રી સેલ્સિયસ, નજફગઢમાં ૪૬.૭, પીતમપુરામાં ૪૬.૧ અને પુસામાં ૪૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

રાજસ્થાનમાં જેસલમેરમાં ૪૬.૨, બાડમેરમાં ૪૬.૯, ગંગાનગરમાં ૪૬.૩ અને પિલાનીમાં ૪૬.૩ તાપમાન નોંધાયું હતું.



આગામી દિવસોમાં અહીં તાપમાનમાં ઘટાડો થવાની કોઈ શક્યતા નથી. બીજી તરફ દક્ષિણ ભારતના રાજ્યોમાં આકરી ગરમી યથાવત છે. હવામાન વિભાગે કર્ણાટક, કેરળ અને તમિલનાડુમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. શનિવારે જ તમિલનાડુના ઘણા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ જોવા મળી હતી.

હવામાન વિભાગે બાળકો, વૃદ્ધો અને હઠીલા રોગોથી પીડિત લોકોના સ્વાસ્થ્ય અંગે ચિંતા વ્યક્ત કરી છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે જે લોકો લાંબા સમય સુધી સૂર્યપ્રકાશમાં રહે છે અથવા કામ કરે છે તેઓ બીમાર થવાની સંભાવના છે. હીટવેવ દરમિયાન સતત તડકામાં કામ કરવું સંવેદનશીલ લોકો માટે જોખમી બની શકે છે. લોકો ગરમીથી બચવા પહાડો તરફ પ્રયાણ કરી રહ્યા છે. જો કે ત્યાં પણ તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. શનિવારે જમ્મુમાં મહત્તમ તાપમાન ૪૧.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ત્રણ ડિગ્રી વધારે છે. હવામાન વિભાગે આગામી બે દિવસમાં જમ્મુ-કાશ્મીરમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે.

હિમાચલ પ્રદેશમાં પણ લોકો આકરી ગરમીનો સામનો કરી રહ્યા છે. રવિવારે (૧૯ મે) રાજ્યના સાત જિલ્લામાં હીટવેવની ચેતવણી જારી કરવામાં આવી છે. શનિવારે (૧૮ મે), રાજ્યના મુખ્ય પ્રવાસન સ્થળો પર મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૨થી ૬.૪ ડિગ્રી સેલ્સિયસ વધુ હતું. ધર્મશાલામાં ૩૬.૧ ડિગ્રી સેલ્સિયસ અને શિમલામાં ૩૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

## આજે પાંચમા તબક્કામાં ૪૯ બેઠકો પર મતદાન

### પાંચમા તબક્કામાં રાજનાથ સિંહ, રાહુલ ગાંધી, સ્મૃતિ ઈરાની, પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સહિત ઘણા હાઈ-પ્રોફાઈલ ચહેરાનો સમાવેશ

**(એજન્સી)નવી દિલ્હી,** લોકસભા ૨૦૨૪ની ચૂંટણી અત્યાર સુધીમાં ચાર તબક્કાનું મતદાન થઈ ચૂક્યું છે. અને પાંચમા તબક્કાનું મતદાન સોમવાર (૨૦મી મે)એ થવાનું છે. ત્યારે ચૂંટણી પ્રચારના પડઘમ શનિવારે શાંત થઈ ગયા છે. પાંચમા તબક્કામાં જે ઉમેદવારોનું ભાવિ દાવ પર છે તેમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહ, પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી, કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની, પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સહિત ઘણા હાઈ-પ્રોફાઈલ ચહેરાઓનો સમાવેશ થાય છે. લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં સાત તબક્કામાંથી ચાર તબક્કાનું મતદાન થઈ ગયું છે અને હવે ત્રણ તબક્કાનું મતદાન બાકી છે. ત્યારે હવે પાંચમા તબક્કાનું મતદાન આવતીકાલે એટલે કે સોમવારે (૨૦મેએ) થવાનું છે. જેમાં આઠ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૪૯ બેઠકો માટે મતદાન થશે. આ રાજ્યોમાંથી ૬૯૫ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

ઉત્તર પ્રદેશની લખનઉ લોકસભા બેઠક આ ચૂંટણીમાં લોકપ્રિય બેઠક બની રહી છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહ અહીંથી ચૂંટણી લડી રહ્યા છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના રાજનાથ સિંહે આ બેઠક જીતી હતી. ૨૦૧૯માં આ બેઠક પર ૫૪.૭૮ ટકા મતદાન નોંધાયું હતું. સમાજવાદી પાર્ટી એ રવિદાસ મેહરોત્રાને જ્યારે બહુજન સમાજ પાર્ટી એ સરવર મલિકને પોતાનો ઉમેદવાર બનાવ્યા છે.

ઉત્તર પ્રદેશમાં રાયબરેલી લોકસભા બેઠક સૌથી ચર્ચિત બેઠકોમાંથી એક છે. રાજ્યની આ એકમાત્ર બેઠક છે જ્યાં ૨૦૧૯માં કોંગ્રેસ જીતી હતી. ત્યારે સોનિયા ગાંધી અહીંથી જીતીને લોકસભામાં પહોંચ્યા હતા. સોનિયા હવે રાજ્યસભામાં ચૂંટાઈ આવ્યા છે. લાંબી રાહ જોયા બાદ કોંગ્રેસે રાયબરેલીથી રાહુલ ગાંધીને મેદાનમાં ઉતાર્યા છે. ભાજપે અહીં દિનેશ પ્રતાપ સિંહને પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે. સ્ઞ દિનેશ પ્રતાપ હાલમાં યોગી સરકારમાં મંત્રી છે. ૨૦૧૯માં કોંગ્રેસના સોનિયા ગાંધીએ રાયબરેલી બેઠક પર ભાજપના દિનેશ પ્રતાપને હરાવ્યા હતા. ગત ચૂંટણીમાં અહીં ૫૪.૦૮ ટકા મતદાન થયું હતું.


કેન્દ્રીય મંત્રી અને અમેઠીના હાલના સાંસદ સ્મૃતિ ઈરાની ફરી એકવાર અહીંથી ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે. નોમિનેશનના છેલ્લા દિવસે કોંગ્રેસે ગાંધી પરિવારના નજીકના કેએલ શર્માને આ બેઠક પર ઉમેદવાર જાહેર કર્યા હતા. બસપાએ અહીં નન્હે સિંહ ચૌહાણને પોતાનો ઉમેદવાર ઉતાર્યો છે. ૨૦૧૯માં ભાજપના ઉમેદવાર સ્મૃતિ ઈરાનીએ તત્કાલિન કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને હરાવ્યા હતા. છેલ્લી ચૂંટણીમાં અહીં ૫૪.૦૮ ટકા લોકોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

બિહારની હાજીપુર લોકસભા બેઠક આ ચૂંટણીની લોકપ્રિય બેઠકોમાંથી એક છે. અહીંથી એલજેપી (આર)ના ચિરાગ પાસવાન NDA તરફથી ચૂંટણી લડી રહ્યા છે. આરજેડીએ હાજીપુર બેઠક પર શિવચંદ્ર રામને ટિકિટ આપી છે. શિવચંદ્ર બિહાર સરકારમાં ધારાસભ્ય અને મંત્રી રહી ચૂક્યા છે.

H.K.TRAVELS




અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ
અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ
9979881489
9429893289



કોમ્બો ઓફર્સ માં એક જ નામ
MAHESHWARI
Sherwani | Indo-Western | Blazers & Suits | Kurta Sets | Formals

DULHA PACKAGE
ફક્ત 1?,999/-
હેવી શેરવાની વર્ક સેટ (સાફો + દુપટ્ટો + મોજડી + માળા)
+
ટકસીડો સુટ (કોટ + પેન્ટ + શર્ટ + ટાઈ + કફલીંન્સ + હેન્કી)
+
ઈન્ડો વેસ્ટર્ન સેટ

SIDER PACKAGE
ફક્ત ?,999/-
સુટ (કોટ + પેન્ટ + શર્ટ)
+
કોટી - કૂર્તા સેટ
+
પેન્ટ - શર્ટ

3 Pant + 3 Shirt
Raymond DIGJAM Arvind
₹ 6,199/- ONLY
Fabric+ Stitch

બુકીંગ પર લકી ડ્રો માં એક્સ્ટ્રા ડિસ્કાઉન્ટ લેવાનુ ચૂકશો નહીં.

પેકેજ પ્રાઈઝ ફક્ત રવિવાર સુધી જ રહેશે.

PALDI
5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge.
079 - 2660 7614

NARANPURA
2/29, Sunernagar Society, Beside Manish Hall,Nr. Kameshwar Mahadev,
+91 9173-0-8282-7

BOPAL
110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction.
+91 8686-8-8282-7



વેસ્ટર્ન ટાઈમ્સ
પરિમલ
સાપ્તાહિક પૂર્તિ
3
સોમવાર
તા.૨૦ મે, ૨૦૨૪ 20/5/2024

# ૨૧મી સદીના વાહનો માટે એક ઈંધણ તરીકે હાઈડ્રોજન બેસ્ટ ઓપ્શન

**સમકાલીન**

આપણા પ્લાનેટ બચાવા ભારત સહિત વિશ્વના દેશોમાં લાખો કરોડો વાહનોને ઈ-વાહન બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. જેથી પરંપરાગત ઊર્જા સ્ત્રોતનો વારંવાર ઉપયોગ કરવો ન પડે જેમાં હવે એક એક નવા ઈંધણથી પર્યાવરણ શુદ્ધ બની રહેશે.

આજે સમગ્ર વિશ્વહ કલાયમેન્ટ ચેન્જ અને ઊર્જાની અછત એ બે મુખ્ય સમસ્યાથી ઝઝૂમી રહ્યું છે. પરંપરાગત ઈંધણ (અશ્મિભૂત ઈંધણ જેમ કે પેટ્રોલ-ડીઝલ)ના વપરાશથી કાર્બલ ડાયોકસાઈડનું પુષ્કળ ઉત્સર્જન થાય છે. જેનાથી ગ્રીનહાઉસ ઈફેકટનું સર્જન થાય છે જે ગરમીમાં વધારાનું મુખ્ય કારણ છે. પૃથ્વીના વાતાવરણમાં છેલ્લા બે મિલિયન વર્ષોમાં એટલે કે ૨૦ લાખ વર્ષમાં ગ્રીન હાઉસ ગેસીસની માત્રા સૌથી વધુ છે.

કલાયમેટ ચેન્જ પર ૨૦૨૨માં જાહેર કરાયેલ રિપોર્ટ અનુસાર લાંબાગાળે ગ્લોબલ વોર્મિંગને રોકવા માટે કાર્બલ ડાયોકસાઈડ (સીઓટુ) ઉત્સર્જન વાતાવરણમાં ઓછામાં ઓછું થાય તે જરૂરી છે. સીઓટુના ઉપયોગના વિકલ્પમાં ગ્રીન એનર્જીના એક સ્ત્રોત તરીકે હાઈડ્રોજન પર સૌ કોઈની નજર છે. જો કે, કોમર્શિયલ લેવલે હાઈડ્રોજનના ઉપયોગની માગને પહોંચી વળવું તે માનવ સમક્ષ હજુ એક મોટો પડકાર છે.

પરંપરાગત રીતે પેટ્રોલિયમ રિફાઈનિંગ અને ખાતર ઉત્પાદનોના ઘટક તરીકે હાઈડ્રોજનનો ઉપયોગ થાય છે. જેનો ગ્રે હાઈડ્રોજન તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારનો હાઈડ્રોજન આબોહવા માટે અનુકૂળ નથી કારણ કે તે કુદરતી ગેસને શુદ્ધ કરીને અશ્મિભૂત ઈંધણમાંથી મેળવવામાં આવે છે. ઉદ્યોગો દ્વારા હાલમાં વૈશ્વિક સ્તરે વાર્ષિક ધોરણે ઉપયોગમાં લેવાતા ૭૦ મિલિયન ટન હાઈડ્રોજનમાંથી મોટાભાગના અશ્મિભૂત ઈંધણમાંથી મેળવવામાં આવે છે જે તેની વિશાળ કાર્બન ફૂટપ્રિન્ટ છે.

તેથી આખરે નવીનીકરણીય સ્ત્રોતોમાંથી ઉત્પાદિન ગ્રીન હાઈડ્રોજન પર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે. સંશોધન દર્શાવે છે કે પાણી-વિભાજન વિદ્યુત વિચ્છેદન-વિશ્લેષણ એ ગ્રીન હાઈડ્રોજન ઉત્પન્ન કરવાની એક કાર્યક્ષમ પદ્ધતિ છે. યુનાઈટેડ સ્ટેટ્સ, જર્મની, દક્ષિણ કોરિયા, ચીન, જાપાન અને ભારત જેવા દેશો હવે સૌરઊર્જા અને પવન જેવા ઓછા કાર્બન ઉત્સર્જિત ઊર્જા સ્ત્રોતોમાંથી ઉત્પાદિત ગ્રીન હાઈડ્રોજના મેળવતા સ્ટાર્ટ-અપ્સ સ્થાપવાની તૈયારી કરી રહ્યા છે.

ભારત સરકારે જાન્યુઆરી ૨૦૨૩માં નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશનને રૂ.૧૯,૭૪૪ કરોડની બજેટ ફાળવણી સાથે મંજૂરી આપી હતી. આ મિશનનો હેતુ ભારતને વૈશ્વિક સ્તરે ગ્રીન હાઈડ્રોજનનો મુખ્ય ઉત્પાદક અને સપ્લાયર બનાવવાનો છે. આ મિશન ૨૦૩૦ સુધીમાં લગભગ ૧૨૫ ગીગાવોટની સંલગ્ન રિન્યુએબલ એનર્જી ક્ષમતા સાથે વાર્ષિક ઓછામાં ઓછા ૫ એમએમટી (મિલિયન મેટ્રીક ટન) ગ્રીન હાઈડ્રોજન ક્ષમતા હાંસલ કરશે.

હાઈડ્રોજન ઉત્પાદન પ્રક્રિયા સ્વયં ઘણી સરળ છે. પાણી (એચટુઓ)માંથી હાઈડ્રોજન (એચટુ) અને ઓક્સિજન (ઓટુ) પરમાણુઓને વિભાજિત કરીને હાઈડ્રોજન મેળવી શકાય છે. હાઈડ્રોજનને




યોગ્ય રીતે બનાવેલ પાઈપમાં સ્ટોર કરી શકાય છે. ડીકાર્બોનાઈઝીંગ અર્થતંત્રમાં ઊર્જા વાહક તરીકે હાઈડ્રોજનને મહત્ત્વનો ગણાવતા પીટર ફેરલીએ ૧૪ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ નેચર જર્નલમાં પ્રકાશિત થયેલા એક લેખમાં હાઈડ્રોજન-બર્નિંગ પ્લાન્ટ્ના મોટા હાઈડ્રોલોજિકલ ઈશ્યુ વિશે સવાલ કર્યા હતા.

આ જ લેખ જણાવે છે કે હાઈડ્રોજનના ઉત્પાદન માટે એચટુઓના વિદ્યુત વિચ્છેદન-વિશ્લેષણ માટે ૯ લીટર પાણીની જરૂર પડે છે અને કિલોગ્રામ દીઠ શુદ્ધિકરણ હેતુ માટે વધારાના ૧૫ લીટર પાણીનો વપરાશ કરવામાં આવશે. આ લેખ એ હકીકત તરફ નિર્દેશ કરે છે કે જો ફોટો-વોલ્ટેઈક સેલ્સ અને વિન્ડ ટર્બાઈન સહિત સૌર પેનલ્સના ઉત્પાદનના તબક્કામાં ઉપયોગમાં લેવાતા પાણીની ગણતરી કરીએ તો ગ્રીન હાઈડ્રોજનમાં વધુ પાણી વપરાય છે. જો કે, એક ઉપાય એ શોધી કાઢવામાં આવ્યો કે દરિયાઈ પાણી હાઈડ્રોજનનો અમર્યાદિત સ્ત્રોત પ્રદાન કરે છે. હાઈડ્રોજનને ઉત્પાદિત કરતાં ડિસેલિનેશન પ્લાન્ટ ગંભીર પર્યાવરણીય અસરોની શક્યતા વધારે છે. ડિસેલિનેશન પ્લાન્ટ દરિયાના પાણીમાંથી તાજા પાણીને અલગ તારવી હાનિકારક તત્ત્વોને ફરીથી દરિયામાં ઠાલવે છે. જે દરિયાઈ પાણીની કેમેસ્ટ્રીમાં ફેરફાર કરે છે.

આ ફેરફારને પરિણામે માછલી સહિત દરિયાઈ જીવોનો નાશ થાય છે. આ હાનિકારક તત્ત્વો જળચર જીવોના કોર્ષોને નિર્જલીકૃત કરે છે અને તેમને મારી નાંખે છે. હાલમાં ડિસેલિનેશન ક્ષમતાનો લગભગ ૫૦% વિસ્તાર પર્સિયન ગલ્ફની આસપાસ કેન્દ્રીત છે. એવી આગાહી કરવામાં આવી છે કે કલાયમેટ ચેન્જ સાથે ડિસેલિનેશન ૨૦૫૦ સુધીમાં સમગ્ર અખાતમાં દરિયાકાંઠાના પાણીનું તાપમાન ઓછામાં ઓછું ૩ ડિગ્રી વધારી દેશે. મરીન પોલ્યુશન બુલેટિનના ડિસેમ્બર ૨૦૨૧ના અંકમાં પ્રકાશિત થયેલા પેપરમાં આગાહી કરવામાં આવી છે. આબોહવા પરિવર્તનના સંકેતોમાં ભારે વરસાદ અને ભયાનક પૂરના સ્વરૂપમાં પહેલેથી જ દેખાઈ રહ્યા છે.

સીએનએન દ્વારા તેમની વેબસાઈટ પર પ્રકાશિત થયેલા બ્લોગમાં સિંગાપોરના પશ્ચિમ કિનારે હવા અને દરિયાઈ પાણીમાંથી કાર્બન ડાયોકસાઈડને ગ્રીન હાઈડ્રોજન ઉત્પન્ન કરવા માટે પ્લાન્ટ બનાવવા માટે યુએસ સ્થિત સ્ટાર્ટઅપની યોજનાઓ દર્શાવવામાં આવી છે જેમાં એકસાથે એસિડિક આલ્કલાઈન પ્રવાહી અને ૨ વાયુઓ હાઈડ્રોજન અને ઓક્સિજનમાં અલગ કરીને ઈલેકટ્રીક ક્ષેત્ર દ્વારા ચલાવવાની આશા રાખે છે.

દરિયાઈ પાણીના પીએમને સામાન્ય બનાવવા માટે એસિડિક પાણીને નિસ્યંદિત કરી ખડકો સાથે ભેળવવામાં આવે છે. તેને દરિયામાં પાછું ભેળવી દેવામાં આવે છે. આલ્કલાઈન પ્રવાહીમાંથી હવા પસાર થતાં કાર્બન ડાયોકસાઈડનો ઘન કેલ્શિયમ કાર્બોનેટ જેવી સામગ્રી બનાવવા માટે પ્રેરિત

**કલાયમેટ ચેન્જ પર ૨૦૨૨માં જાહેર કરાયેલ રિપોર્ટ અનુસાર, લાંબાગાળે ગ્લોબલ વોર્મિંગને રોકવા માટે કાર્બન ડાયોક્સાઈડ (સીઓટુ) ઉત્સર્જન વાતાવરણમાં ઓછામાં ઓછું થાય તે જરૂરી છે**

કરે છે જેમાંથી સી શેલ્સ રચાય છે. આ હજારો વર્ષો સુધી દરિયાઈ પાણીમાંથી વધારાના કાર્બનને બંધ કરવામાં મદદ કરે છે. પ્રોજેકટ લીડર્સ આને માત્ર ગ્રીન હાઈડ્રોજન જ નહીં પરંતુ મહાસાગરને ઓછો એસિડિક બનાવવાની આશાસ્પદ રીત તરીકે જુએ છે. જો કે વિવેચકો માને છે કે પ્રક્રિયા સમુદ્ર રસાયણશાસ્ત્રના નાજુક સંતુલનને ખલેલ પહોંચાડી શકે છે કારણ કે તે વધુ આલ્કલાઈન બની જાય છે.

કેટલાક સંશોધકોની આગાહી છે કે હાઈડ્રોજન અને ઓક્સિજનનો વિભાજિત કરવા માટે રિસાયકલ કરેલા ગંદા પાણીમાં વધુ પ્રયત્નો કરવાથી ગ્રીન એનર્જીના ઉત્પાદન માટે હજુ દિલ્હી બહુ દૂર છે. તેઓ કહે છે કે નવી વિદ્યુત વિચ્છેદન વિશ્લેષણ ટેકનિક અને એન્જિનિયરીંગ ગ્રીન હાઈડ્રોજન અને ઓક્સિજન ઉત્પન્ન કરવા માટે ગંદા પાણીના બિનપરંપરાગત ઉપયોગની કિંમતને ઘટાડવામાં સક્ષમ હોવા જોઈએ.

**ભારત સરકારે જાન્યુઆરી ૨૦૨૩માં નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશનને રૂા.૧૯,૭૪૪ કરોડની બજેટ ફાળવણી સાથે મંજૂરી આપી હતી. આ મિશનનો હેતુ ભારતને વૈશ્વિક સ્તરે ગ્રીન હાઈડ્રોજનનો મુખ્ય ઉત્પાદક અને સપ્લાયર બનાવવાનો છે. આ મિશન ૨૦૩૦ સુધીમાં લગભગ ૧૨૫ ગીગાવોટની સંલગ્ન રિન્યુએબલ એનર્જી ક્ષમતા સાથે વાર્ષિક ઓછામાં ઓછા ૫ એમએમટી (મિલિયન મેટ્રીક ટન) ગ્રીન હાઈડ્રોજન ક્ષમતા હાંસલ કરશે**

# ઊનાળામાં બાળકોને અનેક રોગોનાં શિકાર બનાવતાં આઈસ્ક્રીમ તથા ઠંડા પીણાંથી દૂર રાખજો

ટીવી પર દેખાડવામાં આવતી ઠંડા પીણાં તેમજ આઈસ્ક્રીમની લલચામણી જાહેરાતોએ બાળવર્ગ તેમજ યુવા વર્ગનો ખાસ્સો પ્રેમ સંપાદન કરી લીધો છે અને ગરમીની મોસમ શરૂ થતાં જ આ જાહેર ખબરોનો મારો વધી જાય છે. આ ઋતુમાં બાળકો તો ઠીક પરંતુ મોટી ઉંમરની વ્યક્તિઓ શીત પેય તેમજ આઈસ્ક્રીમનો સ્વાદ માણવાનો મોહ જતો કરી શકતા નથી. અને મોહમાં લપેટાઈને તેઓ જાણતા જ કેટલીક બીમારીઓને આમંત્રણ આપી બેસે છે. મોંઘામાં મોંઘા આઈસ્ક્રીમથી માંડીને રસ્તા પર વેચાતી સસ્તી મટકા કુલ્ફી, બરફનો રંગીન ગોળો કે પછી કેન્ડી સુધીના ઉત્પાદનો બજારમાં ઉપલબ્ધ છે. આજે ભારતમાં આઈસ્ક્રીમનો વ્યાપાર વર્ષે ૨૫૦ કરોડ રૂપિયાથી પણ વધી ગયો છે. આ વધતી જતી પ્રતિસ્પર્ધા સામે ટકી રહેવા માટે અમુક વસ્તુની ખરીદી પર આઈસ્ક્રીમ કે કુલફીની કૂપન ભેટ તરીકે આપવાનો પણ શિરસ્તો શરૂ કરવામાં આવ્યો છે અને આજે યુવા મગજ પર આઈસક્રીમ તેમ જ ઠંડા પાણીની ઘેલછા એટલી હદ સુધી છવાઈ ગઈ છે કે ઠંડીની મોસમમાં પણ આ ઉત્પાદનો પરનો મારો ઓછો થતો નથી. બેંગ્લોર જેવા શહેરમાં જયાં જૂન મહિનામાં પણ પારો ૨૫ ડિગ્રી ઉપર જતો નથી ત્યાં પણ દર વર્ષે રૂ.૧૫ કરોડનું આઈસ્કિમ વેચાય છે. હોટેલમાં જમવા ગયા એટલે જમ્યા પછી આઈસ્ક્રીમ તો ખાવો જ જોઈએ એ માન્યતા સામાન્ય થઈ ગઈ છે. ઠંડા પીણાની રાષ્ટ્રીય ગળાકાપ સ્પર્ધામાં ટકી રહેવા માટે બોટલનું કદ મોટું કરી દામ ઓછા કરી લોકોનું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કર્યો છે. આ ઉપરાંત મોટા મોટા કલાકારો તેમ જ



રમતવીરોને તગડી રકમ આપી પોતાની જાહેર ખબરોમાં ચમકાવી તેમજ ક્રિકેટ જેવી લોકપ્રિય રમત સ્પોન્સર કરી લોકોને આકર્ષવાનો પ્રયત્ન કરવામાં આવે છે અને લાખોનો ખર્ચો કરી કરોડોનો વેપલો કરી લે છે. ઠંડા પીણા તેમ જ આઈસ્ક્રીમ પ્રત્યે આંધળીદોટ મુકનાર વ્યક્તિ ભાગ્યે જ આમા રહેલા જોખમોથી જ્ઞાત હશે. આ ઠંડા પીણામાં સાઈટ્રીક તેમ જ ફોસ્ફોરિક એસિડ દાંતમાં સડો અને પેટમાં અમ્લતા (એસીડીટી) ઉત્પન્ન કરે છે. ઓરેન્જની સરખામણીમાં કોલા વધુ પીવામાં આવે તો તે શરીરમાં ફોસ્ફોરિક કેલ્શિયમનું સંતુલન ખોરવી નાખે છે અને લોહતત્વને શરીરમાં આત્મસાત કરતા રોકે છે. એટલું જ નહી પરંતુ કોલાની એક બાટલીમાં એક કપ કોફીથી પણ વધુ કેફીન રહેલું છે અને એમાં ભેળવેલા કેટલાક કૃત્રિમ રંગો સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે તેમજ તેમાં પોષકતત્વોનો સદંતર અભાવ હોય છે. મીઠા પીણાં પીવાને કારણે બાળકો પેટ ભરેલું હોવાનો અનુભવ થાય છે. એટલે તેઓ ભોજન પણ કરતા નથી. આથી જરૂરી એવા પોષક તત્ત્વ તેને મળતા નથી.

આ ઠંડા પીણામાં ઘાતક બી.વી.ઓ. (બ્રોમીનીટેડ વેજીટેબલ ઓઈલ) પણ મળી આવે છે જે શરીર માટે ખૂબ જ નુકસાનકારક છે. ઠંડા પીણામાં રહેલા બીવીઓને કારણે થોડા સમય પૂર્વે જાગેલા વિવાદને લીધે હવે કેટલીક કંપનીઓ ઠંડા પીણાની બાટલીઓ પર બીવીઓ ભેળવ્યું નથી એવું લખે છે પરંતુ હકીકત વેગળી જ છે. એમ જાણવા મળ્યું છે કે એક જાણીતી બ્રાન્ડના ઠંડા પીણામાં કોલા સાથે રમ પણ ભેળવવામાં આવે છે. આમ ધીરે ધીરે બાળકને શરાબનો પણ શોખીન બનાવી દેવામાં આવે છે અને ઉગતી પેઢીને મીઠું ઝેર પીવડાવી પાયમાલ કરવામાં આવે છે.

આ પીણાં તેમ જ આઈસ્ક્રમી બનાવવામાં રંગીન સેક્રીન વાપરવામાં આવે છે જે કીડની તેમ જ યકૃતને નુકસાન પહોંચાડી શકે છે. જોવાની વાત તો એ છે કે આ પદાર્થોની અસર ખૂબ જ ધીમી ગતિએ થાય છે અને ભવિષ્યમાં કેટલીક નવી સમસ્યાઓ ઉભી થાય છે. દા.ત. સેકરીનનો વધુ પડતો ઉપયોગ વિકલાંગ કીર શકે છે. આ બધા કારણોને ધ્યાનમાં રાખીને આપણા માસુમ બાળકને આ દૂષણોથી દુર રાખવા જોઈએ અને ઠંડા પીણાં તેમ જ આઈસ્ક્રીમ સીમિત માત્રામાં જ આપવા જોઈએ. અને બહારના આઈસ્ક્રીમ કરતા ઘરે સુકા મેવા, ફળ વગેરે નાખીને આઈસ્ક્રીમ બનાવી આપશું તો તે નુકસાન પણ નહીં કરે અને સસ્તુ પણ પડશે.

# પાકિસ્તાનના ભેદભાવભર્યા વલણથી પીઓકેની પ્રજામાં આક્રોશ ભભૂકી ઉઠયો

પીઓકેમાં આક્રોશ સાથે માનવ મહેરામણ સુનામી બનીને સરકાર પર તૂટી પડયો છે. મોંઘવારી સામેનો પ્રજાનો અવાજ વધારે બુલંદ બન્યો છે. લોકો તેમના ઘર બહાર છોડીને રસ્તા પર આવી ગયા છે એ તેના કારણો માહોલમાં તંગદિલી છવાઈ ગઈ છે. છે. પીઓકે ઘણા સમયથી પાકિસ્તાન સરકાર સામે લડી રહ્યું છે. એ રીતે પાકિસ્તાનના અન્ય ભાગોમાં પ્રજાએ પોતાની નારાજગી પ્રગટાવી છે. સામાન્ય રીતે તેમનો સૂર ભારત તરફી હોવાનું પ્રતિત થયું છે. આજે પણ પાકિસ્તાન સ્થિત હિન્દુ લોકો પાકિસ્તાનના વ્યવહારથી ત્રસ્ત છે અને તેમના વ્યવહાર સામે હિન્દુઓનો રોષ ભભૂકી ઉઠયો છે. પાકિસ્તાનમાં લઘુમતી હિન્દુઓના તહેવાર સામે પાકિસ્તાનનું વલણ સહયોગપૂર્ણ નથી. કેટલાક પરિબળો ભારતના તહેવારોની હાંસી પણ ઉડાવતા રહે છે, એવું હવામાન પણ જોવા મળે છે કે ત્યાં હિન્દુઓ સુરક્ષિત નથી અને તેમના ધાર્મિક સ્થળોને કેટલાક તત્ત્વો નિશાન બનાવી છે. પાકિસ્તાનની દરેક સરકારો ભારત સાથે શત્રુતા રાખે છે. તમે જોયું હશે કે ભારતની પ્રગતિથી પાક.નું વલણ પહેલેથી વિવાદાસ્પદ રહ્યું છે. પાકિસ્તાન ત્રાસવાદીઓના પોષણ તથા તાલીમ માટે મોટાપાયે વર્કશોપ ચલાવે છે. પાકિસ્તાન ત્રાસવાદીઓને ભારત વિરૂદ્ધ ઉશ્કેરે છે તેમને હથિયારો પૂરા પાડીને ભારતમાં ભંગાણ પાડવા, તોડફોડ કરવા અને ખૂનરેજીથી ત્રાસ ગુજારવા પ્રેરિત કરે છે. વર્ષોથી આ લોહિયાળ પ્રવૃત્તિ ચાલતી આવી છે. બ્લુચિસ્તાન હોય કે પાકિસ્તાન પંજાબ ત્યાંના હિન્દુઓ સમયે પોતાનો અવાજ ઉઠાવતા રહ્યા છે. પણ પીઓકેની માંગ એવી લાગી છે કે ત્યાંની સરકાર પણ નખશિખ દાઝી રહી છે. આ આગથી આખો



દેશ સળગે નહીં તેની ચિંતા પણ ત્યાંના આકાઓને સતાવે છે. પાકિસ્તાન પોતાનો ભેદભાવ પૂર્ણ વર્તાવ દાખવે છે. પીઓકેની પંરજા આ વલણથી ત્રાસી ગઈ છે. અજે અહીં પીઓકેની શું સ્થિતિ છે તેની વાત કરીએ.

દરેક ક્રિયાની તેની વિપરીત દિશામાં સમાન પ્રતિક્રિયા થાય છે. ન્યુટનના ગતિના આ ત્રીજા સિદ્ધાંતની જીવતી જાગતી તસવીર આ દિવસોમાં પાકિસ્તાનના કબજાવાળા કાશ્મીર (પીઓકે)માં નજરે પડે છે. વીજળી અને લોટની વધતી કિંમતોને લઈને પીઓકેના લોકો પાકિસ્તાનની સાથે પોતાની સંઘીય સરકારની વિરૂદ્ધ રસ્તા પર ઉતરી આવ્યા છે. પાકિસ્તાનના સુરક્ષા બધ પ્રદર્શનકારીઓના મુઝફરબાદ માર્ચને દબાવવાની જેટલી કોશિશ કરી રહ્યા છે, વિરોધ પ્રદર્શન એટલું જ ઉગ્ર બની રહ્યું છે. ની આવામી એકશન કમિટીના માર્ચ અને ધરણાંના આહવાન પછી બેકાબૂ બનતી પરિસ્થિતિ ૧૭૫૫ની અવગણના આંદોલનની યાદ તાજી કરાવે છે. જયારે પીઓકેના લોકો અને પાકિસ્તાની ફોજમાં સીધો ટકરાવ થયો હતો. એ ફરી પીઓકેના લોકોના ઉકળતા ગુસ્સા સાથે પાકિસ્તાની હુકુમતના માથે ચડી ગયા છે. વાસ્તવમાં ઓકટોબર ૧૯૪૭માં પાકિસ્તાનના કબજા પછીથી પીઓકે લગાતાર ઉપેક્ષા ઝીલી રહ્યું છે. એની સમસ્યાઓ અને વિકાસ પર ધ્યાન આપવાના બદલે પાકિસ્તાનનું જોર ત્યાં આતંકીઓના ટ્રેનિંગ કેમ્પ ખોલવા પર વધુ રહ્યું છે. પીઓકેના પ્રાકૃતિક સંશાધનોનું પાકિસ્તાન ખુલ્લેઆમ દોહન કરે છે. જો કે, ત્યાંના લોકો ઈંધણ, વીજળી અને જરૂરી પાયાની સુવિધાઓની અછત સામે ઝૂઝત રહ્યા. પીઓકેના લોકોએ જો ૨૦૨૩માં વીજળીની ઉંચા દરોની વિરૂદ્ધ આંદોલન શરૂ કર્યું હતું. જે એક વર્ષ પછી હવે ઉગ્રરૂપ લઈ રહ્યું છે. આ આંદોલન આરંભથી ઘણા સમય પૂર્વે પીઓકેના લોકો ભારત પ્રત્યે લાગણી ધરાવતા હતા અને હજુ આજેય એ લાગણી બેકરાર છે. ગત વર્ષે પીઓકે અને ગિલગિટના લોકોએ પાકિસ્તાનની ભેદભાવવાળી નીતિઓની વિરૂદ્ધ પ્રદર્શન દરમિયાન પોતાના પ્રદર્શને ભારતના લદ્દાખની સાથે મિલાવવાની માંગ ઉઠાઈ હતી. ત્યારે પ્રદર્શનના સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોમાં ત્યાંના લોકો આરપાર જોડી દો, કારગીલને ખોસીદો જેવા સૂત્રો લગાવતા નજરે પડયા હતા. પીઓકેના લોકો ચીન-પાકિસ્તાન આર્થિક જોડાણ (સીપીઆઈ) તો પણ વિરોધ કરે છે. એમનું માનવું એવું છે કે, ચીન-પાકિસ્તાન જોડાણની આડમાં જમીનનો ઉપયોગ ભારત વિરોધી ગતિવિધિઓ માટે કરાશે અને ભારતના જવાબી હુમલા એમનો ઝીલવા પડશે. પીઓકેમાં વિરોધ પ્રદર્શન દરમિયાન જે પ્રકારે ભારતીય તિરંગો લહેરાવાય છે અને ભારતમાં વિલયના સ્વર ઉઠી રહ્યા છે એનાથી ભવિષ્યમાં આ વિવાદિત ક્ષેત્ર પર નિર્ણાયક પટકથા લખવાના અણસાર મળી રહ્યા છે.

# વહેલાં દર્શન કરવાની લ્હાયમાં કેદારનાથ ચક્કાજામ

## શ્રદ્ધાળુઓ બધું ભગવાન ભરોસે કરતા હોય છે અને પછી અટવાય ત્યારે વહીવટીતંત્રને દોષ દેતા ફરે છે

બદ્રીનાથ મંદિરના દ્વાર ખુલતાની સાથે જ દર્શન કરનારાઓની ભીડ એટલી વધી ગઈ છે કે હજારો લોકો માર્ગ પર અટવાઈ ગયા છે. વહેલી સવારના દર્શન કરવા કે મંગળાના દર્શન કરવાનું મહાત્મ્ય શ્રદ્ધાળુઓમાં મનમાં ઘર કરી ગઈ હોય છે. જેના કારણે સૌ કોઈ ભગવાની સન્મુખ ઊભા રહેવાની લ્હાયમાં જાણે અજાણે ધક્કામૂક્કી કરવા લાગે છે અથવા તો તેનો ભોગ બને છે.

આગામી દિવસોમાં ચાર ધામમાં શ્રદ્ધાળુઓની ભીડ જોવા મળશે. દસમી મેએ ખુલેલું બદ્રીનાથનું મંદિર નવીમી નવેમ્બર સુધી ધમધમતું રહેવાનું હોવા છતાં પહેલાં દિવસે જ શ્રદ્ધાળુઓએ બધુ ચક્કાજામ કરી નાંખ્યું છે. કોઈ અગમ્ય કારણોસર દર્શન કરવાની ઉતાવળ સૌ કોઈનો હોય છે. ધક્કામૂક્કીને કારણે અંધાધૂંધીમાં લોકોના મોત પણ થયા છે.

કેટલાક મંદિરોમાં મંગળા આરતીનું વિશેષક મહત્ત્વ હોય છે. ડાકોરમાં રણછોડરાયજીનું મંદિર, શ્રીનાથજીમાં શ્રીજીબાવા કે દ્વારાકામાં દ્વારકાધીશના દર્શન માટે શ્રદ્ધાળુઓ આંખો મીચીને દોડ લગાવતા હોય છે. વહેલી સવારના દર્શન કરવા કે મંગળાના દર્શન કરવાની એક વણલિખિત પરંપરા છે તે અનુસાર સવારે મંગળાની આરતીમાં ભગવાન સ્વયં અદશ્ય સ્વરૂપે હાજર રહે છે. 'મંગળા મુખી સદા સુખી' જેવી લોકોક્તિએ પણ લોકોને મંગળા માટે દોડતા કર્યા છે.

ડાકોર સ્થિત ભગવાન રણછોડરાયના મંદિરમાં અન્ય દર્શનો કરતાં મંગળા દર્શનમાં વધારે ભીડ ઉમટે છે. પૂનમના દિવસો દરમિયાન મંદિરની ક્ષમતા કરતાં દસ ગણા ભકતો બહાર લાઈનમાં ઊભા હોય છે. હવે દરેક મંદિરના વહીવટીકારો ભીડનું નિયંત્રણ કરતાં શીખી ગયા છે. એટલે ભકતો તબક્કાવાર અંદર જઈ શકે છે અને મંદિરની બહાર ગોઠવેલી ટીવી સ્કીન પર પણ દર્શન કરી શકે છે.

બદ્રીનાથના દ્વાર ખુલે ત્યારે તરત દર્શન કરવા શ્રદ્ધાળુઓનો બહુ મોટો વર્ગ રાહ જોઈને બેઠો હોય છે. તેઓ ટાઢ-તડકો જોયા વગર બદ્રીનાથના દર્શને પહોંચી જાય છે. પોતાની કોઈ મહત્ત્વની સમસ્યાનું નિવારણ કરવાની આશાએ લોકો સતત ત્રણ વર્ષ બદ્રીનાથ જવાની બાધા પણ રાખતા હોય છે.

અમરનાથ યાત્રાધામે પણ વત્તેઓ છે અંશે આ જ સ્થિતિ હોય છે. આ યાત્રા કોઈ રીતે આસાન નથી હોતી. અવારનવાર અમરનાથના યાત્રાળુઓ પર ત્રાસવાદીઓના હુમલાથી ધમકી મળે છે તેમ છતાંય પ્રવાસીઓની સંખ્યા સતત વધતી રહે છે. સત્તાવાળાઓએ વહીવટનો પોહંચી વળવા યાત્રિકોને સંખ્યા મર્યાદિત કરી છે. આ વખતે અમરનાથ યાત્રા ૨૯ જૂને શરૂ થવાની છે અને તેના રજિસ્ટ્રેશન માટે અત્યારથી જ પડાપડી થવા લાગી છે. ડાકોર કે દ્વારકા જતા પદયાત્રીઓને માર્ગમાં ખૂબ અજાણી મદદ અને આવકાર મળે છે. લોકો તેને ભગવાનની મદદ જ ગણે છે. ૧૦૦-૨૦૦ કિલોમીટરની પદયાત્રા દરમિયાન તેઓ મોટાભાગનો સમય ભગવાનના સ્મરણમાં વિતાવતા હોય છે તેથી જ મંદિર પહોંચે છે ત્યારે તેમનો દર્શન કરવાનો ઉમળકો જોવા જેવો હોય છે. મંદિરમાં મંગળા કરીને તેઓ ધન્યતા અનુભવે છે. શ્રદ્ધાળુઓ તો ત્યાં સુધી કહેતા હોય છે કે ભગવાન પોતાના દરેક ભકતની પ્રતિક્ષા કરતા હોય છે ! હજારો લોકો મંદિરોમાં દર્શન કરવાનો સમય પૂનમના દિવસો પછીનો રાખે છે કે જેથી ભીડનો સામનો કરવો ન પડે. અનેક મંદિરો એવા છે કે જ્યાં ભીડને કારણે સિનિયર સિટીઝનો જવાનું ટાળે છે. બાકી શ્રદ્ધાળુઓને અટકાવી શકાતા નથી. લોકો ધાર્મિક યાત્રાનું અગોતરું પ્લાનિંગ કરતાં હોય છે. જો આયોજન વ્યવસ્થિત હોય તો ભગવાનની સન્મુખ ઊભા રહેવાનું પ્રમાણમાં સરળ બની રહે છે.

કોઈ મંદિરનું માર્કેટિંગ થતું નથી છતાં દર્શનાભિલાષી શ્રદ્ધાળુઓની સંખ્યા સતત વધી રહી છે. કોરોનાકાળ પછી સંભવતઃલોકોની ભગવાન પ્રત્યેની શ્રદ્ધા વધુ દ્રઢ બની છે. ચારધામની યાત્રાનું હિન્દુ સમાજમાં વિશેષ મહત્ત્વ છે. બદ્રીનાથ જેવા પર્વતીય વિસ્તારોમાં દર્શન કરવા જતાં પહેલાં ત્યાંનું હવામાન અને માર્ગોની સ્થિતિ આગોતરી જાણી લેવી જોઈએ. જો કે, મોટાભાગના શ્રદ્ધાળુઓ બધું ભગવાન ભરોસે કરતા હોય છે અને પછી અટવાય છે ત્યારે વહીવટી તંત્રને દોષ દેતા ફરે છે.






# કૃષિ જીવન

## કપાસનાં બિયારણની અછત સર્જાવાની સંભાવના

વૈશ્વિક વાતાવરણમાં બદલાવ થતાં કપાસ, તુવેર, ચણા જેવા પાકોના ઉત્પાદન ઉપર ખુબ જ માઠી અસર થઈ છે જયારે મગફળી અને જીરું જેવા પાકો ઉપર વાતાવરણના બદલાવથી સારું ઉત્પાદન મળ્યું છે. પાકને નુકસાન કરતી જીવાણોના જીવનક્રમમાં પણ આની અસર જોવા મળે છે. ચાલુ વર્ષે ખરીફ સીઝન નજીક આવી રહી છે ત્યારે સૌરાષ્ટ્રના મુખ્ય રોકડિયા પાક કપાસ બિયારણમાં તીવ્ર અછત વર્તાઈ રહી છે. કપાસ ઉત્પાદન અને ભાવની નકારાત્મકતા હોવા છતાં અમુક વિસ્તારોમાં કપાસની ખેતી કરવા ખેડૂતો મજબુર છે તેથી બિયારણની જરૂરિયાત તો રહેવાની જ છે.



ખાસ કરીને ગુજરાતના ખેડૂતો માટે કપાસ આર્થિક રીતે ખૂબ જ લાભદાયી રહ્યો છે પરંતુ કપાસની ખેતીમાં વાતાવરણના બદલાવ ઉપરાંત ગુલાબી ઈયળના રક્ષણ માટે નવી ટેકનોલોજીની ઉપલબ્ધતા ન હોય ખેડૂતો કપાસની ખેતી કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. આ ઉપરાંત બોલગાર્ડ-૨ બિયારણના ભાવ સરકાર દ્વારા ખૂબ જ ઓછા નિયત થતાં હોય આ ક્ષેત્રેબીજ ઉત્પાદન કરતી ખાનગી કંપનીઓ ઓછા વળતરના કારણે નવા સંશોધનો પાછળ ખર્ચ કરી શકતી નથી જેથી બદલતા વાતાવરણની સામે ટકી શકે તેવી નવી કોઈપણ જાતોનાં સંશોધનો થતાં નથી. બીજ ઉત્પાદકોને અન્ય પાકની ખેતીના પ્રમાણમાંહા. કપાસનું બિયારણ ઉત્પાદન કરવાથી આર્થિક વળતર ઓછું મળે છે જેથી બીજ ઉત્પાદક ખેડૂતો હાલ કપાસના બીજ ઉત્પાદનથી અળગા થતાં જાય છે.

ચાલુ વર્ષે હાલ કપાસ બિયારણની તીવ્ર તંગી વર્તાવાની છે, કારણ કે કપાસ બિયારણનું ઉત્પાદન માત્ર ૨૫ ટકા જેટલું જ છે. જેમાં પણ બધા બિયારણો ખેડૂતોને પસંદ હોતા નથી તેથી ખેડૂતોના પસંદગીના બોલગાર્ડ બીટી જાતોમાં ઉપલબ્ધતા ઓછી હોય ખેડૂતોને નકલી બિયારણોથી ચેતતા રહેવું જરૂરી છે.

ગત ખરીફ સીઝનમાં કપાસ બીજ ઉત્પાદન ઓછું થવાના મુખ્યકારણોમાં હા. કપાસ બીજ ઉત્પાદન કરનાર ખેડૂતોને આર્થિક વળતર કરતા નુકસાની વધુ થઈ છે જેનું મુખ્ય કારણ ભારત સરકાર દ્વારા બીટી કપાસના પેકેટની છૂટક વેચાણ કિંમત ખૂબ જ ઓછી હોવાના કારણે બીજ ઉત્પાદક કંપનીઓ બીજ ઉત્પાદન કરનાર ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપી શકતી નથી તેથી સારા અને મોટા બીજ ઉત્પાદકોએ કપાસનું બીજ ઉત્પાદન બંધ કરી અન્ય પાકોની ખેતી તરફ વળ્યા છે. આ કારણે ગત વર્ષમાં બીજ ઉત્પાદન કાર્યક્રમ ફકત ૪૦ થી ૫૦ ટકા ખેડુતોએ જ કરેલો ને તેમાં પણ પૂરતા ભાવ ન મળવાની દહેશતથી બીજ ઉત્પાદન કામગીરી અધવચ્ચે છોડી દીધી સાથોસાથ વાતાવરણના બદલાવથી પાછોતરો વરસાદ થતાં જે કંઈ બિયારણ તૈયાર થવાનું હતું તે પણ ખરી પડતાં ઉત્પાદન ઓછું થયું હોય તો આ વર્ષમાં બિયારણની ઘટ વર્તાવાની પૂરી શકયતા છે.

સંક્ષિપ્તમાં કહી શકાય કે, ખેડૂતમિત્રોએ આવતી ખરીફ સીઝનમાં હા. કપાસ બોલગાર્ડ બિયારણની ખરીદીમાં પૂરતી કાળજી લઈને બિયારણ વહેલાસર ખરીદી લેવું અને વિશ્વસનીય ઠેકાણેથી પાકા બિલ સાથે બિયારણ ખરીદવું કારણ કે બિયારણનું ઉત્પાદન ખૂબ જ ઓછું થયું છે અને ઓછું ઉત્પાદન થવાના મુખ્ય કારણોમાં સરકાર દ્વારા નિયત થતી ઓછી વેચાણ કિંમતના કારણે બીજ ઉત્પાદકોને પોષણક્ષમ ભાવ મળતા નથી. મગફળી જેવા પાકના બિયારણ કરતા કપાસના બિયારણનો પ્રતિ એકર વાવેતર માટેનો ખર્ચ ઘણો જ ઓછો છે. એ ઉપરાંત વાતાવરણના બદલાવના કારણે બીજ ઉત્પાદન પ્રતિ એકર ખૂબ જ ઓછું થાય છે તોથી આવનારા સમયમાં પણ કપાસ બિયારણની અછત રહેશે.

**વાતાવરણમાં ધરખમ બદલાવો ઉપરાંત સરકાર સર્ટિફાઈડ બિયારણ ખૂબ સસ્તામાં આપતી હોવાથી ખાનગી કંપનીઓ સંશોધનમાં ઓછો રસ લેવા માંડી**

## તળાજાના ખેડૂતે તુરિયાની ખેતીથી લાખોની કમાણી કરી

શિયાળીની ઠંડીમાં વેલવાળા શાકભાજીનો પાક લેવો લોઢા ચણા ચાવવા જેવી તાકાત છે. પરંતુ આ અઘરું કામ તળાજા તાલુકાના દકાના ખેડૂત હરેશભાઈ સોલંકીએ કરી બતાવ્યું છે.

દકાના ગામના હરેશભાઈ નાના ખેડૂત છે. પ્રાથમિક સુધી અભ્યાસ કરેલો છે. જે વર્ષોથી કપી, મગફળી, ઘઉં અને ડુંગળી જેવા પાકો વાવતા હતા પણ ભાવ મળવાનસ સમસ્યા સર્જાતી હતી. એ કારણે આ વર્ષે જોખમ લઈ અલગ કરવાનું વિચાર્યુ.




તળાજા અન્નદાતા પાસેથી માહિતી મળતા ગત ડિસેમ્બર મહિનાના પહેલાં અઠવાડિયામાં આધુનિક ટેકનોલોજી સાથે તુરિયાનું વાવેતર કરવામાં આવ્યું. ટપક પદ્ધતિ વસાવી અને ખેત કાર્ય મુજબ છાણિયું ખાતર અલગ અલગ ખોળના ઉપયોગ સાથે પ્લાસ્ટીક મલચિંગમાં વાવેતર કરી ઠંડીથી પાકને બચાવવા માટે ઉપર કોપ કવર કરવામાં આવ્યું. આ ક્રોપ દ્વારા ૩૫ દિવસ સુધી માત્ર પાણી અને ખાતરનો ખર્ચ થયો. દવાના અને ઠંડીની મોસમથી સંપૂર્ણ પાકને બચાવી લીધો. જરૂર મુજબ ખાતરના ગ્રેડ આપવામાં આવ્યા અને સફળતા મળી. ફેબ્રુઆરી માસમાં તુરિયા માર્કેટમાં આવતા શરૂ થયા જે સમયે તુરિયાનો ભાવ પ્રતિ કિલો ૩૫થી ૫૦ રૂપિયા લોકલ માર્કેટમાં મળ્યો. જે ઉત્પાદન સતત માર્ચના છેલ્લા સપ્તાહ સુધી મળતું રહ્યું. આમ અઢી વિઘાના તૂરિયાની કુલ આવક છ લાખ સુધી પહોંચી જે માતબર આંકડો ગણી શકાય તેવો છે. ખર્ચ બાદ કરતાં પ્રતિ વિઘા ચોખ્ખી આવક ૧ લાખથી વધારે છે. તળાજા તાલુકાના ઘણા ગામો જેમ કે, દિહોર, સૂડી, લાકડીયા, ભડી બેલા બપાડા, રોયલ, પાદરી ગોહિલ, સાંગાણા જેવા ગામોના ખેડૂતો રોકડિયા પાકો જેવા કે તરબૂચ, ટેટી, મરચી, ટામેટી જેવા પાકો તરફ ઝૂકાવ વધ્યો છે જે બદલાતી ખેતી માટે સારા સમાચાર છે.

**અઢી વીઘામાં તુરિયાનું છ લાખનું વાવેતર : તરબૂચ, સાકર ટેટી, મરચી, ટમેટી જેવા પાકો આર્થિક સદ્ધરતા વધારશે**

## ખેડૂતો સીધા જ ગ્રાહક સાથે જોડાઈને બજાર શોધતા શીખે

આ વર્ષે વર્ષાવિજ્ઞાન હોય કે છાપાના આગાહીકારો હોય કે સરકારનું હવામાન ખાતું બધા વરસાદ ખૂબ સારો પડશે તેવી વાત કરે છે. આ વર્ષે અલનીનોને બદલે લા નિનોની વાત કરીએ ઓગસ્ટમાં અતિવૃષ્ટિ થશે તેવું પણ કોઈ અગાહીકારોને તડકો લાગી જવાથી અત્યારથી વાતું કરે છે. આપણે કુદરતની કરામતની વાત કરીએ જુવો ખરા આ કુદરતની મહેરબાની સૂર્ય મહારાજની મદદથી દરિયામાંથી ૪૦,૦૦૦ બિલિયન ટન.. અધધધ પાણી વરાળરૂપે સંગ્રહિત થઈને હજારો માઈલની સફર કરીને વિજ્ઞાનના નિયમ મુજબ કન્ડેન્સેશન અને પ્રેસિપિટેશનના સિદ્ધાંત મુજબ ભારત ઉપર હેત રૂપેવરસી પડે છે. આ કુદરતનો પ્રેમ નહીં તો શું સમજવું ? દરિયાના ઠંડા કે ગરમ પ્રવાહો મુજબ પ્રવાહોની ગતિ અલગ અલગ હોય છે પરંતુ આપણું કર્તવ્ય આપણે નિભાવવું એ આપણી ફરજ છે એવું આપણને કીધું છે. વરસાદ જેટલો પણ પડે તે આકાશમાંથી વરસે છે, પાણીના ટીપેટીપાનું મુલ્ય છે. એમાંય આપણે ખેડૂતોએ તો આ કુદરતના અસીમ પ્રેમને જીલી લેવો એટલે ગામનું પાણી ગામમાં, સીમનું પાણી સીમમાં ખેતરનું પાણી ખેતરમાં સંગ્રહી રાખવાનો પ્રયાસ કરવો આપણો કૃષિ ધર્મ છે. ગામની ટુકડી બનાવીને અત્યારથી જ સ્વયંભૂ કાર્યમાં લાગી જવા જેવું છે. પાણી હશે તો ખેતી સમૃદ્ધ થશે અને પાણી વાપરવા માટે ડ્રિપ પદ્ધતિ શ્રેષ્ઠ છે. અત્યારથી જ ગ્રામ નંદનવન બનાવવા ટુકડી બનાવો. સર્વે કરો, જુના ચેકડેમ રીપેર કરો. ગામના ઉદ્યોગપતિઓની મદદ માગો, આપણું ગામ, આપણું કામ, આપણા હાથ જગન્નાથ સૂત્ર અપનાવો.



આપણો કૃષિધર્મ, ધન ધાન્ય પેદા કરી લોકોને અન્ન પુરું પાડવાનો છે. તેટલો ધર્મ શહેરના ઉપભોકતાઓનો પણ છે કે આપણી કૃષિ પેદાશને તેઓ સારા ભાવે ખરીદે અને તે પણ સીધું જ ખરીદે, આપણી ખેતીનો મહત્વનો પ્રશ્ન હોય તો તે ખેતરથી ઉપભોકતા વચ્ચે જે કડી છે તે કડી ઘણો નફો વીણી લે છે. તે નફાનો ગાળો ખેડૂત અને ઉપભોકતા વચ્ચે સુચારું રૂપે વહેચાય તો ખેડૂત માટે પણ ફાયદો અને ઉપભોકતાને પણ ફાયદો. આપણી ખેત પેદાશને સીધી ઉપભોકતા એટલે કે વાપરનાર સુધી પહોંચાડવાનું માર્કેટિંગ આપણે હવે શીખવું પડશે. મોબાઈલની ટેકનોલોજી અને વોટસએપ જેવા એપ આપણને મદદ કરી શકે છે પણ તેના માટે આપણે મૂલ્યવર્ધન કરવું પડશે. તમે જોજો શહેરમાં આજે કઠોળ બધી ગૃહિણીઓ એકસામટું લેતા નથી કારણ કે સડી જાય છે. શું આપણે આપણા કઠોળ પાકોને સાફ કરી વેક્યુમ પેક કરી સીધા આપણા ગ્રુપને વેચી શકીયે ? ભલેને આપણે આપણા ગ્રુપના લોકોને પહોંચતા કરવા શહેરમાં એક સ્ટોકિસ્ટ રાખીને ૫-૧૫ વખત ડિલિવરી કરવા માટે જવું પડે. કઠોળનું પેકિંગ વેકયુમ કરવાનું શીખીને આ કરવા જેવું છે. વિણાટ કઠોળનું વેકયુમ પેક સીધું કરિયાણાવાળાને પણ આપી શકો. વેકયુમ પેક મશીન એક ટીમ બનાવીને સહકારી ધોરણે વસાવીને આવું કરી શકાય કે કેમ ? તે વિચારો.

મરચીની ખેતી કરવાના હો તો આ વર્ષે જમીન પસંદ કરતા પહેલાં એક કાળજી રાખવી કે જે જમીનમાં મરચીનો પાક લેવો છે તે જમીન મરચીના પાક માટે અનુકુળ છે કે નહી ? જમીનનું પૃથક્કરણ ખાસ કરાવો. બીજું કે એકનો એક જમીનમાં મરચી કરવી જોઈએ નહી. ગયા વર્ષે મરચી કે શાકભાજી ન કરી હોય તેવું પડું આ વર્ષે મરચી માટે પસંદ કરવું. આપણી જમીનમાં પાક ફેરબદલી જરૂર કરવી કારણ કે એકને એક પાક એક નિશ્ચિત પોષણ ખેંચતો હોવાથી તેવા તત્વોની ઉણપ સર્જાય છે. પાયામાં દેશી ગળતિયું ખાતર નાખવું, કાચું નહીં પાળા- બેડની વાત કરીએ તો બેડ આઠ ઈંચ આસપાસ ઉંચા કરવા જોઈએ જેથી વરસાદ વધારે હોય ત્યારે પાક બચાવી શકીએ. બેડ ઉપરની સરફેસ ફલેટ બનાવવી જોઈએ અને મરચીના છોડને ટેકો આપવા સ્ટેકિંગ કરવું જોઈએ જેથી વાવાઝોડા અથવા વધારે પવન હોય છે ત્યારે છોડ ઢળી પડતા બચાવી શકાય. બેડ ફલેટ બનાવવા અને આઠ ઈંચ ઉંચા રાખવા. આવું આયોજન કરી રાખો. બેડ બનાવવા અને મલ્ચિંગ પાથરવા માટે અત્યારથી જ ટ્રેકટરવાળાને કહી રાખો અને પાળામાં ભરવાના ખાતરોની ખરીદી પણ કરી રાખો. મરચીનો લગતા સેમિનારમાં ભાગ લ્યો, મરચીની પાઠશાળામાં જોડાવા ખેતરની વાત ટેલિગ્રામમાં જોડાવ.

## બીજ વાવ્યાં પછી ખાલા પૂરવણી અને પારવણી

વાવેલ બીજ ખૂબ ઘાટું માપથી વધારે ઉગ્યું હોય તો કોઈ નુકસાન થાય ખરું ?

હા, ચોકકસ થાય કારણ કે છોડને જરૂરી હવા, પ્રકાશ અને પાણી- પોષણની હરીફાઈ થાય, એમાં જે છોડ પ્રથમથી જ થોડો જોરદાર ઉગી નીકળ્યો હોય તે બધું વધુ મેળવી જાય. એટલે તે વધુ લોંઠકો બનતો જાય અને બાજુના બીજા દુબળા પડતા જાય, આખો પાક એકસમાન રહે નહી છોડની સંખ્યા જેમ વધારે, તેમ તે પાણી પીવે પણ વધારે અને ઉડાડે પણ વધારે, પરિણામે પાણીની ખેંચ વહેલી અને વધારે દેખાડે.

બાજુ બાજુમાં જ, એકબીજાને અડી-અડીને ઉભેલા હોઈ, તે એકબીજાને ધક્કો દઈ દૂર નથી ખેસવી શકતા પણ દરેક છોડ વિકસવા મથતા હોઈ પોષણ વગેરે મેળવવાની સ્પર્ધામાં હોય છે, પરિણામે બધા ભીંસાઈ રહે છે. વળી, આજુબાજુથી સૂર્યપ્રકાશ પૂરતો મેળવવામાં તકલીફ પડતી હોય એટલે વધુને વધુ ઉંચે જવાની મહેનતમાં લાગ્યા રહેવાથી, કેડથી, શરીરથી પાતળા રહી જવા પામે એટલે પવનનો આંચકો આવતા નમી પડે છે. ગીચતામાં વસનારાને રોગ-જીવાત વધુ લાગુ થઈ જાય છે, એટલે બધા છોડ માંદલા અને માયકાંગલા બની જાય છે. પછી એવા છોડવાને ફાલ કેવોક આવે ?

દરેક પાક માટે બે ચાર્સ વચ્ચેનું અને બે છોડ વચ્ચેનું રાખવું જોઈતું અંતર અનુભવી અને પ્રયોગશીલ ખેડૂતો, કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો અને સરકારના ખેતી સંશોધન કેન્દ્રના સંશોધકોએ પ્રયોગો કરીને નકકી કરેલું હોય છે તેના પરથી પોતાની જમીન, પાણી, હવામાન અને આવડત પ્રમાણે પોતાની વાડીમાં જે 'યોગ્ય' હોય તેવું અંતર નકકી કરી, એકરદીઠ જોઈતી છોડની સંખ્યાની મળી રહે તેમ ગોઠવવું.

વાવેલું બીજ વધુ પડતું ઘાટું ઉગ્યું હોય તો શું કરવું ?

ના, એમનામ ઘાટે ઘાટું નહી રહેવા દેતા, છોડ થોડા મોટા થાય એટલે એને પારવી નાખવા પડે. પારવવું એ એક જાતની કળા છે. પારવણીનું કામ કાં ખેડૂતે પોતે અને કાં બુદ્ધિશાળી મજૂર દ્વારા જ કરાવવું જોઈએ. ગમે ત્યાંથી ગમે તે છોડ ખેંચી કાઢી પાક પાંખો કરવો તે મગજને ઘરે મુકીને ખેતરે કામ કરવા બરાબર છે. વળી, નિશ્ચિત માપ કરતા સહેજ મોટું ખાલું આવી જાય ત્યારે ખાલાની બન્ને બાજુના છોડ બચાવી લઈ, અંદરના છોડને જ ખેંચવા જોઈએ. નબળા, પાતળા, ભાંગલા, માંદલા અને આડા-અવળા ઉગેલા છોડ પહેલા ખેંચી લઈ, સારા, તંદુરસ્ત, લોંઠકા થડવાળા અને છતા યોગ્ય અંતરે છોડ ઉભા રાખી એકસરખા અંતરે છોડની ગોઠવણ કરી શકાય તેવી પારવણી કરવામાં હાથ અને મગજ બન્નેની સાથે જરૂર પડે છે.



ખાલા-પુરવણીની કામગીરીનું શું મહત્વ ?

તમે જુઓ, દૂધી, તુરિયા, કારેલા, કોળાં, જેવા શાકભાજી કે સંકર-બીટી કપાસ, દીવેલા, તુવેર જેવા પાકોમાં તો બીજ ઘણું મોટું હોય છે છતાં ડૂલ ઓછા પડે એ માટે આપણે એકની જરૂર હોય ત્યાં પણ બે બીજ ચોપતા હોઈએ છીએ. બે માંથી એક ઉગે તો કોઈ વાંધો નથી, બન્ને ઉગ્યા હોય તો એક છોડ ખેંચી લઈએ અને કોઈ કારણસર બન્ને બીજ ન ઉગ્યાં હોય તો ? તો પછી એવી નહી ઉગેલી જગ્યા ખાલાંએ બીજ ચોપવા જોઈશે ને ? બસ, એ સમયસર ચાંપી દેવા જોઈએ.

કેટલાક કહેતા હોય છે એવા ખાલા બાલાથી કંઈ મુઝાવાય નહીં. પારવા છોડવા લોંઠકા થાય, ખાલાંની બાજુના છોડ વધુ ફાલી, ખાલાની ખોટ પૂરી દે ! પણ એ વાત અંશતઃ સાચી, પણ સંપૂર્ણ નહી. માપ કરતા ઓછા છોડ, ઉત્પાદનનો મોટો ફેર ભાંગી શકે નહી. ચોકકસ ઉત્પાદન માટે એકરે ચોકકસ છોડની સંખ્યા એટલી જ જરૂરી છે જેમ છોડની સંખ્યા વધુ ન હોવી જોઈએ, તેમ ઓછી પણ ન હોવી જોઈએ.

વાડીમાં ઉગેલી મોલાતમાં આંટો મારતા ક્યાંક ક્યાંક દેખાતા, મનમાં ન લાવીએ તો ચાલે તેટલા જૂજ પ્રમાણમાં દેખાતા ખાલા જો ચાહે ચડીને ગણવામાં આવે તો ૧૦ થી૧૫ ટકા થઈ જાય છે. આ પ્રમાણ કંઈ નાનું ન ગણાય ! એક-બે ટકાથી વધુ ખાલા ખેડૂતોની અણઆવડત અને આળસના દર્શન કરાવે છે. ખાસ કીરને મોટા અંતરે વવાતા કપાસ, દિવેલા, તુવેર, મકાઈ, મગફળી, શાકભાજીના પાકો અને લીલાચારા સુધ્ધાંના પાકોમાં ખાલાં વધુ ધ્યાન ખેંચે છે અને નુકસાન પણ એટલું જ લાવે છે.

ખેડૂતે પોતાના ખેતર-વાડીમાં કયા કયા પાકો વાવવા જોઈએ ?

કોઈ પણ વિસ્તારમાં સ્થાનિક પર્યાવરણને કોરાણે મુકીને કંઈ કરી શકીએ નહી. પર્યાવરણને અનુકુળ હોય તેવા શક્ય પાકોને જો પ્રાધાન્ય આપવામાં આવે તો ખેતીમાં આસમાની- સુલતાની, આફતો સર્જાવાનું જોખમ ટળે અને નિશ્ચિત આવક મળે તો ખેતીમાં સૌનો રસ ટકી રહે. એ માટે આ પ્રમાણે પણ આયોજન કરી શકાય.

સીઝન પ્રમાણેના પાકોનું વાવેતર કરવું જોઈએ. જેથી કોઈ ઋતુ સારી રહે, કોઈ નબળી રહે તો એકંદર મધ્યમ વર્ષ બની રહે તેમાં પણ અનેક પ્રકારના પાકો છે જે પૈકી મગફળી, તલ, કપાસ, શેરડી વગેરે, જુવાર બાજરી, મકાઈ, ડાંગર, ઘઉં વગેરે કઠોળમાં મગ, અડદ, તુવેર, ગુવાર, ચોળી, વાલ, સોયાબીન, ચણા વગેરે શાકભાજીમાં ભીંડા, રીંગણ, મરચાં, ટમેટાં, કોબી, ફુલેવર, કંકોડા, ટેટી, તરબૂચ, તૂરિયા, કારેલા, ગલકા, પરવળ વગેરે વાવી શકાય.

## તજના ફાયદા

રસોઈમાં તજને સોડમ અને સ્વાદ માટે ઉમેરવામાં આવે છે. ખાસ કરીને ગરમ મસાલામાં તેને ભેળવવામાં આવે છે.

તજમાં એમિનો એસિડ, એન્ટીકોસીડન્ટ, ફાઈબર, આર્યન, કેલ્શિયમ, વિટામિન કે, કોપર, પોટેશિયમ, મેગ્નેશિયલ, ફોસ્ફોરસ અને વિટામિન બી ૬ ગુણ સમાયેલા હોય છે. જે શરીર માટે લાભકારી નીવડે છે.

કોલેસ્ટ્રોલ : શરીરમાં વધેલા કોલેસ્ટ્રોના પ્રમાણને ઓછું કરવા માટે તજનું સેવન ફાયદાકારક માનવામાં આવે છે. તજને ચા સાથે સેવન કરવાથી કોલેસ્ટ્રોલને નિયંત્રણમાં લાવી શકાય છે.

અપચો : અપચો, પેટનો સામાન્ય દુખાવો અને છાતીમાં બળતરા થતી હોય તો તજ, સૂંઠ, જીરૂ, અને એલચી સમાન માત્રામાં લઈ તેનો પાવડર બનાવી ગરમ પાણી સાથે પીવાથી ફાયદો થાય છે. તજ, કાળા મરીનો ભુક્કો, અને મધ ભેળવી ભોજન પછી લેવાથી પેટમાં ગેસની તકલીફ થતી નથી. ઉલટી જેવું થવું, ગભરામણ થવી, ઉલ્ટી તેમજ દસ્ત રોકવા માટે તજનું પાણી પીવાથી રાહત થાય છે.

તેજના સેવનથી પેટ, ગેસ, કબજિયાતની સમસ્યાથી રાહત થાય છે. તજને દૂધસાથે સેવન કરવાથી પાચનતંત્ર વ્યવસ્થિત રહે છે.

શરદી : તજમાં કેલ્શિયમ પ્રચુર માત્રામાં સમાયેલું હોય છે. જે હાડકાને મજબુત કરવામાં મદદ કરે છે. તજના સેવનથી હાડકાને નબળા પડતાં અટકાવી શકાય છે.

ગઠિયા વા : હુંફાળા પાણીમાં તજ અને મધ ભેળવીને પીવાથી સાંધાના દુખાવામાં આરામ મળે છે. તેના તેલથી ઘૂંટણ પર મસાજ કરી શકાય છે. તજ અને તુલસીના પાન ભેળવી પાણી ઉકાળી ગાળીને દિવસમાં વારંવાર પીવાથી પગના દુખાવામાં રાહત થાય છે.

ડાયાબિટીસ : ડાયાબિટીસના દર્દીઓ તજયુકત પાણી પીએ તો ડાયાબિટીસ કન્ટ્રોલમાં રહે છે.

વીર્યવૃદ્ધિ : વીર્ય વૃદ્ધિ માટે તજનો પાવડર સાંજના હુંફાળા દૂધ સાથે લેવું.

મેદ : શરીર પરના મેદને ઓછો કરવા અને વજન ઘટાડવા માટે સવારે તજવાળી ચાનું સેવન કરવાથી ફાયદો થાય છે.

માથાનો દુખાવો : ઠંડીના કારણે માથું દુખતું હોય તો તજને પાણી સાથે વાટી કપાળ પર લગાડવું. મુખ દુર્ગંધ : મુખ દુર્ગંધ અને દાંતની દવામાં તજનો ઉપયોગ કરવામાં આવે છે.

કેન્સર : તજના સેવનથી કેન્સર સેલસ્ની ગ્રોથને ઓછી કરી શકાય છે. રક્તવાહિનીઓમાં ટ્યૂમરનું નિર્માણ સીમિત કરે છે અને કેન્સરની કોશિકાઓને મારે છે.

બ્લડપ્રેશરને અંકુશમાં રાખે : સંશોધનના અનુસાર તજનું સેવન બ્લડપ્રેશરને અંકુશમાં રાખવા માટે મદદગાર સાબિત થાય છે.

એન્ટી વાયરલ ગુણો : તજ એન્ટી વાયરલ ગુણોથી ભરપુર હોય છે તેમાં ફલૂને ડેન્ગ્યુ જેવા તેમજ વિવિધ વાયરસથી બચાવવાના ગુણ હોય છે.

હેડકી : હેડકી આવવી એ સામાન્ય વાત છે, પરંતુ ઘણી વખત એકસરખી હેડકી આવતી હોય છે. એવામાં તજ ફાયદાકારક સાબિત થાય છે. તજને ઉકાળીને તેનું પાણી પીવાથી રાહત થાય.

## ખેડ અને આંતરખેડમાં ફરક શું ? એ શા માટે કરવી પડે ?

ખેડનો વિશાળ અર્થ "ખેતીવાડીનો આખેઆખો વ્યવસાય' એવો કરવામાં આવતો હોય છે ખેડ કરે તે ખેડૂત એ અર્થમાં સમગ્ર ખેતીના ધંધાનું ટૂંકું નામ 'ખેડ' છે, પણ આપણે એ વિશાળ અર્થ માટે ધંધામાં પાકનો આધાર અને પોષણ પુરું પાડનાર મુખ્ય પરિબળ જમીન અને જમીનમાં તેની ભૌતિક સ્થિતિના ફેરફારને ધ્યાનમાં રાખી કરવામાં આવતી પ્રક્રિયાને 'ખેડ'ના ટૂંકા નામથી સંબોધાય છે.

વાવેલા પાકના બીજ સારી રીતે ઉગી, પૂરા ફાલવા- ફૂલવા જમીનમાં મૂળનું ભારણ કરી, ટટ્ટાર ઉભા રહી, તેને જરૂરી પોષક દ્રવ્યો પુરા પાડવા માટેની મૂળવિસ્તારની યોગ્ય પરિસ્થિતિ નિર્માણ કરવામાં હોયતે રીતે કરવામાં આવતી જામીનની ઉલટ-સુલટ- હેરફેર કરવા જમીનનો ઘડો તડવો, ઘડો બાંધવો, પાંહ પાડવી જેવા યથા સમયે કરવામાં આવતા સમગ્ર ખેતીકાર્યનો ખેડમાં સમાવેશ થાય છે. આમ ઉત્પાદનને અસર કરતા બીજા ઘણા પાસાઓની જેમ ખેડ જમીનની ભૌતિક સ્થિતિ પોચી, ભરભરી અને ગાંગડીવાળા કણા યોજનવાળી કરી હવાની અવર-જવર વધારી, જમીનમાંના ભેજની છોડને જેવી જરૂરિયાત હોય તેવી સ્થિતિ નિર્માણ કરી, પાક પૂરેપુરો ખોરાક મેળવી વિક્રમી ઉત્પાદન મેળવવામાં પોતાનો ફાળો નોંધાવી શકે તે માટેની ઉત્તમ પરિસ્થિતિના નિર્માણ અર્થે ખૂબ મદદગાર થાય છે.

પ્રાથમિક ખેડ કોને કહેવાય ? એ શા માટે કવરી પડે ? કોઈપણ પાકને વાવતા પહેલાં આપણે દેશી હળ કે ટ્રેકટરની દાંતી, અરે! હવે તો આધુનિક ખેત-ઓજાર રોટાવેટર જેવા સાધનથી સામાન્ય રીતે ૪-૫ ઈંચ ઉંડાઈની ખેડ કરતા હોઈએ છીએ. જેથી જમીનમાં આપેલ સેન્દ્રીય ખાતર અને કાંઈ સામાન્ય ઘાસ-કચરો હોય તો ઉખડી જઈ જમીનમાં ભળી જાય અને જે અગાઉ લીધેલ પાક પછીની પાછલી ખેડ વખતના ઉખડેલા કોઈ મોટા ઢેફા હોય તો તે ભાંગીને ભૂકો થઈ જાય. એક આડી અને એક ઉભી દેશી હળ કે ટ્રેકટરની દાંતીની ખેડ કર્યા પછી તેમાં બળદના કે ટ્રેકટરના કળિયાથી રાંપ ચલાવી જમીનમાં કોઈ ચોટી રહેલ ઘરો કે ચીઢો જેવા નકટાં નિંદામણના મૂળ વગેરે હોય તે ઉખડી જાય અને જમીન સમતળ થઈ ભરભરી બની જાય તે ગણતરીથી કરતા હોઈએ છીએ.



પ્રાથમિક ખેડ કેટલી ઉડી કરવી જોઈએ ? આ ખેડ આપણે કયો પાક લેવાનો છે, તેને નજરમાં રાખી કરવી જોઈએ.

૧. જો ધાન્યપાકો- જુવાર, બાજરી, મકાઈ, ઘઉં વગેરે લેવાના હોય તો તેના ઝાળામૂળ હોવાથી ઉપલા ૪ થી ૫ ઈંચના થરમાંથી જ ખોરાક લેવાના છે, માટે એથી ઉડી ખેડની જરૂર નથી. ૨. જો કપાસ, તુવેર, દિવેલા જેવા ખીલા મૂળવાળા પાકો વાવવાના હોય તો તેના મૂળ ઉડા જતા હોવાથી ૬ થી ૮ ઈંચ ઉડી ખેડ થઈ હોય તો તેવા પાકોને વધુ ફાવતું હોય છે. ૩. જો જમીનમાં વિકસતા એવા કંદમૂળના પાકો- ડુંગળી, બટેટા, શક્કરિયા, આદું, લસણ, હળદર, સૂરણ, બીટ વગેરે પાકોને જમીન પોચી હોય તેમ વધારે ફાવતું હોઈ, મધ્યમ પ્રકારની ૫ થી ૭ ઈંચ ઉડી અને ખાસ કરીને જમીનનો ખૂબ ભરભરી બનાવે તેવી ખેડ કરવી જોઈએ.

આંતરખેડ ક્યારે કરવી ? અને કેટલી ઉંડી કરવી ? સામાન્ય રીતે વરાપ થયે આંતરખેડ માટેના સાંતી શરૂ કરવામાં આવે છે વરાપ એટલે જમીનના એટલા ભીનાપણાની સ્થિતિ કે જેના પર ચાલવાથી માણસ, બળદ કે નાનું ટ્રેકટર ખૂંચી ન જાય અને ચાલતા સાંતીની રાંપ ઉપરથી માટી છૂટી છૂટી થઈ સરી પડે.

તમે જો જો ! ઉપર ઉપરની જમીન સૂકી થવા માડે તે પછીથી મોડું થવાથી જમીન ખેંચાઈ જઈ થોડી વધુ સખત બની જતી હોય છે એટલે પછી ધારી પાંહ થઈ શકતી નથી. સાંતી ક્યાંક ઉડુ- તો ક્યાંક છીછરું થવા લાગે છે. ભેજ ઉડીન જાય તે માટે કરબ-રપટની રાંપ અર્ધાથી એક ઈંચની મર્યાદામાં ઉડી ચલાવવી જરૂરી છે. તેનાથી વધારે ઉંડી પાંહ પાડવાથી છોડના મૂળ વિસ્તારને ઈજા થાય છે એટલે ધડો નબળો પડે છે.

છોડવાના મૂળ જ્યાં સુધી નાના અને અવિકસિત હોય ત્યાં સુધી પાટલામાં માપસરની પાંહ રહે તે જરૂરી છે. વરસાદ વરસી ગયા પછી વરાપ થયે ફરીવાર આંતરખેડ કરવી. વરસાદ ખૂબ ખેંચાવે અને પાંહમાં તીરાડો પડી, નીચેનો ધડો ખુલ્લો થવા લાગે ત્યારે ફરીવાર આંતરખેડથી રાંપ ફેરવી તીરાડો બૂરી દેવી, જેથી ભેજ સચવાઈ રહેવાની સથિતિ ટકી રહે પરંતુ એકધારા સાંતી ચલાવ્યે જ રાખવા તે જરૂરી નથી.


આંતરખેડ ક્યારે ન કરાય ? : પહેલી વાત એ કે વરાપ ન થાય ત્યા સુધી ભીની-ચીકણી માટીમાં જયાં આપણે અને બળદ બધા ખૂંપતા જવાના હોય અને સાંતી બરાબર પાંહ પણ ન બનાવીશકે એમ હોય એવી ઉતાવળ આંતરખેડ બાબતે કરવી નહી, કારણ કે ભીની જમીનમાં પડેલાં બળદના સગડ કે ટ્રેકટરના ચીલા પછીથી એવા સખત થઈ જતા હોય છે કે જમીન સૂકાતા ત્યાં તીરાડો પડી જઈ, પાણીની વહેલી ખેંચ પડી જતી હોય છે માટે આવું ન કરવું.

બીજું, ખાસ કરીને ઉપલા થરમાં રહેનારા મૂળવાળા ધાન્ય વર્ગના પાકો- બાજરી, જુવાર, મકાઈ વગેરે ઠીક ઠીક મોટા થઈ જાય પછીથી વરસાદ વરસે કેપિયત અપાય ત્યારે તેના ઉપરછલ્લા મૂળ પાટલામાં પણ વિસ્તરી જતા હોય છે આવા વખતે આંતરખેડ કરવી નુકસાનકારક છે.

# "મુજકો અપને દિલે નાકામ પે રોના આયા !"

## સારા જહાં મેરી જેબ મે

મધુ શાહ



"કળા ક્ષેત્રના જાણીતા કટાર લેખક એસ. કાલીદાસે એક ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી હતી જેનું નામ છે 'હાય અખતરી' (HAI AKHTARI) એજ પ્રમાણે બેગમ અખતરની જીવનકથા લખનાર તેમના જ શિષ્ય શાંતિ હીરાનંદે (જેઓને પદ્મશ્રી એવોર્ડથી સરકારે બહુમાન કર્યું હતું) 'ધી સ્ટોરી ઓફ માય અમ્મી' (વર્ષ ૨૦૦૫) વાંચતા આપણને બેગમ અખતરની સંગીત પ્રત્યેની આકાશને આંબી જાય તેવી ઉંચાઈની જાણ થાય છે. અંદાજે ૫૦૦થી વધુ ગાયનો અખતરી એ ગાયા છે. તેટલું જ નહિ, પણ તેમનો આકર્ષક ચહેરો અને બોલવાનો લહકો મેહબૂબ ખાનને પણ ગમી જવાથી તેમની ફિલ્મ 'રોટી'માં મુખ્ય નાયિકાનો રોલ પણ તેમણે ક્યા ખૂબ ભજવ્યો છે. લગભગ નવ (૯) ફિલ્મોમાં અભિનેત્રી તરીકે કામ કર્યું છે જેમાં સત્યજીત રે ની ફિલ્મ 'જલસાઘર'નો પણ સમાવેશ થાય છે. ઉપરાંત 'ગ્રેટ માસ્ટર ઓફ હિંદુસ્તાની મ્યુઝિક' નામના પુસ્તકમાં- લેખક સુશીલા મિશ્રા- ૨૬મું પ્રકરણ બેગમ અખતરને સમર્પિત છે. લેખીકા સુપ્તા મુખરજી રચિત 'બેગમ અખતર : ધી કવીન ઓફ ગઝલ' પબ્લીશર રૂપા એન્ડ કું ધ્વારા પ્રકાશિત તેમજ લેખિકા જયોતિ સભરવાલ- રીટા ગાંગુલીનું પુસ્તક 'એય મહોબ્બત' અને લેખક એસ. કાલીદાસનું પુસ્તક 'બેગમ અખતર - લવ્સ ઓન વોઈસ' (વર્ષ ૨૦૦૯)- આ બધા પુસ્તકોમાં બેગમ અખતર કોણ હતી, કેવી હતી, સંગીતને તે વરેલી હતી કે સંગીત તેને વરેલું હતું તેનો ખ્યાલ આવી જાય છે !!

> **"હાર્ટ એટેકની બીમારીમાંથી બહાર નીકળવાનું પ્રીસ્ક્રીપશન અને ઉપચાર સંગીત બની રહયું અને ૧૯૪૯થી બેગમ અખતરનો અવાજ સંગીતની દુનિયામાં ગૂંજવા લાગ્યો !!"**

બેગમ અખતરને સાંભળવાનો લ્હાવો અમદાવાદમાં 'મેડીકોસ લીસનર્સ કલબ' ચાલતી હતી જેના સ્થાપક હતા ડો. જી.જી. ઓઝા.- એમનો સંગીત પ્રત્યેનો પ્રેમ અસાધારણ હતો. તેઓની જહેમતના કારણે આ કલબ ખૂબ પ્રખ્યાત બનેલી. આશરે પોચક દાયકા પહેલાની

> **"૨૬ ઓક્ટોબર ૧૯૭૪ના રોજ બેગમ અખતરનો અમદાવાદના ટાઉનહોલમાં કાર્યક્રમ ચાલતો હતો ત્યારે શકીલ બદાયૂનીની ગઝલ 'ઐ મહોબ્બત તેરે અંજામ પે રોના આયા... ગાતી વખતે ગઝલપુરી થતાં તે ઢળી પડ્યા ... અંતે ગુજરી ગયા !"**

આ વાત છે. ઉત્તમ કલાકારોના સંગીતના કાર્યક્રમો યોજાતા- જેમ અગાઉ ગ્રામોફોન કલબ ચાલતી તેમજ 'સપ્તક' પણ ચાલે છે તેવીજ પ્રણાલીઓ આ મેડીકોસ લીસનર્સ કલબ ધ્વારા ચાલતી. જેમાં વધારે સભ્યો ડોકટરસો ઉપરાંત અન્ય સંગીત પ્રેમીઓ પણ ખરાં જ !! તારિખ ૨૬ ઓક્ટોબર ૧૯૭૪ના વર્ષમાં આ કલબ ધ્વારા મહેફિલે ગઝલનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ નીલમ ગામડીયાએ ગોઠવી આપેલો. અને ગઝલ સમ્રાટ જે મલિક્કાએ ગઝલ તરીકે પ્રસિધ્ધ હતી- નામ છે બેગમ અખતર- તેનો આ પ્રોગ્રામ હતો. આ પ્રોગ્રામમાં મોડી સંધ્યાથી બેગમ ખતર એના નશીલાકંઠથી સંવેદનાની સુરાવલી સાથે એક પછી એક ગઝલો પેશ કરતાં- ગાતા હતાં જેમાંની એક ગઝલ ઉંચા દર્દભર્યા અવાજે ગાઈ હતી. તે ગઝલ આ હતી :

" ઐ મહોબ્બત તેરે અંજામ પે રોના આયા  
જાને ક્યો આજ તેરે નામ પે રોના આયા  
યૂં તો હર શામ ઉમ્મીદોમે ગુજર જાતી થી  
આજ કુછ બાત હૈ જો શામ પે રોના આયા  
કભી તકદીર કા માતમ, કભી દુનિયા કા ગિલા  
મંઝીલે ઈશ્ક મેં હર ગમ પે રોના આયા  
મૂઝમે હી ખત્મ હુઆ સિલસિલા- એ નૌહાગરી  
ઈસ કદર ગર્દિશે અય્યામ રે રોના આયા  
જબ હુઆ ઝીક્ર જમાને મેં મુહબ્બત કા 'શકીલ'  
મુઝકો અપને દિલે ના કામ પે રોના આયા !"

શકીલ બદાયૂનીની આ ગઝલ બેગમ અખતરે જે નશાથી, સંવેદનશીલ અવાજથી ગાઈ હતી અને ગઝલ પુરી થતાં જ બેગમ અખતરને અચાનક ચક્કર આવતાં બેભાન બની ગયાં- અને સ્ટેજ ઉપર જ લીટરરી ઢળી પડ્યા !

પ્રથમ હરોળમાં બેઠેલા ડો. મેનને તત્કાલ પ્રાથમિક સારવાર કરી અને એમને સીધા જ એમના ઉતારે, રીલીફ રોડ પર આવેલી ક્રેપી હોટલમાં લઈ ગયા હતા ! ડૉ. એમ.એ. મેનના ના મિત્ર ડો. એચ.જે. દેસાઈ કે જેઓ જાણીતા કાર્ડીઓલોજીસ્ટ અને ફીઝીશીયન હતા જે વી.એસ. હોસ્પિટલ સાથે સંકળાયેલા હતા- એ ઘટના એમનાં જ શબ્દોમાં : 'મને રાત્રે ૧ વાગ્યે ડો. એમ.એ.મેનન નો ફોન આવ્યો- તમે જલદીથી હોટલ ક્રેપી આવો! ત્યાં પહોંચીને મેં બેગમ અખતરને તપાસ્યાં હતાં. મને લાગ્યુ કે બેગમને ગંભીર હાર્ટ એટેક આવ્યો છે. તુરત જ બેગમ અખતરને ૨૬મી ઓક્ટોબરે વી.એસ.હોસ્પિટલમાં ઈમરજન્સીમાં દાખલ કર્યા, સારવાર શરૂ થઈ- હૃદયરોગનો હુમલો એટલો જોરદાર હતો કે ચાર દિવસની ડોકટરોની અથાગ મહેનત હોવા છતાંયે બેગમ અખતરને અમે બચાવી શક્યા નો'તા! અને વી.એસ.હોસ્પિટલમાં જ નિલમ ગામડીયાના ખોળામાં મસ્તક ઢળી પડયું અને બેગમ અખતરે હંમેશ માટે વિદાય લીધી.

બેગમ અખતર હોસ્પિટલમાં પણ એમની ટેવ પ્રમાણે કોઈનું ય સાંભળતા જ નહિં તેવું એ વખતે સતત હોસ્પિટલમાં જ રહેનાર એમના પ્રશંસક અને જાણીતા મિત્ર સુનીલનું કહેવું હતું : 'આઈ.સી.સી.યુ.માંથી નર્સ એટેડન્ટ બહાર આવતી સુનીલને કહે છે : 'તમે આ પેશન્ટને જાણો છો ? એમની ગંભીર તબિયતનો ખ્યાલ છે ? તેને સીગારેટ પીવી છે ! તે સીગારેટ માટે ધમપછાડા કરે છે ! આ તે કેવી વાત ?"- સુનીલે આછા સ્મિત સાથે કહયું, 'દુનિયાના નિયમોની એસી કી તેસી' જેવો બેગમ અખતરનો સ્વભાવ છે !

અખતરીબાઈ ફૈઝાબાદી એ બેગમ અખતરનું મૂળ નામ હતું. તેમનો જન્મ ૧૦ જાન્યુઆરી ૧૯૧૪ના રોજ ફૈઝાબાદ (ઉત્તરપ્રદેશ)માં થયો હતો- અલબત્ત અન્ય રેકર્ડ નોંધ ૭ ઓક્ટોબર વર્ષ ૧૯૧૪ નોંધાયેલ છે.

> **"ગ્રેટ માસ્ટર ઓફ હિંદુસ્તાની મ્યુઝિક'- પુસ્તકના લેખિકા સુશીલા મિશ્રાના ૨૬માં પ્રકરણમાં બેગમ અખતર કોણ છે? તથા 'બેગમ અખતર : ધી કવીન ઓફ ગઝલ'- પુસ્તકનાં લેખીકા સુપ્તા મુખરજી તથા 'એય મહોબ્બત' લેખિકા જ્યોતિ સૂભરવાલ- રીટા ગાંગુલી તેમજ 'બેગમ અખતર- લવ્સ ઓન વોઈસ' લેખક એસ. કાલીદાસ- પુસ્તકો બેગમ- સંગીતને, તે વરેલી હતી કે સંગીત, તેને વરેલું હતું તેનો ખ્યાલ આવી જાય છે !!"**

વર્ષ ૧૯૧૪માં જન્મેલા બેગમ અખતર ૬૦ વર્ષની વયે ૩૦ ઓકટોબર ૧૯૭૪માં અમદાવાદમાં ગુજરી ગયા હતા ! ગાયિકા અખતર ખાસ કરીને ગઝલ, દાદરા અને ઠુમરીના ગીતોમાં શબ્દોનું બહુજ મહત્વ હોય છે - જેમાં સંવેદનાઓને ગીતના મહત્વના શબ્દોનું વારંવાર ઉચ્ચારણ કરીને શૃગાંર તથા કરૂણરસને વ્યકત કરવામાં આવે છે ! આ પ્રકારના ગીતોમાં બેગમ અખતરની માસ્ટરી હતી. ગાલિબ અને જિગરમુરાદાબાદીની ગઝલો બેગમને બહુજ પ્રિય હતી અને તે ગાતી વેળા શબ્દોનો સહારો લઈને તેઓ નિષ્ફળ પ્રેમના મકબરા ચણતાં હતાં ! અનેક ગઝલોની

> **"અંદાજે ૫૦૦થી વધુ ગાયનો બેગમ અખતરીએ ગાયા છે. નવ ફિલ્મોમાં અભિનેત્રી તરીકે કામ પણ કર્યું છે."**

તર્જ બેગમ અખતરે પોતેજ બાંધી હતી અને એક ઉમદા બંદિશકાર તરીકે પણ તેમણે નામના મેળવી હતી. ગાતી વખતે જયારે કોઈ એક સ્વર પર બેગમ સ્થિર થઈ જતાં ત્યારે તેમનાં અવાજની રોનક પુરબહારમાં ખીલી ઉઠતી. તેમના કાર્યક્રમની શરૂઆતથી જ શ્રોતાઓને સ્વરપાશમાં બાંધી દેતાં અને ગીતની શરૂઆતથી અંત સુધી શ્રોતાઓ તે સ્વર-પાશમાંથી છૂટી શકતાં નહીં ! જર્મન ફિલસૂફ શોપનહોરે સંગીતની સરખામણી ભવ્ય સ્થાપત્ય સાથે કરી છે ! બેગમ અખતર પણ સ્વરોને રમાડતાં રમાડતાં ખૂબાજ બૂલંદ તથા સુરીલા અવાજે સ્વ-રચિત સ્વર મંદિરના ગોપેરમ તથા કળશ પર પહોંચી જતા અને તે વખતે તેમના અવાજમાંથી જે રોશની પ્રકટ થતી તેની અસરથી શ્રોતાઓ આનંદ વિભોન થઈ જતાં !

> **"દુનિયાના નિયમોની એસી કે તેસી જેવો સ્વભાવ ધરાવનાર બેગમ અખતર સીગારેટ પીવાના ખૂબ શોખીન હતાં."**

એમ કહી શકાય કે બેગમનું સંગીત અનંત યૌવનનું પ્રતીક છે ! ગાલિબ, દાગ, મીર તકી મીર જેવા ચુનંદા શાયરોની ગઝલોને સંગીતનો ઓપ આપીને બેગમ અખતરે તેમને વધુ પ્રસિધ્ધિ અપાવી છે ! પોતાના સંગીત ધ્વારા શ્રોતાઓને ઉર્દૂભાષા માટે દિલચસ્પી પેદા કરીને બેગમ અખતરે ઉર્દૂ સાહિત્યની પણ ઉત્તમ સેવા બજાવી છે.

બેગમ અખતર શરૂઆતમાં અખતરીબાઈ ફૈઝાબાદીને નામે અને લગ્ન પછી બેગમ અખતરને નામે ઓળખાવા લાગ્યાં ! અસઘર હુસેન કે જેઓ વકીલ હતાં અને તેમની બીજીવારના પત્ની મુશતરીનું સંતાન એ બેગમ અખતર. અસઘર હુસેને મુશતરીને છોડી દીધી અને સાથોસાથ મુશતરીની જોડિયા દીકરીઓ ઝોહરા અને બીબી (બીબી એ બેગમ અખતર)ને પણ છોડી દીધી. ૧૯૪૫માં લખનઉના બેરીસ્ટર સાથે લગ્ન થયા બાદ અખતરીબાઈ, બેગમ અખતરના નામથી ઓળખાવા લાગ્યા. પતિ ઈશતીયાક અખતર અબ્બાસી જુનવાણી વિચારના હોવાથી તેમણે બેગમ અખતરને જાહેરમાં ગાવાની મનાઈ કરી હતી. આ પાબંદી લગભગ પાંચ વર્ષ સુધી તેમણે સહન કરી. અંતે તેમનાં કલા-સર્જક આત્માની ગૂંગળામણની હદ આવી ગઈ અને તેઓ ગંભીર માંદગીમાં પટકાઈ પડ્યાં ! ડોકટરો અને મિત્રોની ભલામણને લીધે આખરે પતિને તેમને શરૂમાં આકાશવાણી પર અને ત્યાર પછી મહેફિલોમાં ગાવા માટે છૂટ આપી. બીમારીમાંથી બહાર નીકળવાનું પ્રીસ્ક્રીપશન અને ઉપચાર સંગીત બની રહયું અને વર્ષ ૧૯૪૯થી બેગમ અખતરનો અવાજ સંગીતની દુનિયામાં ગૂંજવા લાગ્યો, તે 'મલ્લિકા એ ગઝલ' તરીકે ઓળખાવા લાગી. સંગીત નાટ્ય એકેદમી એવોર્ડ, પદ્મશ્રી, અને મૃત્યુ બાદ ૧૯૭૫માં પદ્મભૂષણથી સન્માનિત થનારા બેગમ અખતરની ગ્રામોફોન કંપનીએ ત્રણસો (૩૦૦) જેટલી તો રેકોર્ડો બહાર પાડી છે. કેવળ ૧૫ વર્ષની ઉંમરે પહેલું પરફોરમન્સ જાહેરમાં કરનાર બેગમ અખતરને વિશેષ સન્માન વર્ષ ૧૯૩૪માં મળેલું જયારે નેપાળ- બિહારમાં ધરતીકંપના કારણે ફંડફાળા માટે એમના યોજાતા કાર્યક્રમોમાં સરોજિની નાયડુએ ભરપૂર પ્રંશસા કરી હતી. ગ્રામોફોન રેકર્ડ કું ની પ્રથમ રેકર્ડ બેગમ અખતરની એ સમયે બહાર પડી હતી. બેગમ-અખતરની કબર ઠાકુરગંજ વિસ્તારમાં (લખનઉ) તેમના ઘરની નજીકના 'પસંદા બાગ'માં આવેલી છે. તેની માં મુશતરી સાહેબાની લગોલગ આ કબર છે. તેમના ઘરને લખનઉમાં મ્યુઝિયમ તરીકે બનાવાયું છે. અમદાવાદના ટાઉનહોલમાં (જયાં એમનો છેલ્લો- પણ અધૂરો પ્રોગામ બની રહયો.) બીજી ગવાયેલી ગઝલોમાંની એક આ પણ હતી.

'દીવાના બનાના હૈ તો દીવાના બના દે, વર્ના કહીં તકદીર તમાશા ના બના દે, એ દેખને વાલો ! મુઝે હંસ હંસ કે ન દેખો, તુમ કો ભી મુહબ્બત કહીં મુઝસા ના બના દે..!' બીજી એક ગઝલ 'દિલ હી તો હૈ ન સંગો- ખિશત દર્દસે ભર ન આએ ક્યો... રોએંગે હમ હજાર બાર કોઈ હમે સતાએ કયોં !' આ ગાલિબની ગઝલ બેગમના અવાજે ગવાયેલી છે. બીજી સુદર્ન 'કાફિર'ની ગઝલ 'ઈશકમેં ગૈરતે જજ બાત ને રોને ન દિયા. વર્ના કયા બાતથી જિસ બાત ને રોને ન દિયા !'... જયારે જયારે ટાઉનહોલથી પસાર થઈએ ત્યારે ત્યારે ટાઉનહોલની દિવાલોમાંથી પણ બેગમ અખતરની અમદાવાદમાં તેમની આખરી મંઝિલની ગઝલોના રણકા યાદ આવી જાય છે. જે લોકોએ બેગમ અખતરનું સંગીત સાંભળ્યુ નથી તેમણે જીવનનો એક અણમોલ લહાવો ગુમાવ્યો છે. તેઓ કહેતાં: "સંગીત કલા ભગવાન કી દેન હૈ. ભગવાન દેતા હૈ ઔર ગુરૂ સિખાતા હૈ... લેકિન ખૂબ રિયાજ કરના ભી બહોત જરૂરી હૈ!!!"

### ખિડકી

મૌતને તમે WISH (વિશ) કરો કે નહીં પણ દરેકના હોઠ પર લખાયેલું વિષકન્યાનું કમ્પલસરી ચુંબન છે. બુઝાતી મીણબત્તીનું આખરી કંપન છે ! મૌત, વન એન્ડ ઓનલી વન છે.- સંજય છેલ

### ઝબકાર

ભારતની સર્વ પ્રથમ સ્ત્રી સંગીતકાર સરસ્વતીદેવી, જે મૂળ પારસી સન્નારી હતાં. એ ગુજરાતી પ્રજાનું ગૌરવ છે !!

> આ લેખોમાં પ્રગટ થતાં વિચારો લેખકના પોતાના છે **વેસ્ટર્ન ટાઈમ્સ**તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# તલમાં દૂધની સરખામણીએ ૮ ગણું વધારે કેલ્શિયમ જોવા મળે છે

મોટાભાગના લોકો માનતા હોય છે કે દૂધમાં સૌથી વધુ કેલ્શિયમ હોય છે જેને લઈને બધી જ માતાઓ તેમના બાળકોને દૂધ પીવડાવવાને વધુ મહત્ત્વ આપે છે. ઘણા લોકોને નાનપણમાં દૂધ પીવાની આદત પડી હોય તે લાંબા સમય સુધી રહે છે અને તેઓ મોટા થઈને પણ રોજ દૂધ પીવે છે પરંતુ શું તમે જાણો છો કે દૂધના એક ગ્લાસ કરતાં ૮ ગણું કેલ્શિયમ એક નાનકડા બીજમાં જોવા મળે છે. જો તમે ખરેખર કેલ્શિયમ, પ્રોટીન અને ફાઈબર જેવા તત્ત્વો તમારા શરીરમાં લાવવા માંગો છો તો તમારે સેસમે બીજ ખાવા જોઈએ. માસિક સ્ત્રાવ દરમિયાન કરે છે મદદ : જે મહિલાઓ માસિક સ્ત્રાવ સાથે જોડાયેલી સમસ્યાનો સામનો કરી રહી છે તેમના માટે તલ ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. તલમાં ફાઈટોઈસોજિન્સ જોવા મળે છે જે અનિયમિત માસિક સ્ત્રોતની સમસ્યાઓને ઠીક કરવામાં મદદરૂપ સાબિત થાય છે. મેનોપોઝમાં મહિલાઓએ પોતાના હાડકા મજબૂત કરવા માટે તલનું સેવન કરવું જોઈએ.સેસમે સીડ્સ એટલે કે, તલમાં દૂધની સરખામણીએ ૮ ગણું કેલ્શિયમ જોવા મળે છે. જો તમે તમારા હડકાં મજબૂત કરવા માંગતા હોવ અને ભવિષ્યમાં સપ્લિમેન્ટ્સ ન લેવા માંગતા હોવ તો તમારે જરૂરથી તલનું સેવન કરવું જોઈએ.

# સમગ્ર જીવનનો સાર છે તું

## મન ઝરૂખો

-સ્નેહલ નિમાવત



પ્રશ્ન છે તો જવાબ છે તું સમજી જા,  
સાંજ છે તો સવાર છે તું સમજી જા.  
બાગમાં એજ ફૂલની સુંગંધો તું,  
ફાલ છે પણ અફાટ છે તું સમજી જા.  
આપણો ખુદ સમાજ છે ભીતર જો તું,  
.સૂર્ય ખુદ એ જ ચાંદ છે તું સમજી જા.  
પ્રેમ ઘરનો પહાડ છે આંગણ તારે,  
જ્યોત વચ્ચે દીવાલ છે તું સમજી જા.  
તુંજ શૂન્ય વસંત વર્તુળ દેખ 'ભરત'  
શબ્દ રૂપી પ્રકાશ છે તું સમજી જા.  
-ભરતવાળા

ભરત વાળા જેમનું ઉપનામ છે દાસ ભરતજી.૧-૬-૭૩માં તેમનો જન્મ ભાવનગર પાસે ઠળિયા ગામે થયો હતો.શિશુવિહાર બુધસભામાં,સિલ્ડ ટ્રોફી સાથે તઓ સન્માનિત થયા છે.પરમ પૂજ્ય મોરારીબાપુ દ્વારા તેઓ ત્રણ વાર સન્માનિત થયા છે.દિલ્હી આયોગ અધ્યક્ષ શ્રી કમલાબેન ગર્જર દ્વારા સન્માનિત થયા છે.અવારનવાર તેઓ વિવધ સંસ્થા તેમજ સમાજ દ્વારા સન્માન પામતા રહે છે.૧૯૯૫ થી ૨૦૧૮ સુધીમાં તેમના ૨૧ જેટલા પુસ્તકો પ્રકાશિત થઇ ચુક્યા છે. સીધુ સાદુ જીવન,સરળતા અને આધ્યાત્મકતા તેમના વ્યક્તિત્વમાંથી ઝળકે છે.પરમ પુજ્ય મોરારીબાપુ,માય ડિયર જયુ,અને શ્રી તખ્તસિંહજી પરમારનું પ્રોત્સાહન અને પ્રેરણા તેમને મળેલી છે.તેમનું પવિત્ર મન તેમની રચનાઓમાં અનુભવાય છે. તેમની આ ગઝલ હંમેશા મમળાવવાની ઈચ્છા થાય તેવી છે.

'પ્રશ્ન છે તો જવાબ છે તું સમજી જા,  
સાંજ છે તો સવાર છે તું સમજી જા.'

જીવનના પથ પર જીવન સાથીની લાગણી જો મળી જાય તો જીવન સફર ખુશીથી વિતે છે. તકલીફમાં પોતીકાનો સાથ હોય તો તકલીફ રૂપી તડકો પણ કુણો લાગે છે. જીવન રૂપી પ્રશ્ન અનેક છે અને એનો જવાબ તું છે. જીવનનો સાર તું જ છે. કેમકે જયારે કોઈ સાથે લાગણી બંધાય તો સમગ્ર જીવન જ કોઈક ખાસ બની જાય છે.

'બાગમાં એ જ ફૂલની સુંગંધો તું,  
ફાલ છે પણ અફાટ છે તું સમજી જા.'

બાગમાં આવતી ફૂલની સુગંધ છે તું. પ્રેમ રૂપી ફસલનો ફાલ છે તું. જીવનની હર ખુશી છે તું. તડકામાં છાંયડો બની મારા જીવનમાં પ્રવેશ કર્યો છે તેં. તડકામાં વરસાદની જેમ ઠંડક છે તુ અને તારા સિવાય જીવનમાં આવતી બધી ખુશી ફિકી છે કેમ કે મનથી મારા જીવનમાં સર્વસ્વ તુ છે.

'આપણો ખુદ સમાજ છે ભીતર જો તું,  
સૂર્ય ખુદ એ જ ચાંદ છે તું સમજી જા.'

સમાજ આપણાથી બને છે. સમાજ આપણી ભીતર છે. માટે સમાજ શું કહેશે એ ચિંતા કર્યા વગર આપણી ખુશી માટે અને આપણા પરિવારની ખુશી માટે જીવવું જોઈએ. આપણે જ આપણા જીવનના સર્જનહાર છીએ. સૌથી પહેલા આપણે આવીએ પછી જ સમાજ અને મિત્રો.

'પ્રેમ ઘરનો પહાડ છે આંગણ તારે,  
જ્યોત વચ્ચે દીવાલ છે તું સમજી જા.'

પ્રેમ આપણા જીવનમાં હદયમાં સમાયેલી એ ભાવના છે જે જીવનને ખુશીથી ભરી દે છે. જે ઘરમાં સૌ હળી મળીને રહે છે એ ઘરમાં દુઃખ ક્યારેય આવતુ નથી. સંસારમાં પ્રેમથી સુંદર લાગણી બીજી કોઈ નથી. પ્રેમ જતાવવાથી વધે છે. મનથી એક વાર લાગણી બંધાય તો એ લાગણી હર પળ વધ્યા કરે છે. પ્રેમ આપણા જીવનને ખુશીથી ભરી દે છે.

'તું જ શૂન્ય વસંત વર્તુળ દેખ 'ભરત'  
શબ્દ રૂપી પ્રકાશ છે તું સમજી જા.'

પ્રેમ જ આપણી દુનિયામાં વસંત લઈને આવે છે. તું જ શૂન્ય છે અને તું જ શબ્દ રૂપી પ્રકાશ છે.પ્રેમ અનુભવાય છે પણ જયારે એ લાગણી શબ્દ દ્વારા અભિવ્યક્ત થાય તો એ લાગણીના છોડને વધારે ખીલવે છે. પ્રેમ મનમાં હોય તો જીવનમાં નવા આયામ અને ખુશી બમણી કરે છે.

અંતની અટકળ

જ્યાં પ્રેમ હોય ત્યાં બીજુ કંઈ શેષ નથી રહેતુ. પ્રેમ હદયનો ભાવ છે. આપણે જેને દિલથી ચાહ્યા હોય તો એની ખુશી માટે તકલીફ વેઠીને પણ કંઈપણ કરવા આપણે તૈયાર હોઈએ છીએ.

# કાળઝાળ ગરમીમાં તકમરિયા પેટમાં ઠંડક લાવવા અને પાચન સંબંધિત તકલીફોમાં રાહત આપશે

૧ . હાલ ધમધોખતા તાપથી લોકો પરેશાન થઈ રહ્યા છે. બળબળતી ગરમીથી છૂટકારો મેળવવા લોકો ઠંડક મેળવવાના પ્રયાસો કરતા હોય છે. ગરમીમાં લીંબું સરબત, શિકનજી, શેરડીનો રસ, નાળિયેર પાણીનું લોકો સેવન કરતા હોય છે અને ઠંડક મેળવતા હોય છે. ત્યારે તકમરિયા પોષક તત્ત્વોથી ભરપૂર હોય છે અને આવીચામડી દઝાડતી ગરમીમાં તકમરિયાનું સેવન કરવાથી પેટને ઠંડક મળે છે તેમજ પાચન સંબંધી તકલીફોમાં રાહત આપે છે. એક સંશોધન અનુસાર તકમરિયામાં સિમિત માત્રામાં કેલેરી સમાવેલી હોય છે. આ સાથે પ્રોટીન, કેલ્શિયમ, આર્યન, પોટેશિયમ, વિટામીન-એ, વિટામીન-સી અને ફાઈબરનું એક ઉત્તમ સ્ત્રોત છે. તેમાં ઓમેગા-૩ ફેટી એસિડ પણ સમાયેલું હોય છે. આ પોષક તત્ત્વો સ્વાસ્થ્ય માટે ફાયદાકારક માનવામાં આવે છે.

તકમરિયાને રાતના પાણીમાં પલાડીને સેવન પણ કરી શકાય છે. અથવા તો એક-બે કલાક પણ પાણીમાં રાખવા જોઈએ. પાણીમાં પલળવાથી તકમરિયા ફૂલી જતા હોય છે જેને શરબત, લીંબું પાણી, સ્મુદી, દૂધ તેમજ અન્ય ડ્રીંક સાથે ગાર્નિશ કરવા માટે ઉપયોગમાં લઈ શકાય છે. તકમરિયામાં પ્રર્યાપ્ત માત્રામાં ફાઈબર સમાયેલું હોય છે જે શરીરમાં સમાયેલા એચસીએલના એસિડીટી ઈફેકટને ન્યુટ્રલાઈઝ કરે છે જેથી તેના સેવનથી એસિડીટી અને છાતીમાં બળતરામાં રાહત થાય છે. પેટને ઠંડક પ્રદાન કરે છે તેમજ ગરમીમાં અપચાના કારણે બળતરાને ઓછી કરે છે. પેટમાં ગેસનો ભરાવો થવા પર પણ તકમરિયાનું સેવન ફાયદાકારક છે. એક કપ દૂધ સાથે તેનું સેવન કરવાથી પેટની બળતરા, અપચો અને એસિડીટી જેવી સમસ્યાથી છૂટકારો મળે છે.

તકમરિયાનું નિયમિત સેવન ઈમ્યુનિટીને બૂસ્ટ કરવામાં મદદ કરે છે. રોગપ્રતિકારકશક્તિ મજબૂત હોય તો શરદી-ઉધરસની તકલીફ સતાવતી નથી. યુરિન ટ્રેકમાં ઈન્ફેકશન ગરમીના દિવસોમાં યુરિન ટ્રેકમાં ઈન્ફેકશન થવાનું સામાન્ય છે. એવામાં તકમરિયાના પાણીનું સેવન ગરમીમાં શરીરને હાઈડ્રેટ રાખે છે અને યુરિન ટ્રકની સમસ્યાથી બચાવે છે.

૨. ત્વચાના નવા સેલ્સને બનાવવામાં મદદ કરે છે

તકમરિયાનું સેવન જ નહીં પરંતુ તેને ત્વચા પર લગાડવાથી પણ ફાયદો થાય છ. શુષ્ક ત્વચા અને સનટેન પર તકમરિયાને તવચા પર લગાડી શકાય છે. તકમરિયાને મિકસરમાં પીસી તેને કોપરેલ સાથે ભેળવી તવચા પર લગાડવું. ત્વચા ઈન્ફેકશન તેમજ સોરાયસિસ જેવી સમસ્યાઓમાં પણ લાભકારી નીવડે છે. તેમજ તકમરિયાનું નિયમિત સેવન કોલેજન પ્રોડકશનને વધારે છે જે ત્વચાના નવા સેલ્સને બનાવવામાં મદદ કરે છે તથા તકમરિયાનું સેવન હેર ફોલિકલસ માટે પણ ફાયદાકારક છે. તેમાં પર્યાપ્ત માત્રામાં આર્યન, વિટામીન કે અને પ્રોટીન સમાયેલા હોય છે. આ સઘળા પોષક તત્ત્વો વાળના હેલ્ધી ગ્રો માટે બહુ જરૂરી હોય છે. તેમાં સમાયેલા એન્ટિઓક્સિડન્ટ તેની ગુણવત્તા વધારે છે.

૩. સુગર કંટ્રોલ કરવામાં મદદ મળશે

સુગર કંટ્રોલ માટે ફાયદાકારક તકમરિયાનું સેવન શુગરને કંટ્રોલ કરવાનો ગુણ ધરાવે છે. ડાયાબિટીસના રોગી તેનું સેવન દૂધ સાથે કરી શકે છે જે લોકોને ડાયાબિટીસ થયાનું જાણ થાય છે તેમને રકત શર્કરાના સ્તર પર ધ્યાન રાખવાની વધુ આવશકયકતા હોય છે. ઘણા સંશોધનોમાં જોવા મળ્યું છે કે, ભોજન તરત જ પહેલાં તકમરિયાનું સેવન કરવામાં આવે તો ભોજન પછી બ્લડશુગરનું લેવલ વધતું નથી.

# સપ્તાહની ભાગ્યવાણી

## તા.૨૦.૫.૨૦૨૪ થી તા.૨૬.૫.૨૦૨૪


ભરતભાઈ ભાવસાર (**કૃત્તિકા જ્યોતિષ કાર્યાલય**) દિલ્હીદરવાજાબહાર, બી.જી. ટાવરની બાજુમાં, શાક માર્કેટની સામે, કાળકા માતાની વાડીમાં, અમદાવાદ-૪ ફોનઃ ૨૫૬૨૬૪૨૧/મો. ૯૮૨૫૩૩૪૫૩૭





મેષ : સોમવાર વાદવિવાદ કોર્ટ કચેરીના કામમાં રાહત મળશે. મંગળવાર અટપટા તેમજ ખૂબ ગંભીર કામો ઉકલશે. બુધવાર પરદેશ જવાના કામોમાં આપને સફળતાઓ મળવાની છે. ગુરૂવાર આપના દરેક કામોમાં આપને અવરોધ આવશે. શુક્રવાર મોસાળ પક્ષ અને ભાઈઓને મુશ્કેલીઓ વધવાની છે. શનિવાર દરેક બાબતમાં શુભ દિવસ પસાર થાય. રવિવાર આપનો સ્વભાવ ખૂબજ રોમાંટીક અને ઉત્સાહી બનશે.




વૃષભ : સોમવાર દામ્પત્ય જીવનમાં પ્રસન્નતા અનુભવશો. મંગળવાર દૈનીક આવકમાં ઘટાડો થાય. બુધવાર શિક્ષણ તેમજ સંતાનોના કામોમાં સફળતા મળશે. ગુરૂવાર લાંબા સમયથી અટવાયેલા કામોમાં સફળતા મળશે. શુક્રવાર દસ્તાવેજી કામકાજમાં લાભ થવાનો છે. શનિવાર સગાઈ-લગ્ન માટેના કામ માટે મુસાફરી કરવી પડે. રવિવાર ખર્ચ કરવાની વૃતિ પર સંયમ રાખવો જરૂરી છે.




મિથુન : સોમવાર આપની માનસીકતા નકારાત્મક રહેશે. મંગળવાર જમીન અભ્યાસના કામોમાં નુકશાન થાય. બુધવાર ધંધા વ્યવસાયમાં આપને લાભ થવાનો છે. ગુરૂવાર આજે આપના પર કુદરત મહેરબાન રહેશે. શુક્રવાર આપના આરોગ્ય તેમજ સમાજના કામોમાં લાભ થાય. શનિવાર ઉત્તમ કાર્યો ઉત્તમ રીતે પૂર્ણ થશે. રવિવાર પરિવારના સહકારથી તમામ કાર્યો પૂર્ણ થાય.





કર્ક : સોમવાર આજનો દિવસ શુભ પસાર થશે નહી. મંગળવાર દરેક કામોમાં વિલંબ નિષ્ફળતા મળશે. બુધવાર ધાર્મીક તેમજ સેવાના કામોમાં સામેલ થવાશે. ગુરૂવાર શ્વસુર પક્ષના સભ્યો સાથે મુસાફરી થાય. શુક્રવાર પરદેશ તેમજ લાંબા અંતરની મુસાફરી માટેનો ઉત્તમ દિવસ. શનિવાર ધંધા વ્યવસાયમાં આપને ઉન્નતિ દેખાશે. રવિવાર દરેક રીતે ફાયદાવાળો દિવસ.




સિંહ : સોમવાર આપના જીવનસાથીના આરોગ્યમાં તકલીફો થાય. મંગળવાર જાહેર જીવન તેમજ સામાજીક કામોમાં અપમાનીત થાવ. બુધવાર અગત્યના કામો કરશો નહી તેમાં જ હીત છે. ગુરૂવાર આરોગ્યના પ્રશ્નો ઉભા થવાના યોગ છે. શુક્રવાર લખાણ ભાઈ ભાંડુના કામોમાં મુશ્કેલીઓ આવશે. શનિવાર ધર્મ લાભ અને પ્રવાસ યોગ બને છે. રવિવાર પરિવાર સાથે પીકનીક પર જવાના યોગ છે.




કન્યા : સોમવાર આરોગ્યમાં સુધારો થાય. મંગળવાર અજાણ્યા વ્યક્તિઓથી સાવધ રહેવું જરૂરી છે. બુધવાર આપની માતા અને જીવનસાથી સાથે તાલમેલ સારો રહેશે. ગુરૂવાર લગ્ન જીવનની સમસ્યાઓ ઉકેલવા માટેની તક મળશે. શુક્રવાર વાહન સંભાળીને ચલાવશો અકસ્માતના યોગ છે. શનિવાર કોર્ટ કચેરીના કામોમાં સફળતા મળવાની નથી. રવિવાર આર્થીક લાભ મળવાના યોગ છે.




તુલા : સોમવાર સંતાનો તેમજ જીવનસાથી માટે ખર્ચ થાય. મંગળવાર વિદ્યાર્થી મિત્રોને અભ્યાસમાં અવરોધ આવે. બુધવાર મોસાળ પક્ષ તરફથી લાભ થવાનો છે. ગુરૂવાર આપની માતાની માંગણીઓ ઈચ્છાઓ પુરી કરવાની થશે. શુક્રવાર અજાણ્યા વ્યક્તિઓ તરફથી લાભ થવાનો છે. શનિવાર દામ્પત્ય જીવનમાં ઘર્ષણ થાય. રવિવાર આપનુ આરોગ્ય સારૂ થવાનું છે.




વૃશ્ચિક : સોમવાર આપની માતા આપના મોસાળે જવાના યોગ છે. મંગળવાર ઉચ્ચશિક્ષણના કામોમાં સફળતા મળવાની છે. બુધવાર સંતાનો તરફથી કોઈ લાભ થવાનો નથી. ગુરૂવાર સ્પર્ધાત્મક કામોમાં સફળતા મળશે. શુક્રવાર શેર સટ્ટામાં આજે લાભ થવાનો છે. શનિવાર નોકરીયાત વ્યક્તિઓને મુશ્કેલી થાય. રવિવાર આજરોજ આપનું આશીક દેવું ચુકવશો.




ધન : સોમવાર પરદેશ તેમજ દૂરના સ્થળેથી સારા સમાચાર મળે. મંગળવાર મુસાફરી દરમિયાન કાયદાનું પાલન કરવું હીતાવહ છે. બુધવાર શિક્ષણ અંગેના કામોમાં સફળતા મળશે. ગુરૂવાર પરિવાર તેમજ ભાઈ બહેન સાથે મુસાફરી થાય. શુક્રવાર આપના ધંધા વ્યવસાયમાં પ્રગતિ જોવા મળશે. શનિવાર આપની માતા અને સંતાનો વચ્ચે મનદુઃખ થશે. રવિવાર શત્રુઓ તેમજ મિત્રોથી લાભ થાય.




મકર : સોમવાર આવકના સ્તોત્રમાં વધારો થવાનો છે. મંગળવાર આજે જે નાણા મળશે તે બેનંબરના હોઈ શકે. બુધવાર ધાર્મીક સ્થળની યાત્રાઓ થાય. ગુરૂવાર વૃધ્ધાશ્રમ તેમજ વડીલોની સેવાની તક મળશે. શુક્રવાર નોકરીયાત વ્યક્તિઓ માટે શુભ દિવસ છે. શનિવાર માનસીક તનાવ રહેવાનો છે. રવિવાર મોજમસ્તીમાં દિવસ પસાર થશે.




કુંભ : સોમવાર ધંધા વ્યવસાયમાં આપને વધુ ધ્યાન રાખવું પડશે. મંગળવાર બ્લેક મેજીકની અસર થાય તેવા પ્રબળ યોગ છે. બુધવાર પરિવારના સભ્યોમાં આપના માટે મનદુઃખ થાય. ગુરૂવાર નાણાનો વ્યર્થ ઉપયોગ થવાનો છે. શુક્રવાર આપના સંતાન અને આપના આરોગ્ય માટે ખર્ચ થાય. શનિવાર મુસાફરી થાય તેવા યોગ બને છે. રવિવાર ધાર્મીક વ્યક્તિ તેમજ સ્થળની મુલાકાત થાય.





મીન : સોમવાર શ્વસુર પક્ષ માટે દોડધામ કરવી પડશે. મંગળવાર ચોરી છેતરપીંડી તેમજ વિશ્વાસઘાતનો અનુભવ થાય. બુધવાર આધ્યાત્મીકતામાં વધારો થાય હકારાત્મક બનશો. ગુરૂવાર સેવા કરવાની ભાવના બળવત બનશે. શુક્રવાર આરોગ્યમાં મુશ્કેલીઓ આવશે. શનિવાર નાણાકીય આયોજનમાં સારી સફળતા મળશે. રવિવાર ધન પ્રાપ્તીનો દિવસ છે.

# પડોશીધર્મં સમાચરેત્



જરા હસી લે
-પ્રા. દિનકરદેસાઈ "વિશ્વબંધુ"



દુનિયામાં અનેક ધર્મો પળાય છે અને પ્રત્યેક ધર્મ પર દળદાર થોથાં લખાયાં છે, પણ અફસોસ એ વાતનો રહે છે કે દુનિયામાં સર્વ પ્રથમ જે ધર્મ સ્થપાયેલો તેની વિસ્મૃતિ થઈ ગઈ છે. એ ધર્મ તે પડોશીધર્મ, આ પડોશીધર્મ વધુ વ્યાપક અને ગહન હોવાને લીધે તેના ઉપર કોઈએ કલમ ચલાવી નથી. અન્ય ધર્મોના સંબંધો સમૂહ-સમૂહ વચ્ચે હોય છે, જયારે પડોશીધર્મનો સંબંધ વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે છે. કેટલાક સાધુઓ લોહના અણીદાર ખીલા પર સૂઈ જાય છે અને સળગતા કોલસા પર ચાલે છે, પણ પડોશીધર્મ પાળતાં કાંટા અને અંગારાનો અનુભવ કરનારા મહાત્માઓની વાતો હજુ જાણી નથી.

પડોશીધર્મ એક એવો ધર્મ છે, જેનાથી બધા બચવા માગે છે, છતાં એના વિના રહી પણ શકતા નથી. જીભનો - કડવી અને મીઠી બન્ને જીભનો- સુરેપે ઉપયોગ કરવા માટે પડોશીધર્મની શોધ કરવામાં આવી છે. મારા એક મિત્રને મેં પૂછ્યું, 'બબલુભાઈ સાથે તમારે બામો ચંદ્રમાં કેમ છે?' મને જવાબ મળેલો, 'એ મારા પાડોશી છે.' કોઈ ગુંડો આપણાથી દૂર રહેતો હોય તો આપણી નજરમાં એ સારો માણસ ગણાય. પણ કોઈ સભ્ય આપણી પડોશમાં રહેતો હોય તો ભૂંડો ગણાય છે, એટલે દુનિયાની મૂર્ખમાં મૂર્ખ અથવા અસભ્યમાં અસભ્ય વ્યક્તિ જો કોઈ હોય તો તે આપણો પડોશી હોઈ શકે અને એની તુલનામાં આપણે વધારે વિદ્વાન અને સભ્ય છીએ. હું માનું છું કે, પડોશીધર્મ દ્વારા પ્રાપ્ત કરેલ આ ભાવ માણસમાં ન હોય તો, તે હંમેશાં પોતાને હીનભાવનો શિકાર માની લે. પડોશીની પત્ની ભંગાર દેખાય અને આપણી જાણે ઉર્વશી, અપ્સરા ! પડોશીની કાર ખટારો લાગે અને આપણી ખટારા જેવી સાયકલ ફલાઈંગ કવીન લાગે ! પડોશીનાં બાળકો જાણે જંગલનાં જંગલી ભૂંડ અને આપણાં બાળકો રડતાં રહે કે ગંદાં રહે, તોપણ તેમનામાં કલ્ચરની ઝલક ઝળહળી રહેલી જણાય !

ક્યારેક પડોશીની સ્ત્રી અમારી સ્ત્રી કરતાં તુલનામાં વધારે સુંદર, સમજદાર અને સભ્યતાવાળી લાગે છે, પરંતુ આ દૃષ્ટિ કોઈ પડોશીધર્મની દેન નથી. મારા વિચારો પ્રમાણે તો પડોશીની પત્ની પરસ્પર સુંદર ન લાગે તો લોકો એકબીજાની પડોશમાં રહે જ નહીં. મનુષ્યમાત્રની સામાજિકતા કદાચ આવી ધારણાને કારણે જ ટકી રહી છે. જો એમ ન થાય તો, મનુષ્યને આપણે સોશિયલ એનિમલને સ્થાને માત્ર એનિમલ કહેત. પશુમાં ખપી ન જવાય તેની તકેદારી રાખવા માટે જ બધા પડોશીધર્મને વળગી રહ્યા છે.

ભાણાંનું ઘર વારંવાર બદલતા રહેવાથી થોડું ઘણું વધતું રહે છે એ સાચું છે, તો જાતજાતના પડોશીઓના સમાગમનો લાભ સતત પ્રાપ્ત થતો રહે છે એ પણ એટલું જ સાચું છે. અમારા એક પડોશી ઉનાળામાં એમને ત્યાં મહેમાનો આવે ત્યારે અમારા ફ્રિજમાંથી બરફ મેળવવા મરણિયા પ્રયત્નો કરતા. ટેલિફોન કરવા હસતા હસતા આવતા. છાપું વાંચવા આવતા અને ચા પીને પાછા જતા ! જરૂર પડે અમારા સ્કૂટરનો ઉપયોગ કરતા અને સ્પેરપાર્ટસ સખળડખળ કરીને પાછું મૂકી જતા. ગોળ-ખાંડ-ચા-તેલનો એમના ઘરમાં અભાવ ઉભો થતાં ભાવ કરીને અમારે ત્યાંથી સિફતથી લઈ જતા અને પાછું વાળવાની ફાવટ ન હોવાથી એમનો નિભાવ સારી રીતે થતો ! અમે સજ્જન એટલે એમની સજ્જનતાને આંચ ન આવે તે જોવાની અમારી ફરજ સમજીને સહન કર્યે જતા. પરંતુ દરેક બાબતને હદ તો હોય જ ને ?

એટલે એક દિવસ પડોશીને બોલાવીને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું : 'કોઈ મકાન હોય તો કૃપા કરીને શોધી આપશો.' એમણે કહ્યું : 'અહીં શું ખોટું છે, તે બદલો છો?' મેં કહ્યું : "બદલવાની જરૂર ઉભી થઈ છે, ત્યારે તો તમને કહું છું. જુઓને તમારી પાસે શું નથી? બધું જ છે. છતાં મારે જેની જરૂર હોય છે તેની તમારે પણ જરૂર હોય છે. હું કેટલીકવાર મારે ત્યાં જ જરૂર ન હોય તેના વિના ચલાવી લઉં છું અને તે તમારે ત્યાં માંગવા આવતો નથી. પણ તમે તો મારે ત્યાં કંઈક જોઈ ગયા હો કે દોડતા આવો છો. મારાં બાળકો જેવા જ તમારાં બાળકોને શોખ છે અને 'અમારો બાબો રડે છે, તમારાં રમકડાં આપોને?' એમ કહી લઈ જવાયેલાં રમકડાં પાછાં આપતાં તમને ચૂંક આવે છે અને કદીક પાછાં આપો છો ત્યારે મહાયુદ્ધમાં ભાગ લઈને આવ્યાં હોય તેમ ઘાયલ થયેલાં મળે છે.'' આવું સાંભળતાં કટાણું મોં કરીને તેઓશ્રી જુસ્સામાં જતા રહ્યા, ઘરનાં બારણાં બંધ કરી દીધાં અને અમારાં બારણાં ખખડાવવાને બદલે એમના ઘરનાં બારણાં ખખડાવવાના કામે લાગી ગયા.

આવા કડવા અનુભવો થયા પછી પણ મનુષ્યપ્રાણીઓ 'આપણો કોઈ પડોશી હોય' તેમ ઈચ્છે છે. જે લોકો મોટા કમ્પાઉન્ડમાં એકાકી બંગલો બાંધીને રહે છે તેઓ ભારે દુ:ખી છે, કારણ કે એવા લોકો એક ખૂણામાં પડી રહે છે અને એમના તરફ કોઈ નજર નાખતું નથી. એમને કોઈની સાથે વાત નહીં ને ચીત નહીં, ન મળવાનું કે મુલાકાત, ન હસવું કે બોલવું, ન કોઈ બસની ક્યૂમાં તમારી સાથે વાત કરે અને સાંજે હારેલા-થાકેલા- માંદલા જેવા ઘરમાં આવી દાખલ થઈ જવાનું જ રહે. આજુબાજુ બીજા ઘણા બંગલા હોય પણ કોઈ તમારું નામ પણ ન જાણે ! અને તમારો બંગલો શોધનારા ત્યાંથી બે-ચાર વાર પસાર થઈ ગયા હોય તો પણ તમારા સુધી પહોંચતાં થાકીને લોથ થઈ જાય, માટે સારા કે ખોટા પડોશીઓ તો હોવા જ જોઈએ.

'પહેલો સગો પડોશી'એ કહેવત સાર્થક છે અને સગો જેમ પારકું પોતાનું ગણે અને હકદાવે માગે તો તેમાં કશું ખોટું નથી, કારણ કે સાચા સગાનાં એ લક્ષણો છે. આપણા કેટલાય સગાઓ ઉધાર લઈ ગયેલા નાણાં કે વસ્તુઓ પાછી આપવા ટેવાયેલા નથી અને તેવું પડોશીઓ કરે તે યોગ્ય જ છે, કારણ કે એ આપણો પહેલો સગો છે અને પડોશમાં રહેતો હોવાથી એનાં પગલાં આપણે ત્યાં પહેલાં પડે અને કેટલીક વસ્તુઓ મનેકમને એમના પુરુષાર્થના પરિણામે પગ કરી જાય તો તે શોકનો વિષય નથી, પણ આનંદનો વિષય છે.

કેટલીક વાર તો એકબીજાની પડોશમાં રહેવા છતાં કોઈ કોઈનો પડોશી ન હોય તેવો વ્યવહાર થતો દેખાય છે. આપણે એકબીજાથી અજાણ્યા છીએ. એક જમાનો એવો હતો, જયારે એકબીજાને આપણે મતલબી કહેતા હતા અને હવે એવી રીતે વર્તીએ છીએ, જાણે આપણને કોઈની પડી નથી. ફળિયાના કે સોસાયટીના બધા લોકોની આપણને ખબર રહેતી અને જાણતા હતા કે કોને ત્યાં શું બન્યું છે? કોની છોકરી કોના છોકરા પાછળ પડી છે ? કે વાળ હોળતી કોની છોકરી કોને કોના છોકરો વ્યવસ્થિત જોઈ રહ્યો છે ? અને જાહેરાત કરતા કે કોઈને કોઈ દિવસ આ છોકરો કે છોકરી કંઈક ગરબડ કરવા શક્તિમાન થશે. જે વૃદ્ધો હતા તેમનો એક જ ધંધો રહેતો અને તે ખાઈપીને ઓટલે બેઠા બેઠા ફળિયાની ગતિવિધિ પર સર્વગ્રાહી નજર રાખવી અને એ ભલા જીવો ફળિયામાં કોઈનું નાક કપાય તેવું બને, તો જાણે પોતાનું જ દીઠ ઉંચનું નાક કોઈએ કાપી લીધું હોય તેમ નાકે હાથ ફેરવતાં ફેરવતાં ઘેરા શોક સાથે સેંકડો ઊંહકાર મુખમાંથી સરી જવા દેતા. આવો પડોશીધર્મ હવે રહ્યો નથી. એ સમય પડોશીધર્મનો સુવર્ણકાળ હતો. આજે ઘણા ધર્મો ઉન્નતિને બદલે અવનતિ તરફ ગતિ કરી રહ્યા છે, તેમ પડોશીધર્મમાં પણ દુર્ઘટનાઓ થતી જોવા મળે છે.

દરેક ધર્મમાં કેટલાક સિદ્ધાંતો અને નિયમો જોવા મળે છે અને પડોશીધર્મ જેવા સમૃદ્ધ ધર્મના કોઈ નીતિનિયમો ન હોય તેવું બનવું અસંભવિત હોવાથી એ નિયમો પ્રગટ કરવામાં આવે છે.

પહેલો નિયમ : યુવાન પેઢીને ગમે તેટલી કિંમતે પણ સ્વચ્છંદી બનતી અટકાવવી. પરણેલા મરદો કુંવારા-યુવાન છોકરાઓ પર અને સ્ત્રીઓ કુંવારી છોકરીઓ પર નજર રાખે. એક પડોશી બીજા પડોશીનાં બાળકો પર નજર રાખે અને બીજો પહેલાંના બાળકોને નજર બહાર જવા ન દે. જે કંઈ જોવા-જાણવામાં આવે તે એકબીજાને કંજૂસાઈ કર્યા વિના કહેતા રહેવું.

બીજો નિયમ : ઝઘડો ન થતો હોય તો ઉભો કરવો અને પછી ઝઘડાનું સમાધાન કરાવવા રહીસહી શક્તિ કામે લગાડવી. હું તમારા ઝઘડાનું સમાધાન કરાવું, તમે મારા ઝઘડાનું સમાધાન કરાવો. પતિ-પત્ની, સાસુ-વહુ, બાપ-બેટાના ઝઘડામાં અવશ્ય માથું મારવું, કારણ કે, 'પારકો ઝઘડો પોતાનો જ ગણાય.' એવો સદ્‌વિચાર રાખીને 'પડોશીને ત્યાં શાંતિ, તો પોતાને ત્યાં પણ શાંતિ' એમ વિચારી ઝઘડાનું નિરાકરણ આવે તે જોવું. આપણે માત્ર આપણા જ ઝઘડા પતાવીને બેસી રહીએ તો તો પડોશી ધર્મ શેનો? અને જિંદગી જીવવાની પછી મજા જ શી રહે ? આ માટે ઝઘડાને પહેલાં વધારવો જોઈએ, જેમ છોડને ઉછેરવા પાણી-ખાતર ઈત્યાદિ આપવાં પડે છે અને અગ્નિ બરાબર પ્રગટે તેથી ઘૃત નામનો પદાર્થ નાખવો પડે છે, તેમ પડોશમાં ઝઘડો ફાલેફૂલે તેમ કરવું, જેથી પછી તેની પતાવટ કરવાની મજા આવે અને 'આ આપણો શાંતિચાહક પડોશી ન હોત તો આપણે લડી મરત'એવું દિવ્ય જ્ઞાન બીજાને થાય.

ત્રીજો નિયમ : પડોશીના અહંકારનો નાશ કરવો. પછી એવી સ્ફૂર્તિદાયક સ્થિતિ ઉભી થશે કે, હું તમારો અહંકાર દૂર કરું, તમે મારો અહંકાર દૂર કરો અને આપણે બંને ભેગા થઈ ત્રીજા પડોશીનો અહંકાર દૂર કરીએ, તો અહંકાર જેવું નકામું તત્ત્વ દૂર થતાં સમગ્ર જગત નિરહંકારી બની જશે. અહંકાર ધન-દોલતનો, વિદ્યાનો, પોતાનાં બાળકોનો, ખાનદાનનો, નામનો ને ગામનો બધાને બધાંનો હોય છે જ. આપણે કટિબદ્ધ બનીને અહંકારના ચૂરેપૂરા કરી નાખવા. 'એણે ધન કેવી રીતે મેળવ્યું છે તે અમે જાણીએ છીએ. આવ્યો ત્યારે દોરી, લોટો ને ગોદડીના ગાભા લઈને આવેલો.' 'એવો મખ્ખીચૂસ છે કે એની પાસે ધન ભેગું નહીં થાય, તો શું મારી-તમારી પાસે ધન ભેગું થવાનું હતું?' 'ભણ્યો છે પણ ગણ્યો નથી.' 'એનાં બાળકોને રૂપાળાં કપડાં પહેરાવે છે, પણ છંછૂદર જેવી છે.' વળી, પડોશીની અદ્વિતીય કૃપણતાનું રોમાંચક વર્ણન કરવું; એના બાપદાદાની દરિદ્ર દશા વિષે અવશ્ય કહેવું, જેથી એની ખાનદાનીની ઈમારત કડડભૂસ કરતી ધરાશાઈ થઈ જાય અને કાનમાં કહેવું : 'એની મા તો અમારે ત્યાં વાસણ માંજતી હતી અને બાપ હૂકા ભરી આપતો હતો.'

ચોથો નિયમ : 'પારકું અને પોતાનું'નો ભેદ ન રાખવો. આપણે ત્યાં હાંડવો, ઢોકળાં, ઈડલી, ઢોંસા બનાવ્યા હોય ને ખાતાં વધે તો પડોશીને ત્યાં અવશ્ય મોકલવાં અને પડોશી વધેલું ઘટેલું આપણે ત્યાં મોકલે તો સહર્ષ સ્વીકારવું ! આપણે કેટલીકવાર આપ્યું અને સામાએ કેટલીકવાર પાછું વાળ્યું તેની ગણતરી રાખવી તે સંકુચિતવૃત્તિ ગણાય, તેથી ઉદાર બનવું અને પડોશમાંથી ભાતભાતની વસ્તુઓ આવ્યા કરે અને આપણે પાછું ન વાળી શકીએ તો ખેદ ન પામવો, કારણ કે ખેદ પામવામાં પણ સંકુચિત દૃષ્ટિ રહેલી છે. એમનું છે તે આપણું જ છે અને આપણે આપણું લીધું છે. પાછું ન વળાય તેની ચિંતા ન રાખવી.

પાંચમો નિયમ : પડોશી સાથે સારો સંબંધ રાખવો, કારણ કે ક્યારે અડધી રાતે મેળવણની જરૂર પડી જાય તે કહેવાય નહીં. ક્યારે ગ્યાસતેલ કે તેલ ખૂટે કે કાંસકો તૂટે કે કપરકાબી ફૂટે તે કહેવાય નહીં, અને ત્યારે પડોશી સાથે સંબંધ રાખ્યો હોય તો તત્કાળ આપણું કામ નીકળે. સંબંધ રાખ્યો હોય તો એમના રંગીન ટી.વી. પર અઠવાડિયામાં બે-વાર ફિલ્મ જોઈ શકાય અને પંદર હજાર બચાવ્યાનો આનંદ મેળવી શકાય ! બોલ્યાનો પણ વ્યવહાર ન હોય તો કોઈ પેસવા જ ન દે અને બોલવાનો વ્યવહાર રાખ્યો હોય અને એ બોલાવ્યા જ કરે, તોપણ આપણે તો સંબંધનો લાભ ઉઠાવવો જ. પડોશી સાથે સારો સંબંધ રાખ્યો હોય તો એમનો દીકરો કે દીકરી પરણે તો ભોજનનો લાભ મળે. કોઈ પાસ થાય તો બીજાઓ કરતાં એકાદ પેંડો વધારે મળે, માટે પડોશી સાથે અતૂટ સંબંધ રાખવો અને તૂટે તો જરૂર પડે જોડી દેવો.

છઠ્ઠો નિયમ : પડોશી આપણું અહિત કરે તોપણ આપણે તો એનું હિત જ જોવું, કારણ કે એ સમૃદ્ધ અને સુખી હોય તો આપણા જ લાભમાં છે. આપણે આપણા પડોશીઓનું ભલું ઈચ્છવું, એમના માટે આપણે જૂઠું બોલવું પડે તોય બોલવું, જીવ લગાવીને બોલવું, પણ આપણા પડોશીનું અહિત નહીં થવા દેવું. આપણા પડોશીને ત્યાં આવતાં-જતાં માણસોનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવું અને એમના વિષે કંઈક અજુગતું જાણતા હોઈએ તો ખાનગીમાં ચેતવવા, જેથી એ છેતરાય નહીં. તમારી પડોશમાં જ આવું બન્યું ને ? એમ કોઈ પૂછપરછ કરે, ત્યારે આપણે નીચાજોણું ન બને અને બાઘા સિદ્ધ ન થઈએ, એટલા માટે પણ સી.આઈ.ડી.ની માફક જાસૂસી કરવી.

સાતમો નિયમ : પડોશી જો સુખી હોય તો તેનો લાભ જેટલો મળે તેટલો મેળવવો અને દુ:ખી હોય તો આપણે પણ એના દુ:ખની સાથે આપણાં દુ:ખ ગાઈને સહકારની ભાવના કેળવવી. એના દુ:ખમાં મદદ કરવી તેના કરતાં, 'આપણે બંને સમદુ:ખિયા છીએ' એવું એને જ્ઞાન કરાવવાથી એનો અસંતોષ દૂર થશે અને 'મારી પડોશમાં મારા જેવો બીજો એક દુ:ખી વસે છે' તે જાણીને એના મોં પર હળવું સ્મિત ફરકે તેવો સંભવ છે. મને તો બીજી કોઈ રીત કરતાં, દુ:ખી પડોશીને આત્મિક સુખ આપનારી આ રીત જ સર્વશ્રેષ્ઠ જણાય છે.

આઠમો નિયમ : પડોશીને પહેલો બોલાવવો, કારણ કે સગાં દૂરથી આવે, ને પડોશી પહેલો કામમાં આવે. આપણે ત્યાં વધારે મહેમાનો આવ્યા હોય, ત્યારે ફટોફટ ભોજન બનાવવું હોય તો પડોશીની પત્નીને મદદમાં બોલાવવી પડે; અથાણું કરવું હોય તો મસાલો કેટલો નાખવો અને નાખેલાને ચખાડી જોવા પડોશીની પત્ની જેવો કોઈ વિચક્ષણ પરીક્ષક મળવો મુશ્કેલ છે. એમનું કામ પડતું મુકીને પણ તમારી તપાસ કરવા એ અચૂક આવશે, કારણ કે પોતાના કરતાં પારકું ઘર એમને પણ ગમતું હોય છે. ફ્યૂઝ ઊડ્યો હોય તો તાર બંધાવવા પડોશીના આવવાની વાટ જોવી અને એમની પાસે જ એમના ખરીદેલા તારથી ફ્યૂઝ નખાવવો, જેથી એમને થાય કે, 'એ કામના છે અને આપણા પડોશી આપણને પૂછ્યા વિના કશું કરતા નથી.' પડોશીના તારનો લાભ આપણને મળે અને એ ભાગ્યશાળી હોય તો તેમને વીજળીના કરંટના આકર્ષણનો લાભ મળે, એમ બંનેને મળતર મળી રહે. 'રણમાં પડખે ઉભો તે ભાઈ' એ કહેવત પ્રમાણે પડોશીભાઈ એવા ભાઈ છે, જે આપણા માટે ઘાયલ થવા સજ્જ થઈને ઉભા હોય છે. પડોશીનું ઘર બંધ રહે, તો એમના ઘરને લાગેલું તાળું, જાણે આપણા ઘરને વળગેલું હોય તેવું દેખાય છે. 'પડોશી ધર્મં સમાચરેત્' સૂત્રને વફાદારીપૂર્વક વળગી રહો, પછી જ રૂડારૂપાળા 'વસુધૈવ કુટુમ્બકમ્' સૂત્ર તરફ નજર નાખવામાં મનુષ્યમાત્રનું હિત છે.

# કેવી ગુરુગ્રંથી, લઘુગ્રંથી, ભયગ્રંથી જાય તો પ્રભુને ગમે ?

પ્રભુ ને શું ગમે ?
-અંબાલાલ પટેલ

પ્રભુ મારામાં લઘુગ્રંથી જાય, પ્રભુ બીજામાં ગુરુગ્રંથી જાય.

પ્રભુ બધામાં ભયગ્રંથી જાય, તુષ્યંતિચ?, રમંતિચ?થવાય.

આપણે સહુ માનીએ છીએ કે ભગવાન સર્વત્ર વ્યાપીને રહેલ છે. નરસિંહ મહેતાએ ગાયું છે કે, 'અખંડ બ્રહ્માંડમાં એક તું શ્રીહરી, જુજવે રૂપે અનંત ભાસે.' ભગવાન વગરની કોઈ જગ્યા ખાલી નથી. આવું આપણે બોલતા રહ્યા છીએ, પણ તે વિચારતા નથી ! તો પછી મારી પાસે મારી અંદર પ્રભુ નહિ ? કોઈ કહે ભગવાન મંદિરમાં છે તો તે સમજાય છે, પણ કહે પ્રભુ તારી પાસે તારા હૃદયમાં છે તો ધક્કો બેસે છે.

ભગવાન બધે જ છે, તો મારી જોડે પણ છે, આ વાત જ આપણે વિસરી ગયા છીએ, ગીતા પણ કહે છે, 'સર્વસ્ય ચાહમ્?હૃદયસંન્નિ વિષ્ઠો' હું તારા હૃદયમાં રહેલો છું, એટલું જ નહિ, તારા શરીરમાં હું પ્રેસીવ નથી, એકટીવ છું. તારા શ્વાસોશ્વાસ, રુધિરાભિસરણ, ખાધેલું પચાવું છું. આ બધું બુદ્ધિપૂર્વક વિચારીએ તો જગતનો સર્જનહાર મારી જોડે છે તેમજ મને સંભાળતો રહેલો છે. આ સમજાય તો લઘુગ્રંથી જાય, લાચારી અને નમાલાપણુ જાય.

એક કાળે શીવાજી મહારાજા એમના દરબારીઓ સાથે બાદશાહ પાસે ગયેલા. તો દરબારીઓએ બાદશાહ સામે મસ્તક નમાવી સલામી મારી. શિવાજીનો વારો આવ્યો, મસ્તક નમાવ્યું નહિ ને તેની સામેથી પસાર થઈ ગયા. શિવાજીની માતા પાસે બાદશાહના માણસો આવીને કહ્યું કે, તમારો શિવાજી બાદશાહ સામે સલામ મારતો નથી. ત્યારે જીજીબાઈએ કહ્યું શિવા તું કેમ માથું નમાવતો નથી. ત્યારે શિવાજીએ જવાબ આપ્યો કે બા હું શું કરું ? મારું માથું નમતું જ નથી, કારણ જે રાજા ભગવાનનાં મંદિરો તોડતો હોય, વેદો બાળતો હોય, સંસ્કૃતિનો દુશ્મન હોય, તેની સામે મારું માથું જુકી ન શકે. તું કહે તો તારા ચરણોમાં મસ્તકને કાપીને ધરી દઉં, પણ તેવી જગ્યાએ તો નમશે જ નહિ. તે ન્યાયે સારી સૃષ્ટિનો સર્જક મારી બુદ્ધિની અંદર બેઠો છે તેથી હું નમાલો તો બનીશ જ નહિ. આ ખુમારી છે અને તેવી ખુમારીથી જ લઘુગ્રંથી જાય. સાથે સાથે પ્રભુ મારી પાસે છે તે સમજથી જીવનમાં નિયામકતા આવે, જેમકે બ્રિટનનો બાદશાહ એક ખેડૂતનો વેશ લઈને તેના લશ્કરના પડાવ પાસેથી નીકળે છે, ત્યારે એક અફસર ખુરશી ઉપર બેઠેલો છે. તેને પૂછે છે કે જોહાનીસબર્ગ જવાનો રસ્તો કયો. અફસર બોલતો નથી. ખેડૂતવેશે બાદશાહ ફરી પૂછે છે, જવાબ આપતો નથી. ત્રીજીવાર પૂછે છે ત્યારે અફસર તેને લાફો મારે છે, કહે છે ચાલ અહીંથી ચાલ્યો જા. કોણ છે તું, ત્યારે ખેડૂત વેશે બાદશાહ કહે છે, હું તમારામાંનો જ છું. કોણ, પોલીસ છે ? ના. તેના ઉપરી ઈન્સપેક્ટર છે ? ના. તેના ઉપરી, પી. એસ.આઈ. છે ? ના. તેના ઉપરી મેજર છો ? તેના ઉપરી કર્નલ છો ? તેના ઉપર તો તમે બ્રિટનના બાદશાહ છો ? હવે તો તેને પસીનો છૂટી ગયો છે. ત્યારે ખેડૂત વેશે બાદશાહે પોતાની ઓળખનો બિલ્લો બતાવીને કહ્યું હા. હું તે જ છું. ત્યારે પેલા લશ્કરના અફસરે પિસ્તોલ બાદશાહને આપી કહ્યું બ્રિટનના બાદશાહનું અપમાન કરનારને ફાંસીની સજા છે. મેં તો તમોને તમાચો માર્યો છે, મને સુટ કરી દો. ત્યારે બાદશાહ કહે છે હું મારો એક અફસર ઓછો કરી શકતો નથી, પણ તને કહું છું કે તારું વર્તન પાંચ મિનિટ પહેલાં કેવું હતું અને હવે કેવું છે. તો આજથી તારે એ સમજવાનું કે બ્રિટનનો બાદશાહ કાયમ મારી જોડે જ છે. તેથી કોઈ ઉદ્ધતાઈવાળું વર્તન થશે નહિ. તે ન્યાયે સહુ કોઈ સમજે કે વિશ્વનો નિર્માતા વિશ્વમ્ભર મારી જોડે મારા હૃદયમાં છે. તે સમજથી જીવનમાં નિયામકતા આવશે, પ્રભુને ન ગમતું વર્તન થશે નહિ. આમ લઘુગ્રંથી જશે અને નિયામકતા આવશે.

હવે બીજી વાત-જેમ મારામાં પ્રભુ છે તેમ બીજામાં પણ પ્રભુ છે તેથી તે લઘુ નથી, હલકો નથી. હું જેમ શ્રેષ્ઠ છું તેમ તે પણ શ્રેષ્ઠનો છે. આ સમજે મારામાં ગુરુગ્રંથી બંધાશે નહિ જે મારું ખાધું પચાવે છે તે જ તેનું ખાધેલું પચાવે છે. બંનેનું લાલ લોહી તે જ બનાવે છે. તે નાતે અમારું લોહી બનાવનાર પિતા એક છે. અમો બંને ભાઈ ભાઈ છીએ. તો હું તેને હલકો ન ગણું આ સમજથી જ મારામાંની ગુરુગ્રંથી જશે. એ ભાઈના નાતે તેમાં બેઠેલા ભગવાનને નાતે તેને ભોગને માટે યા તો મોજને માટે કે ફાયદા માટે વાપરું નહિ, તેનું શોષણ કરું નહિ, આ રીતનો એક દૈવી સંબંધ સમજાતાં વસુદૈવ કુટુંબકમની ભાવનાથી ભાવપૂર્ણ સમાજ ઊભો થશે. તેનામાં પણ ભગવાન છે તેથી તે પણ શ્રેષ્ઠ છે આ સમજથી મારામાંની ગુરુગ્રંથી નીકળી જશે.

હવે ત્રીજી વાત બધામાં ભગવાન છે એ સમજથી ભયગ્રંથી પણ જાય અને પોતીકાપણાનો વિશ્વાસ ઊભો થાય ત્યારે પ્રશ્ન થાય કે રાવણ જેવામાં ભગવાન કેવી રીતે જોવાય, તો રામ જયારે વાનરસેના લઈ લંકામાં ગયા ત્યારે રાવણનો સગોભાઈ વિભિષણ રામના પક્ષે આવીને રાવણ સામે લડ્યો અને તે યુદ્ધમાં રાવણ મરાયો. યુદ્ધ પૂરું થયું. લંકાનું રાજ્ય રામની પાસે આવ્યું તે રાજ્ય રામે વિભિષણને આપ્યું. તે હવે લંકાનો રાજા વિભિષણ રાવણનો અગ્નિ સંસ્કાર કરવાનું ના પાડે છે ત્યારે રામ કહે છે જો તું અગ્નિ સંસ્કાર નહિ કરે તો હું કરીશ. આ પ્રસંગ તે બતાવવા માગે છે કે રામની લડાઈ રાવણના દુર્ગુણો સામે હતી, રાવણ જોડે નહિ. જેમ રોગીનાં પ્રત્યે આપણો વધુ પ્રેમ હોય તેટલો તેના રોગ ઉપર વધુ દ્વેષ હોય, રોગ ઉપર દ્વેષ રાખો રોગી ઉપર નહિ. આ રીતે બધામાં ભગવાનને જોવાથી ભયગ્રંથી જશે, ઉપર જોયું તેમ પ્રભુ મારી જોડે છે તેથી લઘુગ્રંથી જાય. પ્રભુ બીજામાં પણ છે તે સમજે ગુરુગ્રંથી જાય અને ભગવાન બધામાં છે તેથી ભયગ્રંથી જાય. લઘુગ્રંથીઓથી મુક્ત જીવન થાય તો તેવું જીવન પ્રભુને જરૂર ગમશે.


### મારો સંબંધ પુરાણો

(રાગ : મારે સુતેલા દિલને જગાડવું છે...)
મારો સંબંધ પુરાણો તારો જાણવો છે,
મીઠો સંબંધ તારો માણવો છે.
મારે લઘુતાગ્રંથી ના બાંધવી છે,
ના ગુરુગ્રંથીથી પીડાવું છે.
ભયગ્રંથીથી મુક્ત બની જાવું છે... મીઠો સંબંધ૦
હું પ્રભુનો અંશ પ્રભુ મારી જોડે છે,
ઈચ્છાનું સ્વાતંત્ર્ય મને આપ્યું છે.
હું તેનો છું તેનું મને ગૌરવ છે... મીઠો સંબંધ૦
બીજો પણ પ્રભુનો તેથી ના હલકો,
હું શ્રેષ્ઠનો તેમ બીજો પણ શ્રેષ્ઠનો.
આ સમજે ગુરુગ્રંથી બંધાશે નહિ... મીઠો સંબંધ૦
બધામાં ભગવાન તો પોતીકા લાગશે.
સંબંધ સમજાતાં ભયગ્રંથી જ ન રહે,
ગ્રંથીઓ જતાં વસુધૈવ થવાય... મીઠો સંબંધ૦

# જોજો, કારણ વગર ભૂખ્યા ન રહેતા, હેરાન થઈ જશો !

સવારનો નાસ્તો રાજાની જેમ કરવો જોઈએ, બપોરનું ભોજન રાજકુમારની જેમ કરવું જોઈએ અને રાતનું ભોજન ભિખારીની જેમ લેવું જોઈએ એવું કહેવાતું આવ્યું છે. કેટલું ખાવું અને શું ખાવું એ વિશે એટલી બધી વાતો થઈ છે કે, ઘણી વાર તો કઈ વાત સાચી અને કઈ વાત ખોટી, કઈ વાત માનવી અને કઈ વાતને ઈગ્નોર કરવી એ નકકી થઈ શકતું નથી. નિષ્ણાતો એવું કહે છે કે, સવારે ભરપેટ હેલ્ધી નાસ્તો કરવો જોઈએ, બપોરે હળવું ભોજન લેવું જોઈએ અને રાતે ઓછું એટલે કે જરૂર પૂરતું જ ખાવું જોઈએ. આપણે બધા મોટા ભાગે ઉંધું કરતા હોઈએ છીએ. સવારે નાસ્તો એવોઈડ કરીએ છીએ. ચા સાથે થોડુંક કંઈક ખાઈ લઈએ છીએ અને ચલાવીએ છીએ. રાતે ઓછું ખાવાની સલાહ આપવામાં આવે છે. કારણ કે રાતે સૂઈ જવાનું હોય છે. આપણે રાતે ખાવામાં કંઈ ધડો રાખતા નથી. રાતે નવરા હોઈએ છીએ એટલે ખાધા રાખીએ છીએ. આપણી લાઈફસ્ટાઈલ બદલાઈ ગઈ છે. અગાઉના સમયમાં લોકો રાતે નવદસ વાગ્યે સૂઈ જતા હતા, હવે બાર વાગ્યે સુવું કોમન થઈ ગયું છે. કોઈ કહે કે, હું નવ વાગ્યે સૂઈ જાઉં છું તો લોકોને આશ્ચર્ય થાય છે. લોકોમાં લાઈફસ્ટાઈલ ડિસીઝ વધતા જાય છે, એનું કારણ એ જ છે કે, આપણે આપણી લાઈફ અને આપણી સ્ટાઈલ સાથે એટલાં બધાં ચેડાં કરીએ છીએ કે, વાત જવા દો. હેલ્ધી રહેવું હોય તો ખાવા-પીવામાં ધ્યાન રાખવો એવું તબીબો અને ડાયટિશિયનો ઢોલ પીટી પીટીને કહે છે, પણ કોઈ વાત સાંભળે તોને!

ભૂખ અને ભોજનની બાબતમાં લોકો બે એકસ્ટ્રીમ પર જીવતા હોય છે. એક વર્ગ એવો છે જે ઓલવેઝ ઓવરઈટિંગ કરે છે. એ વાત તો અનેક અભ્યાસોથી પ્રૂવ થઈ છે કે, દુનિયામાં જેટલા લોકો ભૂખમરાથી મરે છે એના કરતાં અનેકગણા લોકો વધુ પડતું ખાવાથી મરે છે. દરેકને કંઈક ને કંઈક ભાવતું હોય છે. એ સામે આવી જાય પછી માણસ પોતાનાપર જ કાબૂ રાખી શકતો નથી. પસંદગીનું ખાવા માટે માણસ સેંકડો કિલોમીટરની સફર કરતા પણ અચકાતો નથી. બસ, મજા આવવી જોઈએ, સંતોષનો ઓડકાર આવવો જોઈએ. આ વખતે વાત ઓવરઈટિંગની નથી કરવી, પણ એવા



લોકોની કરવી જે જાણીજોઈને ભૂખ્યા રહે છે. ડાયટના નામે અથવા તો બીજાં કારણસર ઓછું ખાનારાઓની સંખ્યા સતત વધી રહી છે. વધારે પડતું ખાવું જેટલું જોખમી છે એટલું જ ખતરનાક જરૂરિયાત હોય એના કરતાં ઓછું ખાવું છે. ભૂખ્યા ભજન ન થાય એવું આપણે ત્યાં કહેવાતું રહ્યું છે. ભુખ્યા ભજન જ નહીં, બીજું ઘણું બધું થઈ શકતું નથી. શરીરને જે જોઈએ એ જોઈએ જ. શરીરને જરૂર પૂરતો ખોરાક ન આપવો એ જાત પર અત્યાચાર છે. કોઈ ચોકકસ દિવસે ઉપવાસ કરવો એ અલગ બાબત છે, પણ કામના કારણે અથવા તો બીજા કારણે અથવા બીજા કારણસર ભૂખ્યા રહેવાથી માણસનું મગજ પણ ફરી જાય છે. નેધરલેન્ડમાં હમણા થયેલો એક અભ્યાસ એવું જણાવે છે કે, ખરાબ મૂડનું એક કારણ ભૂખ છે. તમારો મૂડ ખરાબ હોય ત્યારે થોડુંક એ પણ વિચારવાની જરૂર હોય છે કે, મારું પેટ તો ભરેલું છેને? બીજી રીતે કહીએ તો જયારે મૂડ ખરાબ હોય ત્યારે કંઈક ખાઈ લેવું હિતાવહ છે. આપણને બધાને આમ તો એવો અનુભવ હોય જ છે કે, પેટ ખાલી હોય ત્યારે મગજ કામ કરતું બંધ થઈ જાય છે. સુગર અને બીજી કેટલીક બીમારીનો ભોગ બનેલા લોકોએ તો ખાવામાં પૂરતી કાળજી લેવી જ જોઈએ. સાજાસારા લોકોએ પણ સમયસર ખાતાં રહેવું જોઈએ. પેટ ખાલી હો યતો નકારાત્મક વિચારો આવે છે. માણસ ચીડિયો થઈ જાય છે. આપણે ઘણા કિસ્સામાં એવું જોયું છે કે, કોઈ ગુસ્સે થતું હોય ત્યારે એવું કહેવામાં આવે છે કે, પહેલા આને કંઈક ખવડાવી દે ! આપણને જોરદાર ભૂખ લાગી હોય અને કેઈ છંછેડે ત્યારે આપણું મગજ છટકે છે. બાળકોના સારા ઉછેર માટે તેની જમવાની કાળજી લેવી અત્યંત આવશ્યક છે. અત્યારના છોકરાઓ પૂરતું ખાતાં નથી, ખાય તો પણ જે ખાવા જેવું હોય એ ખાતા નથી અને ન ખાવા જેવું આચરકૂચર ખાતાં રહે છે. બાળકોને પૂરતું પોષણ નથી મળતું એનું એક કારણ બજારમાં મળતાં પડીકા છે ! ફાસ્ટ ફૂડ અને પડીકાંઓ બાળકોનો વિકાસ રૂંધી રહ્યા છે. ગરીબ બાળકો શાળાએ આવે અને સારો અભ્યાસ કરે એ માટે આપણા દેશમાં મધ્યાહન ભોજન યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના બાદ બાળકો પર થયેલો એક અભ્યાસ એવું જણાવે છે કે, બાળકોના મગજમાં તેરથી સોળ ટકાનો સુધારો થયો હતો. અત્યારે પરીક્ષાની મોસમ ચાલે છે. જે યંગસ્ટર્સ પરીક્ષા આપવાના છે એ ખાવાની બાબતમાં જરાયે બેદરકારક ન રહે એ જરૂરી છે. ખાવાની બાબતમાં જાત પર જુલમ ન કરવો જોઈએ.

**શરીરને નિયમિત રીતે ઈંધણ તરીકે ખોરાક મળતો રહેવો જોઈએ. ભૂખ્યા રહેવાથી નકારાત્મક વિચારો, હતાશા, ગુસ્સો અને મૂંઝવણનું જોખમ રહે છે.**

# વેકેશનને એક ઈન્વેસ્ટમેન્ટ સમજીને પ્લાન કરો



થોડા દિવસો પહેલાં હું કાર લઈને બહારગામ જતો હતો. ઉનાળાની કાળઝાળ ગરમીમાં ગાડીનું એસી મસ્ત ઠંડક આપતું હતું. થોડા કલાકો ગાડી ચલાવ્યૂ પછી ડેશબોર્ડ પર મેસેજ આવ્યો ટી અ બ્રેક મને વિચાર આવ્યો કે માત્ર ત્રણેક કલાક ગાડી ચલાવ્યા પછી બ્રેકનો શું જરૂર પડે ? કદાચ ગાડીને બ્રેક જોઈતી હોય એવું બને. કોને બ્રેક જોઈએ તેમાં ન પડીએ તો પણ બ્રેક જોઈએ એટલું તો નકકી છે. આઠ કલાકના રોજિંદા કામના કલાકોમાં પણ નાનકડો બ્રેક આવે, તેમ વર્ષભર કામ કર્યા પછી આવતો બ્રેક એટલે વેકેશન. ચાલો વિચારીએ કે વેકેશન શા માટે જરૂરી છે.

સાક્ષી અને દૃષ્ટિ મને મળવા આવ્યાં. થોડી ઉદાસી સાથે મને કહ્યું કે, અમે ટેકનોલોજીના ફિલ્ડમાં ખૂબ ઉત્સાહ સાથે એડમિશન લીધું હતું. આજે અમને જ ફિલ્ડ ભાર રૂપ કેમ લાગે છે એ સમજાતું નથી. મેં બન્નેને કહ્યું કે, ભણતર કે કામ કયારેય ભારરૂપ નથી હોતા પણ લાંબો સમય તેને કરતા રહેવાથી થોડા વખત માટે તેમાંથી મુકત થવાની કે એક બ્રેક લેવાની ઈચ્છા થાય. તમે કમ્પ્યૂટર કીબોર્ડમાં આવતા અસ્કેપ બટન વિષે જાણતા જ હશો. રોજિંદા કામને છોડીને થોડીવાર હવાફેર કરવો તેનું નામ વેકેશન જયારે પણ એવું લાગે ત્યારે તરત જ થોડો વિરામ લઈ લેવો જોઈએ. હું તો કહીશ કે તમે વેકેશનને એક ઈન્વેસ્ટમેન્ટ સમજીને પ્લાન કરો. આ બ્રેક તમારા આવનાર થોડા મહિનાઓને વધુ પ્રોડક્ટિવ બનાવશે. સાક્ષીએ પૂછયું કે, અમે જે કરતા હતા, એ જ કરીને પણ પ્રોડક્ટિવિટી કેમ વધી જાય છે? મેં તેને કહ્યું કે જયારે કામ માત્ર એક પ્રોસેસ બની જાય ત્યારે તમે તેને પુરું કરવા માટે કરશો. પરિણામ મળે કે ન મળે બસ કામ પતે એવું મન બની જાય. મોટો પહાડ ચઢતા થાક લાગે ત્યારે વિચાર આવે કે હવે નહી ચઢી શકાય, પણ થોડો વિરામ લીધા પછી એ જ વ્યક્તિ બમણી ગતિથી આગળ વધવા લાગે છે. બસ આવું જ કાંઈ વેકેશનનું છે.

## જો મહેનતનું સુખદ પરિણામ ભોગવવું હોય તો સમયે સમયે નાના નાના બ્રેક લેતા રહો

દૃષ્ટિએ પૂછયું કે શું વેકેશનનું પ્લાનિંગ કરવું જરૂરી છે ? મતલબ કે જો ફ્રી ટામઈ જ છે તો પછી પ્લાનિંગ ન કરીએ અને જે ઈચ્છા થાય તે કરતા રહીએ તો ન ચાલે. મેં તેને સમજાવતા કહ્યું કે, એવું કરશો તો છેલ્લે સમય જતો રહેશે અને તમને કંઈ ન કર્યાનો અફસોસ થશે. રૂટીન કામમાંથી થોડો ચેન્જ મળે તો સ્ટ્રેસ ઓછો થાય અને તો તમે આનંદિત રહી શકશો. માત્ર એટલું થવાથી તમે તમારામાં ઘણા ફેરફાર અનુભવી શકશો. કાંઈ ન કરવા છતાં તમારી તબિયત સુધરતી જણાશે. તમે હરશો ફરશો પછી શરીર થાકશે પણ આનંદના કારણે મન તાજગી અનુભવી શકશો. નવું જોવા અને જાણવાથી તમારું જ્ઞાનવધશે. તમે જાણતા જ હશો કે મહાન વૈજ્ઞાનિક વિક્રમ સારાભાઈ વેકેશનમાં ફરવા ગયા એ સમય દરમિયાન જ તેઓ પત્ર લેખન શીખ્યા હતા. પરફોર્મન્સનું કોઈ પ્રેશર કે કોઈ ડેડલાઈન નહીં હોય તો તમારો આત્મવિશ્વાસ પણ વધશે. હું કરી શકું છું' એ ભાવ નિર્માણ થતા જ તમે આવનાર વર્ષ માટે વધુ સજજ થઈ જશો. માત્ર એટલું જ નહી પરત ફરીને કયારેક વેકેશનની પ્રવૃતિઓના ફોટા જોવાથી પણ તમે તાજગી અનુભવશો.

મિત્રો, આ મોટા મોટા ફિલ્મ સ્ટાર, ઉદ્યોગપતિ કે ખેલાડીઓ તો કેટલાયએ દેશ ફરતા હોય છે તો વેકેશન શા માટે લેતા હશે ? શાંતિની ખોજમાં દરેક વ્યક્તિ જીવનમાં શાંતિ અને પ્રગતિ બન્ને ઈચ્છે છે. મોટાભાગના લોકોની મથામણ એ જ છે કે આ બન્નેને મેળવવાનો રસ્તો શું હોઈ શકે. જો આપણે આ બન્ને જોઈતા હોય તો થોડા થોડા કરીને બન્ને મેળવતા જવા પડે. એકલી મહેનત કરવાથી કે એકલા પૈસા કામવાથી શાંતિ પાછળ છૂટી જશે. જો મહેનતનું સુખદ પરિણામ ભોગવવું હોય તો સમયે સમયે નાના નાના બ્રેક લેતા રહો.

# રાજ્યમાં કાળઝાળ ગરમી : સાબરકાંઠામાં તાપમાનનો પારો ૪૫ ડીગ્રીને પાર

**(એજન્સી)અમદાવાદ,**
સાબરકાંઠામાં ગરમીનો પારો ૪૫ ડિગ્રીને પાર ગયો છે. જેમાં જિલ્લામાં બપોરના સમયે ગરમીનો પારો ૪૫ ડિગ્રીને પાર પહોંચ્યો છે. તેમજ રાજ્યમાં સૌથી વધુ તાપમાન ઈડરનું નોંધાયું છે. ઈડરિયા ગઢમાં હિટવેવથી લોકો શેકાયા છે. બપોરના સમયે ગરમીનો પારો ઊંચકાતા લોકોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યું છે.

શહેર તેમજ ગ્રામીણ વિસ્તારના હાઈવે મહોલ્લા, સોસાયટી અને બજારના રોડ રસ્તાઓ સૂમસામ બન્યા છે. ગુજરાતમાં ૧૮થી વધુ શહેરોનું તાપમાન ૪૨ ડિગ્રી ઉપર પહોંચ્યું છે. વધતા તાપમાન થી જિલ્લાભરના લોકો ગરમીથી ત્રસ્ત

## બપોરના સમયે લોકોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યું

બન્યા છે. લોકોએ ગરમીથી રાહત મેળવવા માટે ઠંડા પીણા સહીત લીંબુ સરબતનો સહારો લીધો છે. અસહ્ય ગરમીના પારાના હિટસ્ટ્રોકથી બચવા તબીબની સલાહ છે. તેમજ અસહ્ય ગરમીમા શેકાતા લોકો ત્રાહિમામ્ પોકારી ઊઠયા છે.

ત્યારે હજુ પણ ગરમી વધવાની હવામાન વિભાગની આગાહીથી લોકો ચિંતિત છે. હવામાન વિભાગની નવી આગાહી પ્રમાણે હજુ પણ ૬ દિવસ રાજ્યમાં હિટવેવ અને ગરમી પડશે. તો આજથી ૨ દિવસ અમદાવાદમાં ઓરેન્જ અલર્ટની આગાહી છે અને તાપમાન ૪૩.૪૪ ડિગ્રી રહેશે. તો આજથી ૨ દિવસ સુરત અને વલસાડમાં હીટવેવની આગાહી છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ ગરમીનો પારો ઊંચો જઈ શકે છે. આજે અમદાવાદનું તાપમાન વધી સિઝનમાં પહેલીવાર ૪૪.૩ ડિગ્રી પર પહોંચી જતાં અંગ દઝાડતી ગરમીનો અહેસાસ થતો હતો. રાજયમાં પડી રહેલી કાળઝાળ ગરમીથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે.



અમદાવાદના છેવાડે એસ.જી.હાઈવે પર ગુજરાત હાઈકોર્ટ નજીક આવેલા ઓવરબ્રીજ પર ફેન્સીંગ લગાવવામાં આવી છે.( તસ્વીર:- જયેશ મોદી )

# ગુજરાત ન્યુઝ અપડેટ્સ

## માવઠાના કારણે થયેલા નુકસાન અંગે સર્વે કરવા અધિકારીઓને સૂચના

**(એજન્સી)ગાંધીનગર,**
માવઠાને કારણે ખેડૂતોને થયેલા નુક્સાનને લઈ કૃષિમંત્રી રાઘવજી પટેલે મોટું નિવેદન આપ્યું છે. વિભાગ તરફથી પણ માવઠાના કારણે ખેડૂતોના પાકને થયેલું નુકસાન અંગેનો સર્વે કરવા અધિકારીઓને સૂચના આપી હતી. ૧૭ તારીખ સુધી માવઠાની આગાહી હતી. જેથી આવતીકાલે મને સમગ્ર પરિસ્થિતિનું અહેવાલ મળશે. અહેવાલ મળ્યા બાદ અમારા વિભાગ તરફથી સમીક્ષા કરવામાં આવશે. ત્યારબાદ જરૂરી જે કોઈ પણ કાર્યવાહી કરવાની હોય તે કરાશે. જો કે તેમને સાથે જ કહ્યું કે હવામાન વિભાગે અગાઉ કરવામાં આવેલી આગાહીના પગલે મુખ્યમંત્રીએ તાત્કાલિક અધિકારીઓની મીટીંગ બોલાવી હતી. જે મિટિંગમાં જરૂરી પગલાં લેવા માટેના સૂચનો અધિકારીઓને કર્યા હતાં.

## પાટણમાં ચાની લારીવાળાને ૪૯ કરોડનો ટેક્સ ભરવાની આવી નોટિસ

**(એજન્સી)પાટણ,**
ગુજરાતના પાટણ શહેરમાં માનવામાં ન આવે તેવી ઘટના બની છે. પાટણ શહેરના માર્કેટ યાર્ડમાં ચાની કીટલીનો વ્યવસાય કરતા વ્યક્તિને ઈન્કમટેક્સ વિભાગ દ્વારા રૂપિયા ૪૯ કરોડનો ટેક્સ અને પેનલ્ટી ભરવાનો નોટિસ આપી છે. જેને લઇ ચાની કીટલી ચલાવનાર વ્યક્તિના હોંશ કોંશ ઉડી ગયા છે. આ અંગે ચાની કીટલી ચલાવતા વ્યક્તિ દ્વારા બે ઈસમો વિરુદ્ધ પાટણ શહેર બી ડીવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા હડકંપ મચી જવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પાટણ શહેરમાં આવેલ માર્કેટ યાર્ડમાં ખેમરાજભાઈ દવે ચાની કીટલીનો વ્યવસાય કરી પરિવારનું પેટિયુ રળે છે. રળતા ફરિયાદી ખેમરાજ ભાઈ દવે છેલ્લા સત્તર વર્ષથી આ વ્યવસાય કરે છે અને માર્કેટ યાર્ડના અનેક વેપારીઓના ત્યાં તેમની ચા જતી હોઈ સબંધો પણ સારા રહ્યાં છે. ત્યારે આ યાર્ડમાં આવેલ એક પેઢીના મલિક અલ્પેશ પટેલ તેમજ તેમના ભાઈ વિપુલ પટેલ બંને ભાઈઓ આ ખેમરાજભાઈના સંપર્કમાં આવ્યા હતા.

## ધારાસભ્ય દ્વારા સ્માર્ટ મીટરનો ટેસ્ટિંગ સમય વધારવા માંગ

**(એજન્સી)વડોદરા,**
રાજકોટ તેમજ સુરતમાં વીજ કંપની દ્વારા નાંખવામાં આવેલ સ્માર્ટ મીટરને લઈ ગ્રાહકોમાં વિરોધ જોવા મળી રહ્યો છે. આ બાબતે બાયડનાં ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો હતો. જેમાં ધારાસભ્ય દ્વારા સ્માર્ટ મીટરનો ટેસ્ટિંગનો સમય વધારવા માંગ કરી હતી. ધારાસભ્ય દ્વારા લખેલ પત્રમાં જણાવ્યું હતું કે, સરકાર દ્વારા રાજ્યમાં જનહિત અને પ્રજાલક્ષી કાર્ય કરવામાં આવે છે જે અંતર્ગત સરકાર દ્વારા સમય બચાવવા તથા વીજળીની ચોરી અટકાવવા સ્માર્ટ મીટર લગાવવાનું અભિયાન ચાલુ કરવામાં આવ્યું છે જેમાં હાલ મોટેભાગે પ્રજાજનોમાં અસમંજસના કારણે અસંતોષની લાગણી જોવા મળી રહી છે જે મીડિયા ચેનલ દ્વારા પ્રસારિત કરવામાં આવી રહ્યું છે જે અંતર્ગત મુખ્યમંત્રી આપને નિવેદન કરવાનું કે જે રીતે જીઈબી દ્વારા ફલેટોમાં અને અન્ય જગ્યા ઉપર ૩ દિવસના ટ્રાયલ માટે બંને મીટર ચાલુ રાખવામાં આવે છે

# ગરમીનો પારો અતિ હાઈ થતાં ઇમરજન્સી કોલમાં વધારો

(એજન્સી)અમદાવાદ : સમગ્ર ગુજરાતમા હિટવેવ કહેર વરસાવી રહી છે.તેવામાં ગરમીને કારણે તબિયત બગડવાથી લઈ ઈમરજન્સી કેસમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે.ગુજરાતમાં ભારે ગરમીના કારણે ૧૦૮ ઈમરજન્સી સેવાને મળતા કોલમાં લૂ સંબંધિત ફરિયાદોમાં વધારો થયો છે. છેલ્લા સાત દિવસમાં રાજ્યમાં ગરમીને કરણે તબિયત બગડવાના કુલ ૬૯૩ જેટલા કેસ નોંધાયા. જેમાં ચક્કર આવવા, શરીરમાં પાણીની કમીને કારણે પડી જવું, લૂ લાગવી જેવા કેસોનો સમાવેશ થાય છે..છેલ્લા એક સપ્તાહમાં અમદાવાદમાં ગરમી સંબંધિત ૧૧૨ કેસ ૧૦૮ ઈમરજન્સી સર્વિસને મળ્યા હતા..તો શનિવારે એટલેકે ૧૮મી મેના હિટવેવને કારણે સપ્તાહના સૌથી વધારે ૯૭ કોલ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને મળ્યા છે. રાજ્યમાં ૧૦૮ની ટીમને ૧૧મીએ ૭૪, ૧૨મીએ ૬૪, ૧૩મીએ ૭૮, ૧૪મીએ ૫૧, ૧૫મીએ ૭૧, ૧૬મીએ ૮૩, ૧૭મીએ ૮૫ અને ૧૮મીએ ૯૭ કોલ મળ્યાં હતા. આવી જ રીતે અમદાવાદની વાત કરીએ તો ૧૧મીએ ૨૦, ૧૨મીએ ૧૧, ૧૩મીએ ૧૮, ૧૪મીએ ૮, ૧૫મીએ ૯, ૧૬મીએ ૧૪, ૧૭મીએ ૧૧ અને ૧૮મીએ ૨૧ કોલ મળ્યાં હતા.

રાજકોટમાં ગરમીનો પારો ઉચકાયો છે..ગઈકાલે ૪૪ ડિગ્રી સુધી તાપમાન નોંધાયું હતું. ગરમીના કારણે શહેરીજનો જરૂરી કામ અર્થે પણ બહાર નીકળતા વિચાર કરી રહ્યા છે.. કારણ કે બપોરના સમયે આકાશ જાણે આગ ઓકી રહ્યુ હોય તેવી સ્થિતિ હોય છે. આવા સંજોગોમાં અબોલ પક્ષીઓ માટે સેવાભાવી લોકો દ્વારા સેવા શરૂ કરવામાં આવી છે.

# પ્રિમોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે રાજ્યમાં આવેલા જોખમી હોર્ડિંગ્સ ઉતારી લેવા આદેશ

**(એજન્સી) ગાંધીનગર,**
મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં ગત સોમવારે સાંજે તોફાન અને વરસાદે તબાહી મચાવી હતી. ધૂળની ડમરીઓથી માર્ગો પર અરાજકતા સર્જાઈ હતી. આ દરમિયાન ઘાટકોપર વિસ્તારમાં એક પેટ્રોલ પંપ પર હોર્ડિંગ પડ્યું હતું. આ હોર્ડિંગ્સ પડતા ૧૪થી વધુ લોકોના મોત થયા હતા. દરમિયાન આગામી દિવસોમાં આવનાર ચોમાસા દરમ્યાન જો ભારે પવન ફૂંકાય તો આવી દુર્ઘટના બની શકે છે તેને ધ્યાનમાં રાખીને રાજ્યના શહેરી વિકાસ વિભાગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યની મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા આવા ભારેખમ હોર્ડિંગ ઉતારી લેવા જોઈએ, આ ઉપરાંત મંજૂરી વગર લગાવવામાં આવેલા હોર્ડિંગ્સ પર પણ તૂટી પડવા આદેશ કરવામાં આવ્યા છે.

ગુજરાત રાજયની મહાનગરપાલિકા વિસ્તારમાં ૧૫મી મે સુધીમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન આખરી કરી દેવા આદેશ કર્યા હતા. પરંતુ લોકસભાની ચૂંટણીના કારણે તેમાં બે સપ્તાહ જેટલો સમય આપવામાં આવ્યો છે. આગામી ચોમાસા પૂર્વે મહાનગરોમાં હાથ ધરાયેલા આગોતરા આયોજનની સર્વગ્રાહી તૈયારીઓ કરવા આદેશ થયા છે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ અને ગાંધીનગર મહાનગરપાલિકાઓએ સિટી ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન-૨૦૪ અન્વયે પ્રિ-મોન્સુન એક્શન પ્લાન તૈયાર કરવા આદેશ આપવામાં આવ્યા છે. રાજયમા બદલાયેલી વરસાદી પેટર્નને ધ્યાને રાખીને આ એક્શન પ્લાનમાં જરૂરી વ્યવસ્થાઓ મહાનગરોમાં ઊભી થવી જરૂરી છે. જેમાં માર્ગોની જાળવણી, પાણીની અને ડ્રેનેજ લાઈન્સમાં કોઈ વિક્ષેપ ન આવે તેની કામગીરી પર તાત્કાલિક ધ્યાન કેન્દ્રીત કરવા સૂચનાઓ આપી હતી. તેમજ ખાસ કરીને માર્ગો-રસ્તાઓની કામગીરી સંદર્ભમાં કોઈ ઢીલાશ ચલાવાશે નહીં તેવી તાકીદ કરવામાં આવી છે. સંબંધિતો સામે પગલાં લેવામાં પણ ખચકાટ રાખવામાં નહીં આવે. મહાનગરોમાં લોકોની ચોમાસા દરમ્યાન નાની ફરિયાદો કે રજૂઆતોનો ત્વરિત પ્રતિસાદ મળે અને દરેક જવાબદાર અધિકારીનો ફોનથી પણ સંપર્ક થઈ શકે તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે.

## રાજ્યના શહેરી વિકાસ વિભાગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ વચ્ચે બેઠક યોજાઇ

પ્રિ-મોન્સુન એક્શન પ્લાન સંદર્ભમાં મહાનગરોમાં મેન હોલ તથા વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા, જર્જરીત અને ભયજનક ઈમારતો-મિલ્કતને દૂર કરવાની કામગીરી, ૨૪×૭ સેન્ટ્રલ કંટ્રોલ રૂમ અને સી.સી.ટીવી નેટવર્ક સુદ્રઢીકરણ તથા ભારે વરસાદની સ્થિતી સર્જાય તો તેને પહોંચી વળવા જરૂરી અદ્યતન સાધન-સામગ્રીનું વ્યવસ્થાપન, આરોગ્ય સુવિધા, લોકોને ચેતવણી આપવા માટેની કોમ્યુનિકેશન સિસ્ટમ સહિતના માઈક્રો પ્લાનીંગથી આગળ વધવા જણાવાયું છે. જેના ભાગરૂપે મહાનગરોમાં મોબાઈલ ટાવર અને હોર્ડિંગ્સ પડી જવાની ઘટનાઓ ન બને તે માટે સાવચેતી રાખવા આદેશ આપવામાં આવ્યા છે.

# વર્ગ-૧ના કર્મચારીઓને ખાસ વિદેશ તાલીમ અપાશે

**(એજન્સી)ગાંધીનગર,**
ગુજરાત સરકાર દ્વારા કર્મચારીઓની કાર્યક્ષમતા અને કાર્યદક્ષતા વધારવા માટે થઈને ફરજિયાત તાલીમ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં સ્પર્ધાત્મક પરીક્ષા અને સીધી ભરતીથી લેવાયેલા કર્મચારીઓ અધિકારીએ પ્રમોશન લેતાં પહેલાં આ તાલીમ ફરજિયાત પણે લેવી પડશે. સરકારે આ તાલીમ માટે બે સપ્તાહ અને ત્રણ દિવસના મોડ્યુલ નક્કી કર્યા છે. તેમને તાલીમ આપવા માટે ખાનગી સંસ્થાઓ પણ આવશે અને પર્સનાલિટી ડેવલપમેન્ટથી માંડીને કોમ્યુનિકેશન સ્કીલ સહિતની બાબતોની ટ્રેનિંગ આપવામા આવશે. હવે ગુજરાત સરકાર વર્ગ ૧ના અધિકારીઓને વિદેશ તાલીમ માટે મોકલશે. અત્યાર સુધી માત્ર સનદી અધિકારીઓને જ આવી વિદેશ તાલીમ માટે મોકલવામાં આવતા હતા.

રાજ્ય સરકાર અત્યાર સુધી ભવિષ્યની નીતિઓ નક્કી કરવા અને કામગીરીમાં નવી પદ્ધતિઓના અમલીકરણ કરવા માટે આઈએએસ અધિકારીઓને ચિંતન શિબિર થકી તાલીમ આપતી હતી. હવે અન્ય અધિકારીઓ અને કર્મચારીઓની કાર્યક્ષમતા વધારવા વર્ગ ૧થી ૪ના અધિકારીઓ-કર્મચારીઓને પણ તાલીમ આપવામાં આવશે. અગાઉની ચિંતન શિબિરમાં તમામ સરકારી કર્મચારીઓની ક્ષમતા નિર્માણ કરવાના મુદ્દે કરાયેલી ચર્ચા સંદર્ભે જે સૂચનો આવ્યા તેનો અમલ કરવાનું નક્કી કરાયું છે. જેના ભાગરૂપે સરકારે કર્મચારીઓને વિવિધ તબક્કાની તાલીમ આપવાનો નિર્ણય લીધો છે. અધિકારીઓએ તેમની નોકરીના અજમાયશી સમય દરમિયાન કોમન કાઉન્ડેશન કોર્ષ કરવાનો રહેશે. ઉપરાંત ફરજ પરના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓને પણ સાત દિવસની નિવાસી તાલીમ લેવાની રહેશે. આ સિવાય દર વર્ષે વર્ગ-૧થી વર્ગ-૩ના અધિકારીઓએ ૨૦ ક્લાકની માત્ર ઓનલાઈન તાલીમ લેવાની રહેશે અને આ તાલીમ માટે તેમની વાર્ષિક કામગીરીના મૂલ્યાંકનમાં ૨ માર્ક ઉમેરાશે. વર્ગ ૧અને ૨ના અધિકારીઓ માટે નક્કી -કરાયેલી તાલીમના બે અઠવાડિયા પૈકી એક સપ્તાહ તેઓની ઓનલાઈન તાલીમ રહેશે.

# મદરેસા સર્વેને લઈ દરિયાપુર વિસ્તારમાં શિક્ષક પર હુમલામાં બે આરોપીઓ ઝડપાયાં

**(એજન્સી)અમદાવાદ,**
ગુજરાતમાં મદરેસાઓમાં તપાસ કરવામાં આવી રહી છે, ત્યારે અમદાવાદમાં દરિયાપુરમાં સરવે કરવા ગયેલી શાળાની ટીમ પર હુમલો કરાયો હતો. મદરેસામાં તપાસની કામગીરીમાં આચાર્ય પર ટોળાએ હુમલો કરીને માર માર્યો હતો. ત્યારે આચાર્યએ દરિયાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી,તો ગઈકાલની ફરિયાદના આધારે દરિયાપુર પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે.

મદરેસાઓમાં બિન મુસ્લિમ બાળકો ભણતા હોવાનો મામલો સામે આવ્યો છે. રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગના આદેશ બાદ રાજ્યના શિક્ષણ વિભાગમાં દોડધામ વધી ગઈ છે. રાજ્યના શિક્ષણ વિભાગે તપાસના આદેશ કરતા મદરેસાઓમાં મોટાપાયે ચેકિંગ હાથ ધરાયું છે. અમદાવાદ જિલ્લા અને શહેર શિક્ષણાધિકારી ઉપરાંત સ્કૂલ બોર્ડના કર્મચારીઓની ટીમ બની હતી. શહેરમાં ૧૫૦ થી વધુ શાળા મદરેસાઓમાં જુદી જુદી ટીમ દ્વારા તપાસ કામગીરી હાથ ધરાઈ છે. કેટલીક જગ્યાએ સર્વે પૂરો, કેટલાક સ્થળો પર કાર્યવાહી ચાલી રહી છે.

મદરેસાઓમાં ભણતાં તમામ બાળકો સામાન્ય શાળામાં પણ શિક્ષણ મેળવે તે જરૂરી હોવાથી રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા તાજેતરમાં ગુજરાતના મુખ્ય સચિવને પત્ર લખવામાં આવ્યો હતો. જેમાં સરકારી અને ગ્રાન્ટેડ કે માન્યતા પ્રાપ્ત મદરેસાઓમાં ભણતા બિન-મુસ્લિમ બાળકો અંગે ભૌતિક ચકાસણી કરવા અને અનમેડ મદરેસાઓનું મેપિંગ કરવા સૂચના આપવામાં આવી છે. ઉપરાંત તમામ બાળકો અન્ય સામાન્ય સ્કૂલમાં નિયમિત શિક્ષણ મેળવે છે કે નહીં તેની તપાસ કરવા આદેશ કર્યો છે.

સરકાર દ્વારા અપાયેલી મદરેસાની યાદી મુજબ હાલ રાજયમાં નોંધાયેલા કુલ ૧૧૨૮ મદરેસા છે. જેમાં અમદાવાદ ગ્રામ્ય સહિત જિલ્લામાં ૧૩૦ અને અમદાવાદ શહેરમાં ૭૫ સહિત ૨૦૫ જેટલી મદરેસા આવેલા છે. ગાંધીનગર DPEO ડો. પિયુષ પટેલે જણાવ્યું કે, ગાંધીનગર જિલ્લામાં ૭ જેટલા મસ્જિદોમાં ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે. તે વિદ્યાર્થીઓ હાલ મુખ્ય ધારામાં ક્યાં અભ્યાસ કરી રહ્યા છે તેનો સર્વે ચાલી રહ્યો છે. આ બાળકોને વિજ્ઞાન ટેકનોલોજી અને વર્તમાન પુરાવાઓ સાથે શિક્ષણ મળશે. વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનવામાં મદદ મળશે.

# વેરાવળ: કારના બોનેટ પર બેસી યુવકે સિંહની પજવણી કરી

**(એજન્સી)વેરાવળ,**
ગુજરાતના સૌરાષ્ટ્રમાં એમાં પણ ખાસ ગીરસોમનાથ અને અમરેલી વિસ્તારમાં સિંહ પરિવાર સાથે વસવાટ કરતા હોય છે,ત્યારે સિંહની પજવણી કરવામાં આવતી હોય છે,કયારેક સ્થાનિકો તો કયારેક પ્રવાસીઓ સિંહની પજવણી કરતા હોય છે,સિંહની પજવણી કરવી એ એક ગુનો બને છે.વેરાવળમાં એક વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થયો છે જેમાં યુવક કારના બોનેટ પર બેસીને સિંહની પાછળ કાર દોડાવી રહ્યો છે.

ગીરમાં સિંહની પજવણીનો વધુ એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા ફરી એકવાર સિંહની સુરક્ષાને લઈ સવાલ ઉઠયો છે. સોશિયલ મીડીયામાં જે વીડિયો વાઈરલ થયો હતો તે સાસણ ગીર નેશનલ સફારી પાર્કનો છે. જેમાં પ્રવાસીઓ સિંહ દર્શન કરી રહ્યા હતા ત્યારે જ બે યુવકો પૂરપાટઝડપે બાઈક લઈને પસાર થતા સિંહમાં નાસભાગ મચી હતી. સિંહ હોવા છતા બાઈકચાલક ઘૂસી જતા સિંહની સુરક્ષાને લઈ સવાલ ઉઠયા હતા. વીડિયો વાઈરલ થતા હવે વનવિભાગ દ્વારા પણ તપાસના આદેશ આપવામાં આવ્યા હતા.

# કાંકરિયા કાર્નિવલમાં અક્ષર ટ્રાવેલ્સને ત્રણ વર્ષમાં રૂા.૯૬ કરોડ ચુકવાયા

## છેલ્લા પાંચ કાર્નિવલમાં કલાકારોને રૂા. ૩ કરોડ ૩૫ લાખ કરતા વધુ રકમ ચુકવાઈ

**(દેવેન્દ્ર શાહ) અમદાવાદ,**
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાના-મોટા કરદાતાઓ પાસેથી દાદાગીરી કરી કરવેરા ઉઘરાવવામાં આવે છે અને તે રકમ કાર્નિવલો, ઉત્સવ-મહોત્સવ પાછળ ખર્ચ થાય છે તેવા આક્ષેપો સતત થતા રહયા છે. કાંકરિયા કાર્નિવલમાં જે રીતે ખર્ચ થઈ રહયા છે તે જોતા આક્ષેપો ક્યાંક સાચા પણ સાબિત થાય છે. કાંકરિયા કાર્નિવલમાં કલાકારોને મહેનતાણા રૂપે જે રકમ આપવામાં આવે જે ઘણી વધારે છે પરંતુ તેનાથી પણ વધારે રકમ માત્ર એજન્સી તરીકે કામ કરતા અક્ષર ટ્રાવેલ્સને ચુકવવામાં આવી રહી છે. માત્ર ત્રણ જ કાર્નિવલમાં અક્ષર ટ્રાવેલ્સને લગભગ ૧ કરોડ જેટલી માતબર રકમ ચુકવવામાં આવી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

| વર્ષ | કલાકાર/ એજન્સીનું નામ | ચૂકવેલ રકમ |
|---|---|---|
| ૨૦૧૭ | અક્ષર ટ્રાવેલ્સ પ્રા.લી. | ૪૧,૧૮,૨૦૦.૦૦ |
| ૨૦૧૭ | દિવા ઈવેન્ટસ | ૭,૦૮,૦૦૦.૦૦ |
| ૨૦૧૮ | રૂપ કુમાર રાઠોડ | ૮,૧૬,૦૦૦.૦૦ |
| ૨૦૧૮ | સાંઈરામ દવે | ૩,૦૦,૦૦૦.૦૦ |
| ૨૦૧૮ | અંકિત ત્રિવેદી તથા કલાકારો | ૮,૨૬,૦૦૦.૦૦ |
| ૨૦૧૮ | ઐશ્વર્યા મજમુદરા તથા કલાકારો | ૧૦,૦૩,૦૦૦.૦૦ |
| ૨૦૧૮ | જીગરદાન ગઢવી | ૩,૦૦,૦૦૦.૦૦ |
| ૨૦૧૯ | ગીતા રબારી | ૩,૪૬,૫૦૦.૦૦ |
| ૨૦૧૯ | જીગરદાન ગઢવી | ૩,૯૬,૦૦૦.૦૦ |
| ૨૦૧૯ | કિર્તીદાન ગઢવી | ૬,૭૮,૧૫૦.૦૦ |
| ૨૦૧૯ | ઓસમાન મીર | ૪,૪૫,૫૦૦.૦૦ |
| ૨૦૨૨ | તિહાઈ પીપલ | ૨,૩૦,૦૦૦૦.૦૦ |
| ૨૦૨૨ | ભુમિક શાહ અને ટીમ | ૩,૭૫,૦૦૦.૦૦ |
| ૨૦૨૨ | એ.બી.ઈવેન્ટ | ૪,૫૦,૦૦૦.૦૦ |
| ૨૦૨૨ | સાંઈરામ દવે | ૪,૦૦,૦૦૦.૦૦ |
| ૨૦૨૨ | અક્ષર ટ્રાવેલ્સ પ્રા.લી. | ૨૪,૦૦,૦૦૦.૦૦ |
| ૨૦૨૨ | જય ખોડિયાર | ૪,૮૫,૦૦૦.૦૦ |
| ૨૦૨૩ | અરૂણ દેવ યાદવ | ૩,૫૦,૦૦૦.૦૦ |
| ૨૦૨૩ | રવિન્દ્ર જોની | ૫,૦૦,૦૦૦.૦૦ |
| ૨૦૨૩ | અક્ષર ટ્રાવેલ્સ પ્રા.લી. | ૩૧,૦૦,૦૦૦.૦૦ |
| ૨૦૨૩ | એ.પી. ટીમ પ્રોડકશન | ૧૨,૦૦,૦૦૦.૦૦ |
| ૨૦૨૩ | કરણ જાદુગર | ૩,૫૦,૦૦૦.૦૦ |
| ૨૦૨૩ | રોશની આર્ટ કોમ્યુનિકેશન | ૪,૦૦,૦૦૦.૦૦ |
| ૨૦૨૩ | મિડીયા ઓપ્શન | ૨,૫૦,૦૦૦.૦૦ |
| ૨૦૨૩ | સૂરીલી સરગમ | ૩,૫૦,૦૦૦.૦૦ |
| ૨૦૨૩ | વિજય સુંવાળા તથા ગ્રુપ | ૫,૦૦,૦૦૦.૦૦ |

શહેરના ઐતિહાસિક કાંકરિયા તળાવના નવિનીકરણ બાદ તેના લોકાર્પણ સમયે તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દર વર્ષે કાર્નિવલ કરવાની જાહેરાત કરી હતી તે પરંપરા હજી સુધી પણ યથાવત છે. ૨૦૦૮ થી ૨૦૨૩ સુધી માત્ર બે જ વર્ષ કોરોના કાળના કારણે કાર્નિવલનું આયોજન થયું ન હતું. સામાન્ય રીતે માનવામાં આવે છે કે કાર્નિવલનું આયોજન પ્રજાના આનંદ પ્રમોદ માટે થાય છે પરંતુ ખર્ચના આંકડા જે રીતે બહાર આવ્યા છે તે જોતા એમ લાગી રહયું છે કે આ કાર્નિવલનું આયોજન કેટલાક કલાકારો અને એજન્સીઓની તિજોરી ભરવા માટે થઈ રહયું છે. મ્યુનિ. કોર્પોરેશનના અનેક કોન્ટ્રાકટ ધરાવતા અક્ષર ટ્રાવેલ્સ પ્રા.લિ.ને કે જેને કાર્નિવલ સાથે કોઈ નિસબત જ ન હોય તેવી એજન્સીને પણ માત્ર ૩ કાર્નિવલમાં જ ૯૬ રૂપિયા ચુકવાયા છે. કાર્નિવલ સાથે સંકળાયેલ લોકોનું માનીએ તો સ્ટેજ પર જે સાંસ્કૃતિક કાર્યક્રમ થાય છે તેના આયોજક આયોજનનું કામ અક્ષર ટ્રાવેલ્સને મેયર ઓફિસ દ્વારા સોંપવામાં આવે છે અને અક્ષર ટ્રાવેલ્સનો દરેક માત્ર આંગળી ચીંધવાના જ લાખો રૂપિયા આપવામાં આવે છે.

કાંકરિયા કાર્નિવલમાં દર વર્ષે અમુક કલાકારો કાયમી બની ગયા હોય તેમ લાગે છે અને દર વર્ષે તેમની ફીમાં પણ તોતીંગ વધારો કરવામાં આવે છે. ૨૦૧૮માં જીગરદાન ગઢવીને રૂા.૩ લાખ ચુકવાયા હતા જયારે ૨૦૧૯માં તેમને રૂા.૩ લાખ ૯૬ હજાર ચુકવાયા હતા એક વર્ષમાં જ અંદાજે ૨૫ ટકાનો વધારો શા માટે ચુકવાયો તે બાબત પણ તપાસનો વિષય બને છે. કાંકરિયા કાર્નિવલની શરૂઆત થઈ તે સમયથી જ તેના હિસાબ માટે અનેક વખત ચર્ચાઓ થઈ છે પરંતુ હજી સુધી કોઈ ચોકકસ હિસાબ જાહેર થયા નથી. મ્યુનિ. પબ્લીસીટી વિભાગ દ્વારા દર વર્ષે રૂા.૪ કરોડનો ખર્ચો થયો હોવાનું જણાવવામાં આવે છે પરંતુ રકમ ક્યાં ચુકવાય છે તેની કોઈ વિગતો હજી જાહેર થઈ નથી. ૨૦૨૨માં કલાકારોને રૂા.૯૧ લાખ ૭૫ હજાર અને ૨૦૨૩માં કલાકારોને જ રૂા.૧ કરોડ ૨૬ લાખ ચુકવાયા હતાં જયારે ૨૦૧૭થી ૨૦૨૩ દરમિયાન (કોરોના કાળને બાદ કરતા) પાંચ કાર્નિવલના આયોજન થયા છે જેમાં કલાકારોને ૩ કરોડ ૩૫ લાખ જેટલી માતબર રકમ ચુકવવામાં આવી છે.

# ઉદ્યોગો સમાજના વિકાસમાં યોગદાન આપવાનું માધ્યમ : રાજ્યપાલ

**(એજન્સી)મરાઠવાડા,**
રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું હતું કે, ગ્લોબલ વૉર્મિંગ અને જલવાયુ પરિવર્તનને કારણે અસહ્ય ગરમી અને અનેક કુદરતી આફતોનો સામનો કરવો પડે છે. પ્રાકૃતિક સંપદાના માનવ સર્જિત ક્ષયને કારણે જ આવી આફતો આવી છે, એટલે પ્રકૃતિને પૂર્વવત્ કરવાની ક્ષમતા પણ મનુષ્ય પાસે જ છે. ઉદ્યોગ સાહસિકોએ પોતાના ઉદ્યોગનો વિકાસ કરતાં કરતાં પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધનની કાળજી પણ લેવી જોઈએ.

મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં મરાઠવાડા એસોસિએશન ઓફ સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એગ્રીકલ્ચર તથા ચેમ્બર ઓફ મરાઠવાડા ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એગ્રીકલ્ચરના સંયુક્ત ઉપક્રમે આયોજિત સમારોહમાં યુવાન ઉદ્યોગ સાહસિકો અને મહિલા ઉદ્યોગ સાહસિકો સાથે સંવાદ કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, ઉદ્યોગ એ નફો રળવાનું સાધન માત્ર નથી, તે સમાજના વિકાસમાં યોગદાન આપવાનું માધ્યમ પણ છે. દેશની પ્રગતિ અને સર્વાંગી વિકાસમાં ઉદ્યોગ સાહસિકોની ભૂમિકા અત્યંત મહત્વની છે. ઉદ્યોગગૃહો લાખો-કરોડો હાથોને કામ આપે છે.

# રાજ્યની તમામ આરટીઓમાં હવે એઆઇ વીડિયો એનાલિસિસ ડ્રાઇવિંગ ટેસ્ટ

**(એજન્સી)ગાંધીનગર,**
ગુજરાત રાજયની દરેક આરટીઓ કચેરીમાં હવે ડ્રાઈવિંગ ટેસ્ટ માટે એઆઈ વીડિયો એનાલિસિસ કરવામાં આવશે. છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં ડ્રાઈવિંગ લાઈસન્સની સમસ્યાને લઈને વારંવાર ટેકનોલોજીની ખામીના કારણે ટેસ્ટ આપનાર નાપાસ થતા હોય તેવું બન્યું હતું.

જેમાં ગ્રાઉન્ડ સેન્સર બેઝડ ટેકનોલોજીનો ઉપયોગ જોઈએ તેટલો સફળકારક નહીં રહેતા હવે વીડિયો અને એનાલિટિક ટેકનોલોજીનો ઉપયોગ કરાશે. હાલ આ ટેકનોલોજીનો ઉપયોગ દિલ્હી, પુણે અને ચંદીગઢ જેવા શહેરોમાં થઈ રહ્યો છે. જેનો હવે ગુજરાતની તમામ આરટીઓ કચેરીમાં અમલ કરાશે. જેના માટે ડ્રાઈવિંગ ટ્રેક પર ૧૮ કેમેરા રહેશે અને તેના પર રિવર્સ મુવમેન્ટ પણ જોઈ શકાશે.

રાજ્યમાં છેલ્લા ઘણાં સમયથી ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ રહેવાના કિસ્સાઓ અવારનવાર સાંભળવા મળે છે. આરટીઓમાં વાહન ટેસ્ટ આપવા આવતાં લોકોને સર્વરમાં ખામીને કારણે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે. હાલમાં ડ્રાઈવિંગ ટેસ્ટ માટે 'ગ્રાઉન્ડ સેન્સર્સ બેઝ્ડ ટેકનોલોજી' ઉપયોગમાં લેવાય છે. પરંતુ હવે 'વીડિયો એનાલિટિક ટેકનોલોજી' ઉપયોગમાં લેવાશે. હાલમાં લોકોને ટેકનોલોજીમાં ખામીને કારણે નાપાસ કરાય છે. ગ્રાઉન્ડ સેન્સર્સ બગડી જાય તો પણ ટ્રેકની કામગીરી બંધ રહેતી હોય છે, ટેસ્ટમાં એન્ટ્રી બાદ અધવચ્ચેથી જ સર્વર બંધ થઈ જતાં નાપાસ ગણી ફરી ટેસ્ટ આપવા બોલાવાય છે.હાલમાં જે ટેકનોલોજી છે તેમાં ફોરવર્ડ ડાયરેક્શનમાં જ જોઈ શકાય છે. રિવર્સ ડાયરેક્શન ડિટેક્ટ થતું નથી, પરંતુ હવે નવી ટેકનોલોજીમાં વ્હિકલની દરેક મૂવમેન્ટ્સ ડિટેક્ટ થશે. હાલ દેશના દિલ્હી, પૂણે, ચંદીગઢ વગેરે જેવા શહેરોમાં આ ટેકનોલોજી કાર્યરત છે.

# વડોદરામાં ૭૦ વર્ષના વૃદ્ધ મહિલાની હથિયારના ઘા મારી હત્યા

**(એજન્સી)વડોદરા,**
વડોદરાની વહેલી સવારમાં લુંટ વિથ હત્યાના બનાવથી ચકચાર મચી ગયો છે. તરસાલી રોડ વિસ્તારની ભાઈલાલ પાર્ક સોસાયટીમાં એક મહિલાની નિર્દયી રીતે હત્યા કરીને લૂંટ ચલાવવામાં આવી છે. લૂંટના ઈરાદે ૭૦ વર્ષના વૃદ્ધા સુખજીત કૌરની ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા કરાઈ છે. હત્યા બાદ ચેન અને કાનની બુટી લૂંટી હત્યારા ફરાર થયા હતા. ત્યારે આ ઘટનાથી પોલીસ કમિશનર સહિતના અધિકારીઓએ દોડતા થયા હતા અને તપાસ હાથ ધરી છે.

મહત્વનું છે રાતના અંધારામાં લૂંટારા સોસાયટીમાં પ્રવેશ્યા હતા. વહેલી પરોઢે આ ઘટના બની હતી. તરસાલી સુસેઈન મેઈન રોડ પર ૭૦ થી ૭૫ વર્ષનું વયોવૃદ્ધ દંપતી એકલું રહે છે. તેમના પરિવારના સદસ્યો બહાર રહે છે.

વહેલી સવારે ઉઠીને આ દંપતીને બહાર બેસવાની આદત હતી. તેના બાદ તેઓ ગુરુદ્વારા જતા હોય છે. પરંતુ ૧૯ મી ના રોજ સવારે ઘરમાં અચાનક લાઈટ જતી રહી હતી. તેથી વૃદ્ધા બહાર નીકળ્યા હતા. સવારે ચાર વાગ્યાની આસપાસ લૂંટારાઓએ ઘરની બહાર લગાવેલા મીટરમાંથી લાઈટ બંધ કરી દીધી હતી. જેથી ગરમીના કારણે વૃદ્ધા ઘરની બહાર નીકળ્યા હતા. જેવા વૃદ્ધા બહાર આવ્યા કે તુરંત જ લૂંટારાઓએ વૃદ્ધા પર હુમલો કર્યો અને હત્યા કર્યા બાદ લૂંટ ચલાવીને ફરાર થયા હતા.

આ બનાવ અંગે મકરપુરા પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓનો સ્ટાફ અને ક્રાઈમ બ્રાન્ચ ટીમ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે ગુનો ઉકેલવા ડોગ સ્ક્વોર્ડ સહિતની ટીમોને કામે લગાવી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓની સાથે સાથે હ્યુજીની ટીમે પણ તપાસ શરૂ કરી હતી. મહિલાના પતિ હરવિંદરસિંહે કહ્યું કે, મને કાને થોડું ઓછું સંભળાય છે. આ ઘટના કયા સમયે બની તેની મને ધ્યાન નથી. હું સવારે ૪.૩૦ થી ૫.૦૦ ની વચ્ચે ઘરની બહાર આવ્યો ત્યારે મેં જોયું તો મારી પત્ની નીચે લોહીથી લથબથ હતી. હું તેને લઈને હોસ્પિટલ ગયો અને પોલીસને જાણ કરી હતી.

વડોદરામાં વૃદ્ધાની લૂંટ વીથ હત્યાનો મામલામાં વડોદરા ક્રાઈમ બ્રાન્ચે બે શખ્સોની અટકાયત કરી છે. બંને શખ્સોની ક્રાઈમ બ્રાન્ચ સઘન પૂછપરછ કરી રહી છે. પોલીસને વૃદ્ધાની હત્યામાં વપરાયેલ ચાકુ પણ મળી આવ્યું છે. વૃદ્ધાના ઘરેથી જ ચાકુ મળી આવ્યું છે.

# વડોદરામાં ૨૪ કલાકમાં હાર્ટ એટેકથી ૧૦ લોકોનાં મોત

**(એજન્સી)વડોદરા,**
કાળઝાળ અને અંગ દઝાડતી આ ગરમીને કારણે ગુજરાતવાસીઓ ગરમીથી પરેશાન છે જોકે તંત્ર દ્વારા પણ ગરમીને લઈને ગાઈડલાઈન જાહેર કરી છે અને બાર થી ત્રણના સમયમાં ઘરની બહાર ન નીકળવાની સલાહ આપી . ઠંડાપીણા અથવા તો ગરમી માટે બચવાના ઉપાયોની પણ તંત્રએ સલાહ આપી છે ત્યારે આવી કાળજાળ ગરમીમાં પણ લોકોને કામ અર્થે બહાર નીકળવું પડતું હોય છે મુસાફરી પણ કરવી પડતી હોય છે અને જેને લીધે ગરમીનો અનુભવ લોકોને થતો હોય છે.

જે પ્રકારે ગરમીનું પ્રમાણ જોતા શહેરો અને ગામડાઓમાં બારથી ચારના સમયમાં રસ્તાઓ સૂમસામ ભાસે છે. આ વચ્ચે વડોદરામાં સ્થિતિ વણસી છે. ગરમીનાં પ્રકોપ વચ્ચે જીજીર હોસ્પિ.સુપ્રિન્ટેન્ડેન્ટનું નિવેદન સામે આવ્યું છે જે ગરમીને લઈ ચોંકાવનારું છે.

ભર ઉનાળે વડોદરામાં ૨૪ કલાકમાં હાર્ટ એટેકથી ૧૦ લોકોનાં મોત થયા હોવાનું સામે આવ્યું છે. મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.રંજન ઐયરની લોકોને અપીલ કરી અને જણાવ્યું કે, વૃદ્ધો અને બાળકો ગરમીમાં બહાર નિકળવાનું ટાળે.

જીન્સ ને બદલે સુતરાઉ અને ખુલ્લાં કપડાં પહેરવાં જણાવ્યું છે. સિનિયર સીટીઝન અને અન્ય બિમારીથી પીડિત લોકોએ સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૩૦ વાગ્યા સુધી બહાર ન નિકળવું તેમ જણાવવામાં આવ્યું છે.